'નરસંડા દર્શન.'

ઇતિહાસ વિભાગ.

વિષય સૂચિ.

વિષય.		પાન.
૧	આવકાર	૧
૨	બે બોલ	૩
૩	મૂળ ગામ કેવીરીતે વસ્યું ?	૫
૪	બા નરસંદિયો	૬
૫	નરસંડા ગામનું ભોગોલિક સ્થાન	
૬	ગામ વહીવટ	
	(૧) નરસા વહીવટ	
	(૨) પોલિસ પટેલ તથા મતદારે ને લગતી હકીકત	
	(૩) સેનેટરી બોર્ડ ને ગામ પંચાયત	
૭	જમીન ટોર વગેરેને લગતી માહિતિ	૧૫
૮	વસ્તી તથા ઘરોની યાદી તથા નોંધ	૧૭
૯	ધંધો રોજગાર	૨૧
	(૧) લગભગ ૫૦૬૨ વર્ષ અગાઉનો ધંધો રોજગાર	
	(૨) [illegible] વર્ષોમાં ધંધો રોજગાર	
	(૩) [illegible] દુકાનો વગેરેને લગતી માહિતિ	

Captured and Explored :-
MEHUL PATEL - GujaratiKanudo@GMail.com
RITESH PATEL - RitNarsanda@GMail.com
Copyright © MEHUL PATEL © 2000-2050

૧૦ જાણવા જેવા બનાવો ૨૭

(૧) તાજીયા કેસ
(૨) તારકેસ.
(૩) અસહકારની ચળવળ.

૧૧ કેળવણી વિષયક સંસ્થાનો. ૩૯

(૧) ગુજરાતી કુમારશાળા
(૨) ઉર્દુશાળા
(૩) અંત્યજશાળા
(૪) કન્યાશાળા
(૫) અંગ્રેજીસ્કુલ
(૬) પુસ્તકાલય.

૧૨ અન્ય સંસ્થાઓ, સ્થાનો, વિ- ૪૯

(૧) વિદ્યાર્થી મિત્રમંડળ.
(૨) દવાખાનું
(૩) પોસ્ટઑફીસ તથા સેવિંગ્સ બૅન્ક
(૪) ચોરો
(૫) સદાવ્રતખાનું તથા ધર્મશાળા.
(૬) પરબડી
(૭) તળાવ, કૂવા વગેરે
(૮) પરબો
(૯) સ્મશાનભૂમિ.

૧૩ દેવ મંદિરો ૫૯

(૧) શ્રી રણછોડરાયજીનું મંદિર
(૨) શ્રી સ્વામિનારાયણનું મંદિર
(૩) શ્રી [illegible] મહાદેવનું મંદિર

(૪) સતીનું દહેરું
(૫) શ્રી ચતુર્ભુજનું મંદિર
(૬) વેરાઈ માતાનું દહેરું
(૭) બુનુ મહાદેવનું દહેરું
(૮) બળિયાદેવનું દહેરું
(૯) શ્રી વૈજનાથનું દહેરું
(૧૦) ક્ષેમકલ્યાણી માતાનું દહેરું
(૧૧) બહુચરાજી માતાનું દહેરું
(૧૨) ખોડિયાર માતાનું દહેરું
(૧૩) શ્રી હરિ મંદિર
(૧૪) જૈન દેરાસર
(૧૫) મસ્જીદ

૧૪ ધાર્મિક પંથો ૬૪

૧૫ રમત ગમતો ઇ. ૬૬

૧૬ દરેક કોમને લગતી સામાન્ય હકીકત ૬૮

(૧) પાટીદાર
(૨) બ્રાહ્મણ
(૩) વણિજ વર્ગ
(૪) ગોસાઈ
(૫) મુસલમાન
(૬) ક્ષત્રિય વર્ગ
(૭) હરિજન વર્ગ
(૮) અન્ય નાની કોમોને લગતી ટૂંક નોંધ

૧૭ સામાન્ય અવલોકન ૭૭

(૧) આર્થિક સ્થિતિ
(૨) સામાજિક સુધારા પ્રવૃત્તિ
(૩) કેળવણીનુ ધોરણ
(૪) રાષ્ટ્રિય જાગૃત્તિ
(૫) સૃષ્ટિ સૌંદર્ય
(૬) ગામનું આરોગ્ય

Copyright © MEHUL PATEL © 2000-2050

૧૮ સ્કૉલરશીપને લગતીનોંધ તથા યાદિ. ૮૪
૧૯ ગામમાં કુચ્ચ કેળવણી પામેલાં બાઇબ્હેનોની યાદિ ૮૬
(૧) ગ્રેજ્યુએટો વગેરે
(૨) અંદર ગ્રેજ્યુએટ, મેટ્રીકયુલેટ વગેરે
(૩) ફ્રોઇબલની પદીક્ષા પાસ કરનારની યાદિ.
૨૦ ધંધાર્થે બહાર ગયેલા બાઇઓની યાદિ. ૯૦
૨૧ સાર્વજનિક સંસ્થાઓની મિલકતની માહિતિ દર્શાવતાં પત્રકોઃ—
(૧) સદાવ્રતખાનું તથા ધર્મશાળાની મિલકત
(૨) શ્રી પાળેશ્વર મહાદેવની મિલકત
(૩) પરબડીની મિલકત
(૪) શ્રી ચતુર્ભુજના મંદિરની મિલકત
(૫) શ્રી સ્વામિનારાયણના મંદિરની મિલકત
(૬) મસ્જીદની મિલકત.
૨૨ લાયબ્રેરીના ફંડમાં વૈસાઅરનારની યાદિ ૯૮
૨૩ ફંડમાં પૈસા ભરનારની યાદી ૯૯
૨૪ પુસ્તકમાંમૂકેલા ફોટાઓની યાદી પાન
(૧) તળાવ અને મહાદેવનું દૃશ્ય ૧
(૨) રા. બા. દાદાભાઇ મથુરભાઈ ૧૩
(૩) ગામપંચાયત (ચાલુ) ૧૪
(૪) રા. રા. મણેકલાલ બેચરદાસ દવે ૪૦
(૫) સ્વ. મંછાબાઈ કન્યાશાળા ૪૧
(૬) સ્કુલ કમિટિ ૪૪
(૭) શ્ર. પા. કૃષ્ણશંકર બાપુજી તથા રા. વિઠ્ઠલભાઈ ગોવિંદભાઈ પટેલ ૪૬
(૮) નાની ધર્મશાળા ૪૭
(૯) શ્રી સ્વામિનારાયણદેવનું મંદિર ૪૯
(૧૦) ધર્મશાળા ૫૨
(૧૧) રા. બા. ભાઈલાલભાઇ મથુરદાસ ૫૩
(૧૨) લાયબ્રેરી ૫૬
(૧૩) મસ્જીદ ૫૭

जननीजन्मभूमिश्च स्वर्गादपि गरियसी ।

'નરસંડા' દર્શન

ઈતિહાસ વિભાગ.

ભૂળ ગામ કેવી રીતે વસ્યું ?

સેંકડો વર્ષ અગાઉ નરસંડા ને નરસંડાની આજુબાજુનો પ્રદેશ * નળ નામના રાજાને તાબે હતો. નડિયાદ જેનું તે સમયમાં અરસલ નામ નગરીનાબાદ હતું, ત્યાં આ રાજાની રાજધાની હતી. એના હાથી, ઘોડા, ચિત્તા, વગેરે રાજદરબારનાં પશુ પ્રાણીઓ નરસંડા ગામના પ્રદેશમાં ભમાતાં. આ નળ નામના રાજાના નામ પરથી ગામનું નામ નરસંડા (નળ, નાળ નો અપભ્રંશ થવાથી) પડ્યું.

સંવત ૫૦૨ના અરસામાં ભૂળ ગામ વસ્યું એમ કહેવાય છે. તે સમયે ગામમાં ફક્ત સાત ઘર હતાં. એક ઘર રબારી નરસિંહનું; બીજું, કણબી મઢિયાનું; ત્રીજું, રજપુત મકવાણા રાયમલનું; ચોથું, બ્રાહ્મણ જીવરામનું; પાંચમું, તપોધન ધનાનું; છઠ્ઠું, ભોદરવાણ બ્રાહ્મણ ઉકાનું; ને સાતમું વાણંદ કાનારામનું. રબારી નરસિંહના નામ પરથી ગામનું નામ નરસંડા પડ્યું એવું સાંભળવામાં આવે છે પણ

* નળ રાજાની કથામાંના નળ સાથે આ નામને સંબંધ ન રહી શકે.

Copyrights © MEHUL PATEL ® 2000-2050

૧૦ એ કથનને વહીવંચાને ચોપડાથી ટેકો મળતો નથી. ઉપરનાં મૂળ સાત ઘરમાંથી કોઈનો વંશજ અત્યારે સુખી કહ્યાતિમાં છે કે કેમ તે પ્રશ્ન છે. પરંતુ, હાલના પુરુષોત્તમ ભાઈશંકર દવેના (ચોસા ખેડાવાળ બ્રાહ્મણ) પૂર્વજો તથા પંડ્યા હરિભાઈ નરભેરામના પૂર્વજો ગામના પ્રથમ મૂળ વતનીઓ હતા એમ કહેવાય છે. એટલે સાત ઘરમાંથી અનુક્રમે ખેડાવાળ બ્રાહ્મણ ઉકા તથા બ્રાહ્મણ જીવરામ, એ બન્ને ઘરથી

૧૧ તે ઉતરી આવ્યા હોવ એમ સંભવિત છે.

આ સાત ઘરનું નાનકડું ગામ વ્યવસ્થિત સ્વરૂપમાં તો સંવત ૧૨૨૪ પછીજ આવ્યું કહી શકાય. કારણકે હાલ ગામમાં પાટીદારોની વસ્તી મુખ્ય છે; અને, ગામના પાટીદારોના મૂળ પુરુષ કરમશા પટેલ સંવત ૧૨૨૮ના અઢાવદી ૨૨ ને મંગળવારના દિને નરસંડામાં આવ્યા ને કાયમનો વસવાટ કર્યો. (પાટીદારો કેવી રીતે કયાંથી આવ્યા તેની સવિસ્તાર નોંધ "દરેક જ્ઞાતિ વિષે સામાન્ય હકીકત" એ પ્રકરણમાં આપેલી છે) કરમશી પટેલ અઢારજ્ઞાતિ નીકળી પંડોળી

૧૨ જઈ ત્યાંથી નરસંડા આવી વસેલા. તેમના ત્રણ ભાઈ માળવા દાહુલીખેડા વગેરે જુદે જુદે સ્થળે જઈ વસ્યા. પાછળથી, તેઓએ ધંધાનુસાર તેમજ સ્થિતિ અનુસાર મુકાઈત મહેતા તથા દેસાઈ એવી અટકો ધારણ કરી.

આમ, ગામના પાટીદારોની વસ્તી (અમુક ઘર બાદ કરતાં) સીધી કરમશી પટેલ પરથી ઉતરી આવે છે.

કરમશી પટેલની (સંવત ૧૨૨૪) **છઠ્ઠી પેઢીએ કાકા ને ભા** થયા. ત્યાં સુધી એક એક પુત્રથીજ કરમશી પટેલનો વંશ આગળ ચલ્યો. હાલ નરસંડા ગામનાં ભાપાટી ને કાકાપાટીના પાટીદારોની વસ્તી ભા ને કાકા એ બે ભાઈઓ પરથીજ ઉતરી આવેલી છે. લક્ષ્મીદાસ ઉર્ફે કાકાના વંશજો કાકાપાટીના નામે ઓળખાય છે

૧૩ જ્યારે નારાયણદાસ ઉર્ફે ભાના વંશજો ભાપાટીના નામે ઓળખાય છે. ગામના આ મૂળ પાટીદારો ઉપરાંત, કેટલાંક પાટીદાર કુટુંબો પાછળથી આવીને વસેલાં છે. ધનજીભાઈની અટકીના મૂળ પુરુષ જીભાઈ સંવત ૧૬૯૦માં કીંજવાડાથી આવીને નરસંડામાં વસ્યા. ભીમ કરીયાના મૂળપુરુષ પૂંજાભાઈ અકલાચાથી પણ તેજ અરસામાં

આવીને વસ્યા. (હાલ એ બંનેની, તેમના સિવાય નવમી પેઢી ચાલે છે) રુડજી ખડકીના મૂળ પુરુષ જેગાભાઇ સં ૧૭૦૩માં ગામ સલુણથી આવી વસ્યા. ભા ને કાકાની હાલ દશમી પેઢી ચાલે છે. આમ, ગણતરી કરતાં ભા ને કાકા લગભગ સંવત ૧૬૫૦ના અરસામાં થઇ ગયા કહી શકાય. એટલે, ઉપર જણાવેલાં કુટુંબો ભા ને કાકાના સમયમાં અથવા તો તેમના પછીની પેઢીએ આવેલાં હશે એમ માની શકાય. નડિઆદથી આવી વસેલું કુટુંબ પણ સગાઇ સંબંધને આધારે પાછળથી આવેલું. (એની માહિતિ જ્ઞાતિવાર હકીકતના પ્રકરણમાં આપી છે) આ કુટુંબો ઉપરાંત, પીજ, ચાંગા, ધુંટલી વગેરે સ્થળેથી કેટલીયે પેઢીઓ થયા કેટલાંક ઘર આવીને ગામમાને માટે વસેલાં છે પણ એમની સવિસ્તાર ઐતિહાસ માહિતિ મળી શકી નથી.

(અન્ય કોમોને લગતી માહિતિ માટે દરેક કોમને લગતી સામાન્ય હકીકત એ પ્રકરણ જુઓ)

કાકા ને ભા એ બે ભાઇઓની કીર્તિ ને પ્રતિષ્ઠાની સુગંધ ચારે દિશામાં પ્રસરતી. કાકાની ચતુરાઇ નિર્વિવાદ છે. ભાને લગતી રોમાંચક ને શૂરાતનભરી વાતો ને દંતકથાઓ વહીવંચાના ચોપડા પરથી તેમજ લોકોના મુખેથી મળી આવે છે. એમાંથી થોડીક કુંક નોંધ અહીં આપવી અયોગ્ય નહિ ગણાય.

૪

ભા નરસંડિયો

ભાનું મૂળ નામ નારાયણદાસ. પણ, એની ઓલાદજલાલી, દબદબો ને ઉદારતા જાણું વિશાળ હિંમત જોઈ આજુબાજુના પ્રદેશમાં એ ભા ને નામેજ ઓળખાતા. નરસંડાનું વિશાળ બાંકુ તળાવ ભાએ બોદાવ્યું એની બે બાજુ ફરતી મજબુત પાળની પાળ ને વિશાળ ઓવારા બંધાવ્યા. તળાવની લગભગ મધ્યમાં સુશોભિત ને સુંદર કળામય બાંધણીનું કીર્તિસ્થંભ મહાદેવ બંધાવ્યું.

સુના જમાનામાં જાત્રાનું મહત્વ ઘણુંજ ભારે મનાતું. વળી આધુનિક યાંત્રિક વાહનોના અભાવે એકઠો ગાડાની મુસાફરી પગે ચાલીને તેમજ ગાઢ ગાઢાં ભારકૂતે કરવામાં આવતી. ભાએ સંઘ કાઢી સોમનાથ પાટણની યાત્રા કરી. સોમનાથ મહાદેવની જગાખારી

Copyrights © MEHUL PATEL ® 2000-2050

કરી. વળી પુણ્યપ્રાપ્ત કાશીનો સંઘ કાઢ્યો, રસ્તામાં ગરીબ બ્રાહ્મણની પાંચ કન્યાઓને ઉદાર દીલ કાળવી કન્યાદાન આપ્યું. કુબેરભંડારીની જેમ પાનના બેગમાં કાશીમાં સોનાની મહોરો દક્ષિણામાં આપી ને મહાદેવનું દહેરું બંધાવી આપ્યું.

પરદેશના હરકોઈ યાત્રાળુ પાસેથી, માર્ગમાં આવતા જુદાજુદા પ્રદેશના સૂબાઓ દાણ (કર) લેતા. રાજાને શોભે એવો ભાનો બાપો, પ્રભાવ વાળી વ્યક્તિત્વ વગેરે સદ્‌ગુણો જોઈ કાશી જતાં, રસ્તે આવતા પ્રદેશોના કેટલાક સૂબાઓએ એની ૫૦૦ ગાડીનું દાણ માફ કર્યું. વળી કહે છે કે, આબાનો કુમાસદાર સુરત થઈને નરસંડા-ના પ્રદેશની નજીકમાંથી પસાર થયો ત્યારે ભાએ રાજાને શોભે એવી એની પરોણાગત કરી. કુમાસદાર ભાની ઉદારતા ને પ્રભાવ જોઈ આશ્ચર્યમુગ્ધ બન્યો. જ્યારે એ સૂબો થયો ત્યારે, તેણે પોતાના દરબારમાં ભાને નોતર્યો. દબદબાથી એનું સ્વાગત કર્યું, એની આહસો ગાડીનું દાણ માફ કર્યું. જ્યા દીઠ લેવાતા કરના રૂપિયા ૮ માફ કર્યા. તદુપરાંત, સોનેરી સાજમાં ઘોડો, સોનાનાં કડાં, વગેરે કિંમતી બક્ષિસો આપી વિદાયગીરી દીધી.

ભાની કીર્તિનાં ગુણગાન ચારે દિશામાં સંભળાતાં; એનો આંખો જ્યાલ નીચેની કથા પરથી સહજ સમજી શકાય છે.

કોઈ એક ગામમાં રાત્રે મહફલની હુકડી દાવ બેલી રહી હતી. ગામના બાલુસોની ઠઠ જામી હતી. ઉસ્તાદ મહફલ ઉંચા ગગન ચુંબી વાંસ પર ચડી ઝૂલતો હતો. નીચેથી બીજા મહફે સાદ કર્યો' 'અલ્યા ગગનમાં ચઢીને કોઇને દેખાઇ બારોકો?' મહફે હોંકારો દીધો ને બોલ્યો: 'કે દેખું છ ભલા બાપા ભા નરસડિયાને!' ભાના નોકરો બાલમાંથી ઘડિનાં ગાડાં ભરીને ગામ બહારો પાછા વળતા હતા. ભાની જય સાંભળી આનંદમાં આવી જઈ નોકરોએ ઘડિનાં ગાડાં મહફલની આગળ ઠાલવી દીધાં. બાદ એને બાકી ગાડાં લઇ ઘેર આવ્યા. નોકરોએ બધીતિ સુધીની વાત ભાને કહી. ભા ગંભીર વદને બોલી ઉઠ્યા, "મુર્ખાઓ, ઘડિ આપીને તો આવ્યા પણ બે બિચારા ઉંચકી જશે શેહે! જાઓ, બાકી ગાડાં પણ દેતા આવો" સમયના પોકારો સાથે વાતમાં કાંઈક અતિશયોક્તિ આવી જવાનો સંભવ છે. પણ આ ઉપરથી ભાની ઉદારતાનું અજોડ માપ નીકળે છે.

નરસંડા ગામનો પાટીદાર એના વડીલો ભા ને કાકાને ગળગરીથી યાદ કરે છે ને કરશે. **કાકાની ચતુરાઈ, ભાની ઉદારતા ને પ્રભાવ** એના વંશજોમાં પણ સદાયે જળવાઈ રહે એમ આપણે જરુર ઇચ્છીશું.

૫

નરસંડા ગામનું ભૌગોલિક સ્થાન.

નરસંડા ગામ બેડા જિલ્લાના નડિયાદ તાલુકામાં આવેલું છે. તેની પુર્વે બોરીઆવી રેલ્વે સ્ટેશન દોઢ માઈલને અંતરે આવેલું છે, પશ્ચિમે ગાયકવાડી રાજ્યનું ગામ બામણોલી દોઢ માઈલને અંતરે છે; ઉત્તરે નડિયાદ ચાર માઈલને અંતરે છે; વળી, ઈગ્રીશ ખુણે ઉત્તરસંડા રેલ્વેસ્ટેશન લગભગ બે માઈલને અંતરે છે. દક્ષિણે, વડતાલ સ્વામીનારાયણનું રેલ્વે સ્ટેશન દોઢ માઈલને અંતરે છે, આણંદ જંકશન, દક્ષિણે, પાંચથી છ માઈલને અંતરે છે. આ નજદિકનાં રેલ્વે સ્ટેશનો ઉપરાંત, ફકત એકજ માઈલને અંતરે, બોરીઆવી ને ઉત્તરસંડા રેલ્વે સ્ટેશનોની વચ્ચે માઈલ નં. ૨૭૫ પર નવું ફ્લેગ સ્ટેશન છેલ્લા એકાદ વર્ષથી રેલ્વેકંપનીએ શરુ કર્યું છે. સદર સ્ટેશન પર મોટા ભાગનો ધસારો નરસંડા ગામનો છે.

આ પ્રમાણે નરસંડા ગામની ચોતરફ એકાદ બે માઈલ જેવા અંતરે ચાર પાંચ રેલ્વેસ્ટેશનો આવેલાં છે. તદુપરાંત, નડિયાદ જેવું ઐતિહાસિક ને વેપારી શહેર તેમજ આણંદ જેવું કેળવણીવિષયક સંસ્થાઓ વાળું ગામ નજદિકમાંજ આવેલાં છે; આમ નરસંડા ગામનું ભૌગોલિક સ્થાન અગત્યનાં સ્થળોની નજદિકમાંજ છે.

કોર્ટ કચેરી વગેરે જિલ્લાની સરકારી ઓફીસો નડિયાદમાં હોવાથી તેને લગતાં સઘળાં કાર્ય માટે ગામના લોકોને ઘણીજ સરળતા થઈ પડે છે. વળી, નડીઆદ આણંદની પ્રખ્યાત મિશન હોસ્પીટલો, બોરીઆવી સ્ટેશન સામે આવેલાં વૈદ્ય રેવાશંકરનાં તથા ડો. મણુભાઈનાં દવાખાનાના તથા વડતાલ જતી રેલ્વે સડક નજીક આવેલું ડો. વાડીઆનું દવાખાનું વગેરેનો લાભ મોટા અંતરને લીધે નરસંડાની જનતાને જલદીથી ને સરળતાથી સાંપડે છે.

Copyright © MEHUL PATEL ® 2000-2050

નરસંડા ગામથી તે બોરીઆવી રેલ્વેસ્ટેશન સુધી પાકો રેલ્વેપરનો લોકલ બોર્ડ તરફથી બાંધવામાં આવ્યો છે. તેથી માણસોને તેમજ ગાડાંને આવવા જવા માટે ઘણીજ સરળતા પડે છે. ઉત્તરસંડા જવાના રસ્તા પર, તળાવનું પાણી ભરાઇ જતાં આવવા જવાનો ઘણીજ અગવડ પડતી હતી છેલ્લાં બાર પાંચ વર્ષ થયાં, જુના રસ્તાની બેઉ બાજુથી ઉંચો નવો રસ્તો બાંધવામાં આવ્યો છે. હવે ચોમેર સારો રસ્તો પડેલો હોવાથી એ મુશ્કેલી દૂર થઇ છે.

૬
ગામવહીવટ

(૧) નરવા વહીવટ.

ગામ વસે તે સમયે વસનારના નિર્વાહ માટે સરકારે આપેલી જમીન નરવાની (નિર્વાહની) જમીન ગણાય છે. ગામના મુખ્ય ને પછી વસનારને ગોઠવણમાં આવી હશે. સદર જમીનનો નરવા વહીવટ હાલમાં ચાલુ છે. નવા રેવન્યુ સર્વે પ્રમાણે આશરે એકર ૨૬૮ ગુંઠા ૨૧ જેટલી જમીન નરવાની છે. ભાગાટી ને કાકાભાટીના નરવાદાર પટેલો. સદર જમીનના અડધે હિસ્સે ભાગીદાર છે અને સદર દરેક પાટીના પાંચ પાંચ નરવાદારોમાં આ જમીન વહેંચી દેવામાં આવી છે. ગામતળીયું નરવાનું ઢોર પોતાને હિસ્સે આવેલી નરવા જમીનમાં દરેક મુખ્ય નરવાદારે રહેવા માટે ઘરો બાંધ્યાં. વર્ષો જતાં હિસ્સા પડતાં નરવા જમીનના અડધે ભેગા ભાગીદારો થાય છે.

કેટલાક નરવાદાર પટેલોએ બહારે ગામથી આવીને વસેલા અન્ય પાટીદારોને પોતાની નરવાની જમીનમાંથી કેટલોક ભાગ વસવા માટે આપેલો છે. તે લોકો સદર જમીનમાં ઘર બાંધીને રહ્યા છે. ને પોતાના હિસ્સે સરકાર ભરતાના જે રૂપિયા આવે છે તે ભરે છે. દાખલાત, ગામના સમસ્ત નરવાદાર પટેલોએ ભેગા મળી, રાવ સીંધા, રબારી, કોળી, બારોટ વગેરે કોમોને ઘરો બાંધવા તેમજ વસવાટ કરવા માટે નરવાની જમીન આપેલી છે. તેના બદલામાં તથા તેઓના ઢોર ચોમાસા ચારો ચરે તે પેટે તેઓના ઘેટાં બકરાં ગાયો, વગેરે-ઢોરોનું બારસ, મનુષ્યોનો અડધો હિસ્સો કાપતાં નરવાદારો

દર વરસે લે છે. ઘેટાં બકરાં ગાયો વગેરે તેઓનાં ઢોર ગામની સીમનો ભોગવટો કરે નહિ તે ઉપરાંત જરૂર પડયે તે શ્રી લોકો નરવાદાર પટેલોની ચાકરી કરે એમ પણ ઠરાવેલું છે નરવાદાર પટેલો પોતાને હિસ્સે આવેલો બાલસરો અડધો ભાગ ધર્મશાળામાં ધર્માદા બાંધી અર્પણ કરે છે. આ ઉપરાંત વાણિયા, સુતાર, વાળંદ, કોળી, કુંભાર વહોરા વાંસી વગેરે કોમોને પણ વસવાટ માટે નરવાની જમીન આપેલી તેના બદલામાં નરવાદાર પટેલોની ચાકરી કરવાનું ઠરાવેલું છે.

નરવાદાર પટેલો તેમજ ગામના મતાદારોનો ઉપર જણાવેલા વસવાટ પર શો હકક તે સને ૧૮૨૫-૨૬ની કલમ બંધીમાં વિગત વાર દર્શાવ્યું છે.

નરવાની જમીનનો વહીવટ, એની વેચાણ ગીરો વગેરે બાબતિ સદર કલમ બંધીમાં તથા નરવાના વહીવટ નામામાં વિગતવાર આપેલી છે. એમાં જણાવ્યા પ્રમાણે નરવાની જમીન ટુકડા પાડી વેચી શકાય નહિ અને વેચાણ કરે તો આખાયે હિસ્સો એકી સાથે બીજા નરવાદારને વેચી શકાય. નરવાની જમીન વેચાણ થાય, તો ખરીદનાર વ્યક્તિના ખાતે તે જમીન નોંધાતી નથી. નરવાનો આખોય હિસ્સો બીજા નવરાદારને વેચી દેવામાં આવે તોજ ખરીદનાર નરવાદારના ખાતે જમીન નોંધાય. વેચાણ ગીરો હકક સંબંધી વધુ સ્પષ્ટીકરણ સને ૧૮૬૨ના એકટ ૫ ની કલમ ૩ માં આપેલું છે.

ગામ તળીયાની જમીન નરવાની છે. નરવાદારોએ તેમાં ઘરો બાંધેલાં છે. તથા કેટલીક પોતાના ઉપયોગ માટે પડતર રાખી છે. ગામના રસ્તાઓનો, નરવાની જમીનમાં સમાવેશ થતો હોઈ, તેની માલિકી પણ નરવાદારોની છે, પણ કાયદે વેચાણ વગેરે બેસરીતિ માટે નરવાદારોમાં માંહે માંહે ઝગડો થવા ન પામે તે હેતુથી રસ્તાઓનો વહીવટ નરવાદારોએ સરકારને સોંપેલો છે. રસ્તાઓ પરનાં ઝાડ વગેરે નરવાદારોની માલિકીના છે.

ગામનો ચોરો નરવાની જમીનમાં આવેલો હોઈ તેમજ નરવાદારોએ બાંધેલો હોઈ તેની પર નરવાદારોનો હકક છે. સદર

Copyrights © MEHUL PATEL ® 2000-2050

ચોરાના બાંધકામ માટે ચોરાક વર્ષ પર તુમાર ચાલેલો. ચોરો ગામ તળ ગોટલે નરવાની જમીનમાં બાંધેલો હોવાથી ગામ લોકોને તેનો ઉપયોગ કરવાનો હક છે એવું ઠરાવવામાં આવ્યું છે. પરંતુ, ચોરો ગામ લોકોએજ બાંધાવેલો તેવા દસ્તાવેજી પુરાવા નહિ હોવાથી તથા ચોરાનું સમારકામ વગેરે સરકાર કરતી હોવાથી ચોરાના મકાન પર ગામ લોકોનો સંપૂર્ણ હક મંજુર કરવામાં આવ્યો નથી. ગામનું પંચ ભેગું કરવા માટે, મતનૈયાના ઉતારા માટે વગેરે ગામના કાર્ય માટે ચોરાનો ઉપયોગ કરવાનો નરવાદારોનો હક કાયમ છે.

(૨) પોલિસ પટેલ તથા મતાદારોને લગતી હકીકત.

ગામના સરકારી વહીવટ માટે તેમજ ગામ લોકોની ફરિયાદો સાંભળી આગળ રિપોર્ટ કરવા માટે પોલિસ પટેલ (મુખી) ની નિમણુંક દર પાંચ વર્ષે કરવામાં આવે છે. મહેસુલ વગેરે ઉઘરાણીનું કાર્ય તલાટીને હસ્તક હોય છે. તદુપરાંત, સરદ ગોટીસરોના હાથ નીચે ચાર સાવલિયા છે.

ગામ નરવાદાર પટેલોનું હોઈ ગામનો વહીવટ પણ તેઓના હસ્તક છે. અગાઉ મુખીપણાનો હક્ક નરવાદારો વચ્ચે વહેંચી દેવામાં આવ્યો નહોતો. પરંતુ, સઘળા નરવાદારોની સંમતિથી મુખીપણાની જવાબદારી એકજ જણના શિરે મુકાયેલી હતી અને સદર જવાબદારીમાં ગામના અન્ય આગેવાન નરવાદારો માથું મારવાનું ઉચિત ધારતા નહિ; કારણ કે હરકોઈ બાબતનું કાર્ય પરસ્પર સલાહ અનુસાર થતું. પરંતુ, મુખીપણાનો હક્ક એકજ કુટુંબને વંશપરંપરાગત કબજે રહેતો એ નરવાદારને બોધ લાગ્યું નહિ. તેથી, લગભગ આજથી સો તેર વર્ષ પર ગમે ૧૮૨૯ના અરસામાં મુખી પણાનો વંશપરંપરાગત હક્ક તે સમયે મુખીપણાની જવાબદારી ઉપાડતા પા. સાંકરભાઈ ભોજભાઇ પાસેથી હક ગામના દુસ્તા નરવાદાર પટેલો વચ્ચે વહેંચી દેવામા આવ્યો. સદ્દહ્યાતમાં મુખીપણાની મુદત પણ વર્ષની ઠરાવેલી હતી પરંતુ પાછળથી તે વર્ષ વધારીને વર્ષ ૫ ની ઠરાવેલી છે જે હકીકે વાહ છે.

દરેક મુખ્ય મતાદાર (મુખી પણાનો હક્ક ધરાવનાર) ના પેટા મતાદારો આવેલા છે. દશ મુખ્ય મતાદારો તથા પેટા મતાદારોને સરકાર તરફથી ઇનામની રકમ નકકી કરેલી છે. દર વર્ષે અપાતી આ રકમ ઘણીજ ઓછી છે પણ તે વંશપરંપરાગતનો મતાદાર પણાનો હક્ક દર્શાવે છે.

હાલના મુખ્ય મતાદારો તથા દરેક મુખ્ય મતાદારના પેટા મતાદારોની નામાવલી તેમને મળતી વાર્ષિક ઇનામની રકમ સાથે નીચે પ્રમાણે છે:-

ભા પાટી

		દા. આ. પા.
૧	પા. ગોકળભાઈ બેચરભાઇ-મુખ્ય મતાદાર -પેટા મતાદાર નથી-	૧૧- ૪-૭
૨	પા. ડાહ્યાભાઇ મથુરભાઇ-મુખ્યમતાદાર	૭-૧૪-૪
	પા. શિવાભાઇ હેસાઈભાઇ } પેટા મતાદાર	૫-૧૦-૪
	પા. હકીરભાઈ બાપુજી }	૨-૧૪-૧
૩	પા. મોતીભાઇ કુબેરભાઇ-મુખ્યમતાદાર	૭- ૮-૪
	પા. રણછોડભાઈ લલ્લુભાઈ-પેટામતાદાર	૬-૧૨-૪
૪	પા. બાલાજી ગોકળભાઇ-મુખ્યમતાદાર	૬-૧૨-૪
	પા. જીવાભાઇ બેચરભાઇ } પેટા-મતાદાર	૩-૧૨-૩
	પા. રણછોડભાઈ પુંજાભાઇ }	૩-૧૨-૩
૫	પા. હરમાનભાઈ શ્રીધરભાઇ-મુખ્યમતાદાર	૩-૧૨-૨
	પા. કુબેરભાઇ બેચરભાઇ	૨- ૦-૨
	પા. નાનાભાઇ ધોરિભાઈ } પેટા-મતાદાર	
	(મહમદ પુરાના) }	૧- ૮-૧
		કુલ ૬૩- ૬-૨

Copyright © MEHUL PATEL ® 2000-2050

કાચા પાટી

૧	પા. નારણભાઈ હરમાનભાઈ-મુખ્યમતાદાર પા. પોપટભાઈ કુંભાર્ડ-પેટામતાદાર	૫-૧૦-૪ ૫-૧૦-૪
૨	પા. અંબારામ રૂપજીભાઈ-મુખ્યમતાદાર ગં-રૂપ. લખીબા, જીજીબાઇ-પેટામતાદાર બાકીની વિધવા	૧૬- ૯-૪ ૩-૧૨-૨
૩	પા. રણછોડભાઈ કેશવજીભાઈ મુખ્યમતાદાર પા. પોપટભાઈ ધર્મદાસ-પેટામતાદાર	૫-૧૦-૩ ૫-૧૦-૩
૪	પા. ઉકાભાઈ બાવાજી-મુખ્યમતાદાર પા. પ્રભુદાસ ખુશાલભાઈ પા. દલાઈભાઈ રણછોડભાઈ } પેટામતાદાર	૫-૧૦-૩ ૨-૧૩-૨ ૨-૧૩-૨
૫	પા. રાજારામ હિંમતભાઈ-મુખ્યમતાદાર પા. દેસાઈભાઈ મનજીભાઈ પા. મણુભાઈ નારણદાસ હાલ મળિયા ચકલા } પેટામતાદાર	૪- ૩-૬ ૨-૧૩ ૨ ૪- ૩-૬

કુલ. ૫૧-૬-૧૦

આમ, દસ મુખ્ય મતાદાર ને ચૌદ પેટા મતાદાર મળીને મતાદારોની સંખ્યા ૨૪ ની છે.

પોલિસ પટેલને દર વર્ષે નીચે પ્રમાણેની રકમ સરકાર તરફથી મળે છે.

રૂ. ૧૪૬-૦-૦ પગાર
રૂ. ૪૬-૦-૦ ચોરા ખર્ચ
રૂ. ૮-૦-૦ હોકલ ફંડ

રૂ. ૨૦૦-૦-૦

Copyright © MEHUL PATEL © 2000-2050

:: ગામના આગેવાન સદ્‌ગૃહસ્થ ::

રા રા. પા. કાલ્યાભાઇ મથુરભાઇ
ગ્રામપંચાયતના સરપંચ
ને
બેા ડી. સેા. બોર્ડના સભ્ય.

આશ્રમ પ્રેસ

સરકાર તરફથી હવનપૂજા વગેરેના ખર્ચ માટે રકમ મળે છે તેા-

રૂા.	૨-૪-૦	શેઠ કાલાભાઇ કિરપારામને.
રૂા.	૧-૪-૦	શ્રી ચતુર્ભુજના મંદિરમાં
રૂા.	૧૧-૦-૦	પેાલિસ પટેલને હવન પૂજા માટે
રૂા.	૧૬-૮-૦	

આમ, ગામનેા સરકારી વહીવટ ગામના મુખ્ય મતાદારેાને હસ્તક આવેલેા છે. ગામનેા અન્ય વહીવટ, ગામનાં સાર્વજનિક કાર્યો તેમજ દેારવણીનાં કાર્યો અન્ય આગેવાન ગૃહસ્થેાની સંમતિથી થાય છે.

ગામની સીમમાં પાકનું રક્ષણ કરવા માટે તેમજ ગામને રક્ષણાર્થે રખા પ્રતિવર્ષે રાખવામાં આવે છે. અગાઉના વખતમાં, દરેક ખેડુત પેાતાના ખેતરમાં રાત્રે વાસેા જાય એટલે રખાની જરૂર જણાતી નહિ. પરંતુ, ધીમે ધીમે વાસેા જવાનું ઓછું થઈ જવાથી ખેતીના પાકને બદમાશેા તરફથી ઘણું નુકશાન થવા લાગ્યું. આ સ્થિતિ ધ્યાનમાં લઈ ગામ તરફથી રખા રાકવાની પ્રથા પડી. ખેડુતેાની આળસને લીધે આ ખર્ચ એમને માથે પડવું ગામના ખેડુતેાને માટે આ સ્થિતિ કરિછવા યેાગ્ય નથી રખાઓનું ખર્ચ ખેડુતેાને માથે પડે તદુપરાંત રખાઓનેા જડ કાયમી થઈ જાય એ ખેડુતેાના આળસ ને નિર્બળતાજ સૂચવે છે. ચાલુ વર્ષે રખા રાખવાની હીલચાલ બંધ પડી હેાય એમ જણાય છે.

(૩) સેનેટરી બોર્ડ ને ગ્રામપંચાયત.

ગામમાં સ્વચ્છતાનું કાર્ય નિયમિત થાય તેમજ સાર્વજનિક ઉપયેાગમા આવે એવાં સ્થળ ને રસ્તાઓ સારીસ્થિતિમાં રહે એ હેતુથી સરકારે આજથી લગભગ ૨૦ વર્ષ પહેલાં એટલે લગભગ સને ૧૯૧૬ માં સેનેટરી બોર્ડ સને ૧૯૩૫ સુધી ચાલુ રહ્યું પછીથી મુંબઇ મંજાકાના વીલેજ પંચાયતના કાયદા અનુસાર નરસંડામાં ગ્રામ પંચાયતના કાયદા અનુસાર નરસંડામાં ગ્રામપંચાયત રાઇ

Copyrights © MEHUL PATEL ® 2000-2050

કરવાનું ફરાવવામાં આવ્યું. તદનુસાર, સને ૧૯૬૫ના નવેમ્બરમાં ગ્રામપંચાયતના મેમ્બરોની ચુંટણી કરવામાં આવી આમ સેનેટરી બોર્ડનો વહીવટ ગ્રામપંચાયતને હસ્તક આવ્યો. ગામની સ્વચ્છતા સાર્વજનિક સ્થળો તેમજ રસ્તાઓનું સમારકામ, ગામનું અજવાળું સફાઈ જેવી યોજનાઓ, એ ગ્રામપંચાયતની મુખ્ય જવાબદારીઓ છે. તદુપરાંત, સમસ્ત ગામને આર્થિક યા સામાજિક નુકશાનમાં ઉતારે તેમજ ગામના હિત વિરૂદ્ધ હોય તેવાં સૌ કાર્યો અટકાવવાની તેમજ અંકુશ મૂકવાની સત્તા પણ પંચાયતને સોંપાયેલી છે. વળી, તાજેતરમાંજ પસાર થનાર ગ્રામપંચાયતના નવા એકટ અનુસાર ગુન્હા તેમજ નાના નાના દાવાઓનો નિકાલ કરવાની સત્તા પણ મળશે. આશા છે કે ગ્રામપંચાયતના પ્રતિષ્ઠિત સભ્યો એમને આપવામાં આવનાર સત્તાનો સદુપયોગ કરી તેમના વહીવટને દીપાવશે. સરકારી કોર્ટોમાં જાવા પક્ષને તેમજ જુદા પક્ષને પોતાનો મુદ્દોપુરવાર કરવા માટે સહેતર જુદાજુદા ઉભા કરવાં પડે છે અને છતાંય ઘણી વખત પરિણામ ઉલટા આવે છે. આ સ્થિતિ ગામડાની ગરીબ પ્રજા માટે અસહ્ય કહેવાય. ગ્રામપંચાયતના મેમ્બરો ગામના હુરકોઈ ઇસમની સ્થિતિ પ્રવૃત્તિ ને સ્વભાવથી સામાન્ય રીતે વાકેફ હોય છે એટલે કાયદાની ગડમથલમાં પડયા વિનાજ ગુન્હાની તપાસને નિકાલ સરકારી કોર્ટો કરતાં ઘણાજ ઉદરજે સારા થઈ શકે એ નિર્વિવાદ હકીકત છે.

સ્વચ્છતા તેમજ રસ્તાઓનાં સમારકામ એ કાર્યોમાં ગ્રામપંચાયતે ઘણોજ સારો ઉત્સાહ બતાવ્યો છે. પરંતુ, એનાં આવકનાં સાધન બહુજ હોવાથી બીજી કાયમી પ્રવૃત્તિઓ હાથ ધરી શકાઈ નથી.

ગામનું તળાવ ઘણું વિશાળ હોવા છતાં ચાર-પાંચ વર્ષથી વરસાદની તંગીને લીધે અગાઉની જેમ પાણીથી છલોછલ ઉભરાતું નથી. (આ વર્ષે ઠીક ઠીક પાણી ભરાયું છે) સીમની તળાવડીઓમાં પણ એમજ બને છે પરિણામે ઉનાળામાં લોકોને કપડાં ધોવા માટે તેમજ ગામના ઢોરોને પાણી પીવા માટે ઘણી મુશ્કીબત વેઠવી પડે છે. આ અગવડો દુર કરવા માટે તળાવમાં તેમજ શકય હોય ત્યાં અન્ય તળાવડીમાં પંપવતું પાણી પંચાયત તરફથી લાવવામાં આવે છે. સદર પંપના માલિકો સસ્તા દરથી સેવા આપે પાણી પૂરૂ પાડે છે તે બદલ આનંદ જનક બીના કહેવાય.

તળાવ પરના રસ્તાઓ સુરક્ષિત રહે; એ માટે વારંવાર રીપેર કરાવવામાં આવે છે. તદુપરાંત, આ વર્ષે ઠરવાજાવાળો ઓવારો તેમજ બારીવાળા ઓવારાઓ સમારવામાં આવ્યા છે; તેમજ આગળ વધારાના પગથાર બાંધી નવાં પગથીયાં ઉમેરવામાં આવ્યાં છે.

તળાવ પરની બાઈનો, જાહેર રસ્તા તરફનો ખાડો પુરાઈ જાય તો ગંદકી નાબુદ થાય ને ગામનું બાદર વધુ વિશાળ ને સ્વચ્છ બને એ હેતુથી એક મોટો પાળો પંચાયત તરફથી બાંધવામાં આવેલો પણ, પાણીના અતિશય જોરથી તે કમનશીબે તૂટી ગયો છે. ગામનું બાદર સ્વચ્છ ને વિશાળ બને એ હેતુ સતત ધ્યાનમાં રાખી વધુ ચોકકસ યોજના ઘડવાની જરૂર છે.

ગામમાં પશ્ચિમ દિશાના ભાગમાં નિચાણવાળી જગાઓમાં ચોમાસાની ઋતુમાં પાણી ભરાઈ ઘણોજ કાદવ કીચડ થતો હોવાથી ગયે વરસે ઠેરઠેર પત્થરો તાત્કાલીક ઉપયોગ માટે નાંખવામાં આવ્યા હતા. રસ્તાઓ ધોવાઇ જઈ ખાડા ટેકરા પડે નહિ તેમજ રસ્તાઓ સપાટ બને એ હેતુથી નાના નાના બંડિયાટો આ વર્ષે બાંધીદેવામાં આવ્યા છે. વર્ષે બે વર્ષે રસ્તાઓ પુરાઇ સપાટ થઈ જશે.

તદુપરાંત, ગામ લોકોને ઉકરડાની જગ્યાની ઘણીજ સંકડામણ વેઠવી પડે છે તે અગવડ દુર થાય એ હેતુથી તેમજ ઢોરો માટે સગવડપુર્વ બજારાં બાંધવાના હેતુથી, ગ્રામપંચાયતે સર્વે નંબર ૬ તથા ૬/૧ ની જમીન કુલ્લે ગુંઠા ૧૧ વેચાણ રાખી છે બજારૂ બાંધવાનું કાર્ય જેમ બને તેમ જલદીથી થાય એ ઇચ્છવા યોગ્ય છે. વળી ચમાર લોકોનાં ચામડાં પકવવાના કુંડ ગામથી દુર રહે એ ગામના આરોગ્ય માટે જરૂરનું છે. એ હેતુથી સદર કુંડ માટે પંચાયતે સ. નં. ૩૫ ની જમીન ગુંઠા ૮ વેચાણ રાખી છે.

ગામની કન્યાશાળામાં વિદ્યાર્થીનીઓને શિવણકામનો ગૃહઉદ્યોગ શિખવવા માટે અગાઉ વ્યવસ્થા હતી પણ છેલ્લાં બેત્રણ વર્ષથી તે બંધ પડવાથી ફરીથી તે શરૂ કરવાની યોજના પંચાયતે હાથ ધરી છે.

Copyrights © MEHUL PATEL © 2000-2050

આપણાં ગામના વિકાસને લગતાં સાર્વજનિક કાર્યો ઉપરાંત ગામના પ્રજાજનોમાં જાગૃતિ આવે અને તેઓ પ્રગતિજનક માર્ગોએ વળે એ હેતુથી સાક્ષરજયંતિ, રાષ્ટ્રોત્સવ*ખાદી, જેવા ઉત્સવોમાં ગ્રામપંચાયત સોકોને સંપૂર્ણ સહકાર આપે છે.

ગ્રામ પંચાયતની સેવા ને નિષ્ઠતાના પ્રતિક રૂપે ત્રિરંગી રાષ્ટ્રધ્વજ એની ઓફીસ પર ફરકતો રહ્યો છે.

ગામમાં સોકલ બોર્ડની શાખાઓ પર ચાંપતી દેખરેખ રહી શકે એ હેતુથી જુદા જુદા સોકલબોર્ડના સકર્યુલર અનુસાર પંચાયતના મેમ્બરોમાંથી એક સ્થાનિક કમીટી નીમવામાં આવી છે.

ગ્રામપંચાયતનાં આવકનાં સાધનોમાં ઘરવેરો તથા ડબાની આવક મુખ્ય છે તદુપરાંત, જિલ્લા સોકલબોર્ડ તરફથી રૂા. ૧૦૦) તથા ગવર્મેન્ટ તરફથી રૂા. ૫૦) ગ્રાન્ટ પ્રતિવર્ષ મળે છે. આમ, આવકનો વાર્ષિક અંદાજ રૂા. ૮૦૦) થી રૂા. ૧૦૦૦ જેટલો થાય છે.

ગ્રામ પંચાયતના ચાલુ સભ્યોની નામાવલિ:—

૧	રા. પા. કાલાભાઈ મથુરભાઈ	સરપંચ
૨	રા. પા. વેણીભાઈ પ્રભુદાસ	ઉપપ્રમુખ-સરપંચ
૩	રા. પા. કુલાભાઈ ગોવિંદભાઈ	
*૪	રા. પા. શિવાભાઈ હીરાભાઈ	
૫	રા. પા. લલ્લુભાઈ જુઠાભાઈ	
૬	રા. પા. ભાઈરાજભાઈ મથુરદાસ	
૭	રા. પા. બાવાજીભાઈ ગોકળભાઈ	
૮	મહમદખાન પરગટખાન પઠાણ	
૯	રા. પા. મોતીભાઈ કુબેરભાઈ	(પોલિસ પટેલ)
૧૦	રા. ઠેઠ જેઠા આશા	

પંચાયતના સેક્રેટરી તરીકે ગામના તલાટી કાર્ય કરે છે. એક સેનીટરી ઈન્સ્પેક્ટર પણ રોકેલો છે.

* તેઓએ રાજીનામું આપવાથી તેમની જગાએ રા. પા. કુલાભાઈ ગોવિંદભાઈ ચુંટાયા છે. (જુન ૧૯૬૬)



નરસંડા ગ્રામપંચાયત

[૧૦] [૯] [૮] [૭] [૬] [૫] [૪] [૩] [૨] [૧] [૧૧]

૭

જમીન ઢોર વગેરેને લગતો માહિતિ

નરસંડા જમીનનો મોટો ભાગ, અગાઉ, બ્રાહ્મણ ને મુખ્યત્વે મુસલમાનના કબજામાં હતો મોગલાઇના સમયમાં મુસલમાનનું વર્ચસ્વ ભારે હશે. તદુપરાંત, તે સમયે ગામમા પાટીદારનાં એકાદ બે ઘરજ હોવા સંભવ છે. પાટીદારને તાબે તા મુખ્યત્વે નરવાની જમીન હતી પાછળથી પાટીદારોએ ક્રમેક્રમે જમીનો અન્ય કોમો પાસેથી વેચાણ રાખી છે.

નરસંડા ગામમાં જમીનનો કુલ અંદાજ એકર ૨૨૪૭-ગુંઠા ૨૦ છે તે પૈકી ગામ તળીયું, તળાવ તળાવડી, ચરો વગેરે બરાબો તેમજ પડતર જમીન એકર ૧૬૧-ગુંઠા-૪૭ બાદ જતાં, સરકારી દફ્તરે દાખલ થયેલી જમીન એકર ૨૦૫૫-ગુંઠા-૨૩એકાણુ બાકી રહે છે.

કુલ જમીનની વહેંચણી નીચે મુજબ છે:-

	એકર	ગુંઠા	આકાર રૂા. આ. પા.
નરવાની જમીન	૪૩૮	૨૧	૨૧૬૪-૩-૦
સરકારિયા (જુની શરતી)	૮૦	૨૧	૪૬૬-૧-૦
માફી આકારની	૮	૩૮	૪૧-૧૨-૦
સનંદીયા	૧૬૨૭	૧૮	૯૦૨૫-૫-૦
	૨૦૫૫	૨૩	
બરાબો પડતર વિ	૧૬૦	૪૫	૪૫-૯-૦
ગામ તળ	૪૧	૨	
કુલ એકર	૨૨૪૭	૨૦	રૂા. ૧૧૭૧૮-૩-૦

ખાતેદારની સંખ્યા. ૭૧૯

જમીનનો વહીવટ રૈયતવાળી પદ્ધતિથી ચાલે છે. સદર જમીન એકર ૨૨૪૭-ગુંઠા-૨૦નો આકાર કુલ સરકારી દફ્તરે રૂા. ૧૧૭૧૮-૩-૦ છે. પણ બનાવિયા જમીનનો આકાર વધુ હોવા છતાં સરકારમાં ભરવાનું મહેસુલ ઓછું હોવાથી વાર્ષિક મહેસુલ રૂા. ૭૬૬૯)નો અંદાજ આવે છે.

Copyrights © MEHUL PATEL © 2000-2050

સદર ઈનામિયા જમીનમાં જોગરના ઠાકોરશ્રી કેસરીસિંહજી તેમજ ઠાકોરશ્રી અમરસિંહજીની જમીનોનો સમાવેશ થઈ જાય છે સદર જમીનનો તેમજ મહેસુલનો આંકડો નીચે પ્રમાણે છેઃ-

	જોડ	ગુંઠા	મહેસુલ
શ્રી કેશરીસિંહજીની જમીન	૨૦૪	૩૫	રૂા. ૨૦૫-૮-૬
શ્રી અમરસિંહજીની જમીન	૨૦૨	૦	રૂા. ૧૯૨-૧-૩

સદર ઘાંટાની જમીનો નરસંડાના ખેડુતોજ ખેડે છે.

નરસંડા ગામની વસ્તીના પ્રમાણમાં જમીનનો અંદાજ થોડોજ ઓછો ગણાય ને નરસંડાને તાબે આવેલી જમીનના પ્રમાણમાં સવેરાસ જવું ઊંડુ ખોદી જમીન હિસ્સામાં આવે. પરંતુ વસ્તુ સ્થિતિ એમ છે કે નરસંડાના બધા ખેડુતોની જમીન મહુમદપુરા કેરીઆવી, ભુમેલ, ચુતાલ, કબુતરી વગેરે તદન નજદિકનાં ગામોની સીમમાં પણ આવેલી છે. એટલે સદર જમીનની નોંધ તે તે ગામોના દફતરે હોવાથી અહીં એની નોંધ આપી શકાય એમ નથી,

ગામનાં ઢોરોને ચરવા માટે ગામની પશ્ચિમે તેમજ વાયવ્ય ખૂણે એમ બે ચરા (ગોચર જમીન) આવેલા છે. સદર ચરા મોજરના ઠાકોરશ્રીના માલીકીના છે. ચરાનો વિસ્તાર એકર ૨૪-૧૧

ગામમાં ઢોર તથાવ પંપ વગેરેની સંખ્યા નીચે મુજબ છેઃ-

બળદ	ગાડાં	દુભણિયાં ઓજારો	હેરો	ગાય	ભેંસ	ઘોડાં	પંપ	તળાવ	સીમની તળાવડી
૨૦૪	૧૦૧	૧૬	૨૪૫	૫૩	૧૨૫	૫	૬	૨	૧૬

ગામમાં પંપના પાણીથી ખેતી શરુ થવાથી બળદના ઉછેર પ્રત્યે પુરતું ધ્યાન અપાતું નથી. તે ઉપરાંત, ખેડુતો ગાયોને પોતાને ઘેર ઉછેરતા નહિ હોવાથી ઉચ્ચ કોટિના બળદો પ્રાપ્ત થતા નથી. ગામમાં દરેક ખેડુતબાર્દ એક એઠ ગાય ઉછેરે ને ઉચ્ચ કોટિના બળદો સસ્તી કિંમતે ખેડુતોને પ્રાપ્ત થાય તે ઉપરાંત ગોરક્ષા પણ થઈ શકે.

૮

વસ્તી તથા ઘરોની યાદી તથા નોંધઃ-

(૧) જ્ઞાતિવાર સ્ત્રી પુરુષોની સંખ્યા

નંબર	જ્ઞાતિ	પુરુષ	સ્ત્રી	કુલ સંખ્યા
૧	પાટીદાર	૭૮૭	૫૬૭	૧૩૫૪
૨	બ્રાહ્મણ	૭૮	૬૨	૧૪૦
૩	વાણિયા	૫૦	૩૮	૮૮
૪	સોની	૧૨	૮	૨૦
૫	સુતાર	૨૮	૨૬	૫૪
૬	લુહાર	૯	૮	૧૭
૭	ક્ષત્રિય	૧૩૬	૯૯	૨૩૫
૮	માળી	૯	૮	૧૭
૯	ગોસાઇ	૭	૬	૧૩
૧૦	સાધુ	૧	૦	૧
૧૧	મુસલમાન	૨૫૭	૨૩૬	૪૯૩
૧૨	વઢારા	૫૩	૭૮	૧૧૧
૧૩	ગઢવી	૧૦	૮	૧૮
૧૪	કુંભાર	૨૦	૧૩	૩૩
૧૫	વાળંદ	૨૮	૨૬	૫૪
૧૬	ધોબી	૪	૫	૯
૧૭	દરજી	૧૧	૪	૧૫
૧૮	ભોઇ	૨૦	૧૪	૩૪
૧૯	રાવળિયા	૨૧	૨૧	૪૨
૨૦	રબારી	૨૧	૧૭	૩૮
૨૧	મોચી	૧	૧	૨
૨૨	વાઘરી	૧૩	૧૩	૨૬
૨૩	ઢેડ	૧૬૪	૧૨૦	૨૯૪
૨૪	ભંગી	૨૧	૧૯	૪૦
૨૫	ચમાર	૨૫	૧૬	૪૧
	કુલ	૧૮૨૭	૧૪૧૩	૩૨૪૦

Copyright © MEHUL PATEL © 2000-2050

(૨) જ્ઞાતિવાર ઘરોની સંખ્યા

નંબર	જ્ઞાતિ	વસ્તીવાળાં ઘર	ખાલીઘર	કુલ સંખ્યા
૧	પાટીદાર	૨૬૦	૮૪	૩૭૪
૨	બ્રાહ્મણ	૨૫	૨૯	૫૪
૩	વાણિયા	૧૩	૧૦	૨૩
૪	સોની	૪	—	૪
૫	સુતાર	૮	૩	૧૧
૬	લુહાર	૩	—	૩
૭	ક્ષત્રિય	૫૩	૩	૫૬
૮	માળી	૪	—	૪
૯	ગોસાઈ	૪	૩	૭
૧૦	સાધુ	—	—	૧૦
૧૧	મુસલમાન વહોરા	૧૨૫	૧૦	૧૩૫
૧૨	ગઢવી	૩	૪	૭
૧૩	કુંભાર	૮	૨	૧૦
૧૪	વાળંદ	૧૦	૬	૧૬
૧૫	ઘોબી	૧	૧	૨
૧૬	દરજી	૫	—	૫
૧૮	ભોઈ	૧૨	૧	૧૩
૧૯	રાવળિયા	૧૨	૪	૧૬
૨૦	રબારી	૮	—	૮
૨૧	મોચી	૧	—	૧
૨૨	વાઘરી	૫	—	૫
૨૩	ઢેડ	૧૯	૬૬	૮૫
૨૪	ભંગી	૬	૧	૭૦
૨૫	ચમાર	૧૧	૩	૧૪
		કુલ ૬૬૩	૧૮૩	૮૭૬

(૧) વસ્તી તથા ઘરોનું પ્રમાણ:—

સને ૧૯૩૮ ની વસ્તી ગણતરી (આ પુસ્તક માટે કરેલી બાનગી ગણતરી મુજબ) મુજબ નરસંડા ગામમાં ૩૨૪૦ માણસની વસ્તી છે.તેમાં ૧૮૨૭ પુરુષ ૧૪૧૩ સ્ત્રી છે. વસ્તીનો લગભગ અડધો હિસ્સો પાટીદારોની વસ્તીનો છે. તેમની સંખ્યા ૧૩૫૪ જેટલી છે. ત્યારપછી મુસલમાનોની વસ્તી વહોરા સાથે ૬૫૪ (એક મુસલમાન ભાઈએ ગણતરી કર્યા મુજબ) જેટલી છે. બ્રાહ્મણોની વસ્તી અગાઉ સારા પ્રમાણમાં હતી. સને ૧૮૨૫-૨૬ ની કલમ બંધીમાં લખ્યા મુજબ (એટલે આજથી ૧૦૦ વર્ષ અગાઉ) તે સમયે બ્રાહ્મણોનાં ઘર ૬૧ હતાં. પણ, એમની વસ્તી હાલ ઘટી જવા પામી છે. ફક્ત ૨૫ વસ્તીવાળાં ઘર હયાત છે. પાટીદારનાં વસ્તીવાળાં ઘર ૨૬૦ છે. વસ્તીના પ્રમાણમાં ઘર ઓછાં ગણાય. સને ૧૮૨૫-૨૬ ની કલમ બંધીમાં લખ્યા મુજબ તે સમયે ૧૮૭ ઘર પાટીદારોનાં હતાં. આમ છેલ્લા ૧૦૦ વર્ષમાં, પાટીદારોની વસ્તી ઠીકઠીક વધી છે.

અગાઉ, નરસંડા ગામ મોટા કસબાનું ગામ ગણાતું. મુસલમાનોનાં ઘર આજના કરતાં ઘણાં વધારે હતાં. અત્યારે, તેમની વસ્તી મોટા પ્રમાણમાં ઘટી જવા પામી છે.

વસ્તીવાળાં ઘરના પ્રમાણમાં ખાલી ઘરની સંખ્યા ઝાઝી નથી. કુલ ઘર ૮૭૬ છે વસ્તીવાળાં તથા ખાલી અનુક્રમે ૬૯૩ અને ૧૮૩ છે. તે વસ્તી તથા ઘરોના કોઠા પરથી સમજાશે.

હરિજનોની વસ્તી (ખાસ કરીને ઢેડની) ૨૯૪ છે. આમ. તેઓની વસ્તી પાટીદાર, તથા મુસલમાનો પછી ત્રીજી પંક્તિએ આવે.

(૨) પુરુષ ને સ્ત્રીનુ પ્રમાણ:—

પુરુષો તથા સ્ત્રીઓનું પરસ્પર પ્રમાણ સામાન્ય રીતે અસમાન છે પાટીદારોમાં ૧૦૦ પુરુષે સ્ત્રીનુ પ્રમાણ ૭૦ આવે છે. આ સ્થિતિ ધ્યાનીય નથી. પણ કન્યાનું મરણ પ્રમાણ વધુ છે. એમ કહેવું જોઈએ કે કદાચ બેદરકારીની દૃષ્ટિએ બોલું કરે પરંતુ કેટલાક ભાઈઓને

Copyright © MEHUL PATEL @ 2000-2050

કન્યાના અભાવે અપરિણિત સ્થિતિમાં જીવન વિતાવવું પડે છે. એ કારણ સ્ત્રી પુરુષના અસમાન પ્રમાણને માટે જવાબદાર લેખાય ખરું. લગભગ ઘણાં બધાં ગામોમાં આવી પરિસ્થિતિ પ્રવર્તે છે. સ્ત્રીપુરુષનું પ્રમાણ વધુ ને વધુ અસમાન બનતું જાય છે. જ્યારે 'બાર ગામોમાં' કન્યાની છત વધતી જાય છે. આપણા ગોળના બંધારણમાંજ જો ખામી હોય અને તેથી અમુક ગામોને શોષવું પડતું હોય તો દરેક ગામના હિતચિંતકે આ વસ્તુનો નિર્વેડો લાવવા માટે વેળાસર પગલાં લેવાં ઘટે.

બ્રાહ્મણ, વાણિયા, મુસલમાન વગેરે કોમોમાં સ્ત્રીપુરુષના પ્રમાણમાં ઝાઝી અસમાનતા જણાતી નથી.

હરિજનોમાં——



૯
ધંધોરોજગાર

(૧) લગભગ પંદર વર્ષ અગાઉનો ધંધોરોજગાર.

સો ગામોની જેમ વીસમા સૈકા પહેલાં ગામનો મુખ્ય ધંધો ખેતીનોજ હતો. પરંતુ, સમય જતાં ગામના લોકોનું લક્ષ્ય બહારની દુનિયાના બનાવો તરફ ઠીકઠીક ખેંચાયું ને પરિણામે, ખેતી સિવાયનાં અન્ય ધંધારોજગાર જેવાં કે વેપાર, નોકરી ઇત્યાદી પ્રત્યે તેઓનું આકર્ષણ વધ્યું.

લગભગ સને ૧૯૧૭ ની સાલના અરસામાં ડાહ્યાભાઈ વેણિભાઈ પટેલની કંપનીએ નરસંડા ગામમાં પ્રથમ હાથવણાટની શેતરંજીઓ વણવાની શાળા શરુ કરી. હાથવણાટની શેતરંજીઓ વણવાનો ધંધો નવીનજ હતો. મીલોમાં શેતરંજી વણવાનું કાર્ય પૂરતા પ્રમાણમાં નહિ હોવાથી, હાથવણાટની શેતરંજીઓની માગણી ખૂબજ વધવા લાગી. ધંધો ધીકતો ચાલ્યો. અનેક શાળો ઉભી થઈ. શેતરંજી વણવાના સંચાની સંખ્યા લગભગ ૧૦૦ સુધી પહોંચી ગઇ અને રોજનું સરેરાશ ૨૦૦ ઉપરાંત શેતરંજી જેટલું ઉત્પાદન થવા લાગ્યું. એનું વેચાણ પણ એટલીજ ઝડપથી થઈ જતું. ગુજરાત, વરાડ વગેરે સ્થળોના બજારોમાં નરસંડાની શેતરંજીઓ વેચાતી. દૂરદૂર જુદાંજુદાં સ્થળોએ ઠેઠ મધ્યપ્રાંતો સુધી શેતરંજીઓની હરાજી માટે નરસંડાના પ૦ ઉપરાંત માણસો રોકાયલાં રહેતાં. તદુપરાંત, શેતરંજી તૈયાર કરવાના જુદાજુદા ખાતામાં મળીને લગભગ ૩૦૦–૪૦૦ માણસો રોકાયલાં રહેતાં. આમ કામ કરી શકે તેવી વસ્તીનો મોટો ભાગ સદર ધંધામાં પરોવાયલો હતો. ધંધામાં ઘણીજ તેજી હતી. ને શેતરંજીની કિંમત ઘણીજ ઉંચી ઉપજતી. શેતરંજી વણનાર રોજના રૂા. ૨ થી ૬ નો દરમાયો સહેલાઈથી મેળવી શકતો. સુતરની કાંડી ભરનારને રોજના આના ૬ થી ૮ સુધીની મજુરી મળતી.

આમ, ધંધો પૂરજોશથી ચાલતો હોઈ વાર્ષિક વેચાણ લગભગ દોઢલાખ રૂપિયા જેટલું થતું. પરંતુ, ધીમેધીમે ગામમાં ધંધાની હરિફાઈ ચાલી. તદુપરાંત, મીલોમાં પણ શેતરંજીઓનું ઉત્પા

Copyright © MEHUL PATEL © 2000-2050

ઘણીજ ઝટપથી થવા લાગ્યું. આમ, હરિફાઈ વધવાથી તેમજ ગીરની તરેહ તરેહની ડીઝાઈનવાળી ને વધુ સફાઈવાળી શેતરંજીઓનું ઉત્પન્ન વધી જવાથી હાથવણાટની શેતરંજીના ભાવમાં એકદમ ઘટાડો થવા લાગ્યો. પરિણામ એ આવ્યું કે ગામની ઘણી ખરી શાળો લગભગ બેકાદ દશકો ચાલી સદંતર બંધ થઈ ગઈ. વેપારની મંદીએ મજબુત સ્વરૂપ પકડતાં, ઘુડી છવાયી ચાલતી શાળો પણ ઉપરો બંધ થઈ ગઈ. એ દશકાની જબ્બર કમાણી ને પૈસાની રેલમછેલ યાદ કરી કરીને હજીયે ઘણા માણસો મોંમાં પાણી લાવતા આપણે નિહાળીયે છીયે.

શેતરંજીનો ઉદ્યોગ મૃતપાય થઈ ગયો એટલે એ ધંધામા રોકાયલા માણસોમાંના કેટલાકનું લક્ષ્ય અન્ય નાના મોટા વેપાર ધંધા તરફ વળ્યું. જ્યારે મોટા ભાગના માણસોએ ખેતીમાજ ઝંપલાવ્યું. ખેતીના ધંધામાં પણ કેટલાક ભાઈઓએ અવનવા અખતરા કરી સારી પ્રગતિ કરી અને શેતરંજીનો નવેસર ધંધો શરુ કરી તેના ઉત્પાદનમાં ગામે જેમ રેકાર્ડ નોંધાવ્યો તેમ એતો વાડીનો ધંધો અપનાવી લઈ લીંબુની પેદાશમાં ગામે મુળજ પ્રગતિ કરી. લીંબુની સીઝનમાં નરસંડા ગામમાંથી રોજનાં લગભગ ૧૦૦–૧૫૦ મણ લીંબુ નડીઆદ, અમદાવાદ, સુરત, મુંબઈ વગેરે સ્થળોએ જતાં. લીંબુની પેદાશ ઉપરાંત. તમાકુ, ઝુરુ ને વલિયારી જેવી કિંમતી ચીજોનો પાક આજુબાજુનાં ગામોની સરખામણીમાં સારા પ્રમાણમાં ઉત્પન્ન થતો. સમય જતાં લીંબુના ભાવ મંદ થઈ જવાથી, લીંબુનો પાક ઘણોજ ઓછો થઈ ગયો છે. જો કે હવે ફરી લીંબુના છોડનો ઉછેર વધતો હોય એમ જણાય છે ખરું.

હાથવણાટની શેતરંજીઓની શાળ સદંતર બંધ પડી જવા છતાંય ગામના અંત્યજવર્ગમાં હાથવણાટનું કાપડ વણવાનો ધંધો ઠીકઠીક ચાલે છે.

(૨) ચાલુ વર્ષોમાં ધંધોરોજગાર

આગળ જણાવેલો શેતરંજીનો ધંધો મૃતપાય થઈ જવાથી, કેટલાક સાહસિકોનું લક્ષ્ય નાના મોટા ધંધા તરફ વળ્યું. જ્યારે

મોટા ભાગના માણસોએ ખેતી તરફ પાછા વળ્યા. લીંબુ, તમાકુ, ઝુરુ, વલિયારી વગેરે ચીજોના ભાવ ઉંચા હોવાથી એનું ઉત્પાદન તરફ લક્ષ્ય દોરાય એ સ્વભાવિકજ છે.

ગામની સીમમાં ૬ કુવાઓ પર ૫૫ મુકેલા છે. અને ગામનો શેતરફની લગભગ ૧૫૦૦ થી ૨૦૦૦ વીઘા જેટલી જમીનમા આ કુવાઓનું પાણી નળ વાટે પહોંચી શકે છે. આમ, પાણીની તંગી નહિ હોવાથી, ખેડૂતો ત્રણેય ઋતુનો પાક લેવાનુ ચૂકતા નથી. લગભગ દરેક કુવાનું પાણી ચઢાઉ હોવાથી, પાકને ઘણુંજ માફક નીવડે છે. શિયાળાના તેમજ ઉનાળાની મોસમનો રવિપાક આ પાણીનાજ બળે ઉત્પન્ન થાય છે. વળી, ચોમાસામાં વરસાદની તંગીના સમયે આ કૂંપના પાણીથી બાજરી, ડાંગર જેવા પાક સહેલાઈથી બચાવી લેવાય છે. અન્ય ધંધાના અભાવ ને આર્થિક મંદીના આ જમાનામાં પણ ગામનો ખેડૂત ત્રણેય મોસમના સારા પાકથી એની મહેનતનું ફળ થોડું ઘણું પણ મેળવવા ભાગ્યશાળી થાય છે પણ, એટલું જણાવવું જોઈશે કે જમીનમાં ખેડ કરીનેજ પૂરતા પ્રમાણમાં ખાતર નાખીને એની માવજત કરવા તરફ ખેડૂતો દુર્લક્ષ્ય સેવતા થઈ ગયા છે. આ દુર્લક્ષ્ય સત્વેળા ત્યજી દેવાની ઘણીજ જરુર છે. ખેડ ને ખાતરથી જમીનની માવજત સારી પેઠે થયેલી હશે તો પાણીના ફસથી પાકને ઉલટો ઘણોજ લાભ થશે. ખેડૂતે આ વસ્તુ ખાસ લક્ષ્યમાં રાખવી જરુરી છે.

ચઢાઉ કુવાનાં પાણીને લીધે નરસંડા ગામનો તંબાકુનો પાક તેની ઉત્તમ જાત માટે ઘણોજ પ્રખ્યાત છે. દેશી તંબાકુ ઉપરાંત કલકત્તી તંબાકુનો પાક છેલ્લાં થોડાંક વર્ષોથી ઘણા પ્રમાણમાં થવા લાગ્યો છે. તંબાકુ, લીંબુ, ઝુરુ, વલિયારી વગેરે મુખ્ય પાક ઉપરાંત ડાંગર, બાજરી, જુવાર, કોદરા, તુવેર વગેરે ચોમાસુ પાક પણ પૂરતા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. શાકભાજીનું વાવેતર ઘણું જ ઓછું કહેવાય; જો કે બટાટા, મરચાં, આદુ વગેરે પાક ઉત્પન્ન કરવાની શરુઆત છેલ્લા બેકાદ બે વર્ષમાં કેટલાક ખેડૂતોએ કરી છે. પણ એને રોપવાનો, ઉછેરવાનો અનુભવ ને આવડત ઓછાં હોવાથી પૂરતો લાભ ઉઠાવી શકતા નથી.

Copyright © MEHUL PATEL © 2000-2050

ઉપર બતાવ્યા પ્રમાણે, ગામની વસ્તીનો મોટો ભાગ ખેતીના ધંધામાં રોકાયેલો છે જ્યારે બાજ ભાગ વેપાર, નોકરી ઇત્યાદિ ખેતી સિવાયના ધંધામાં પડેલો છે. વેપાર યા નોકરી અર્થે નડી-આદ, અમદાવાદ, સુરત, મુંબઇ, મદ્રાસ, તથા આફ્રિકા જેવા દૂર દેશોમાં કેટલાક ભાઇઓ ગએલા છે; પણ એમની સંખ્યા ઝાઝી નથી. અત્રેના રહીશ શ્રી. મણેકજી ખેચરજી હવેએ મદ્રાસમાં વેપારાર્થે જઇને ઠીક ઠીક ધન પ્રાપ્તિ કરી છે. તેઓ ચૂસ્ત આર્ય-સમાજીષ્ટ હોઇ ગુરુકુળ જેવાં વિદ્યાધામોમાં ઠીક ઠીક દાન કર્યું છે તદુપરાંત, નરસંડા ગામમાં કન્યાશાળાનું વિશાળ મકાન બંધાવી આપી ગામ પ્રત્યેની પોતાની ફરજ અદા કરી છે.

પંચના પાણીને લીધે ગામમાં તંબાકુનું ઉત્પન્નસારા પ્રમાણમાં થતું હોવાથી કેટલાક ભાઇઓએ આ ધંધામાં પણ ઝંપલાવ્યું છે. ગામનો બહુક વર્ગ નાળાંની ધીરધાર, કાપડ તેમજ અન્ય પરચુરણ માલનો ધંધો કરે છે.

(૩) વેપાર અંગેની દુકાનો વગેરેને લગતી માહિતિ:—

ગામમાં ચાલતા નાના નાના ધંધાને લગતી માહિતિ માટે નીચેનો કોઠો જુઓ:—

દૂધનો સંચો	ઉદ્યોગગામ દૂધમંડળી જનાર	ચહાની કેટલ	પરચુરણ માલની દુકાન	કાપડની દુકાન	કાપડિયા નીદુકાન	દવાખાનાં	દરજીની દુકાન
૧	૨	૪	૨૦	૪	૬	૩	૬
મનીનીદુકાન	મરેજની દુકાન	શેતરંજી બાણ	હજામ	દાણાની ચક્કી	તેલની ઘાણી	પંપ	
૧	૧	૧	૨	૧	૬	૬	

કુલ સંખ્યા-૬૮.

કોઠા પંપની સંખ્યા. ૭.

નોંધ:— ઉપરના કોઠા પર નજર નાખતાં જણાશે કે ગામમાંથી આશ બેંસેનું દૂધ વેપારીઓદ્વારા બહારગામ મોટા પ્રમાણમાં જાય છે. દૂધની આ નિકાશ પર અંકુશ મૂકવાની જરૂર છે. ગામમાં દૂધ લેનાર વેપારી હોય તો બેકતો પોતાનાં બાળકોના મોંમાંથી ટીપું દૂધ પણ ઝુંટવી લઇ એને ત્યાં વેચવા જશે અને, લાંબી દૃષ્ટિએ વિચાર કરતાં, આ સ્થિતિ ગામનાં ઉછરતાં બાળકોના આરોગ્યને હાનિકર્તાજ નિવડવાની છે. એમ જરૂર સમજાશે અગાઉ દરેક દૂધ ભરનાર પાસેથી લગભગ રૂપિયા ૩૦૦ થી ૫૦૦ સુધીની ધમાંદા રકમ દર વર્ષે લેવામાં આવતી. હાલમાં, દિવસના કુલ્લે ચાર આનાજ લેવામાં આવે છે. આ રકમ વધારવામાં આવે તો દૂધની નિકાશ પર ઠીક ઠીક અંકુશ મૂકાય.

બીજી એક જનક હકીકત એ છે કે નરસંડા ગામમાં હૉટેલની સંખ્યા પાંચ સુધી પહોંચી જવા પામી છે. સાદાઇના આગ્રહી ને સંસ્કારી આગેવાનો જે ગામને સાંપડ્યા હોય ત્યાં હૉટેલની બદી આટલા દરજ્જા સુધી જડ ઘાલી બેસે એ શોભાસ્પદ ગણાય નહિ આપણા વડીલો પાસેથી આપણે સાંભળીએ છીએ કે ગામમાં અગાઉ શેરડીનો પાક ખૂબ થતો. ઘેર ઘેર શેરડીના ઢગલા નજરે પડતા. ગોળ, દૂધને ઘીની રમઝટ વાગતી. ઘઉં બાજરી ને બહલે કોદરા, બાવટો વગેરે હલકું અનાજ ઝાઝા પ્રમાણમાં વપરાતું પણ, એની સાથે ગોળ, ઘી દૂધ જેવા પૌષ્ટિક સાત્વિક તત્વો પૂરતા પ્રમાણમાં મળતાં હોવાથી શરીરને પહતો અનિષ્ટનો ઘસારો જણાતો નહિ. પરંતુ, અત્યારની સ્થિતિ તપાસતાં જરૂર જણાશે કે ગોળ, ઘી દૂધ જેવાં પૌષ્ટિક ને સાત્વિક ખોરાક મળવાને બહલે ચહા, બાંડ જેવાં શરીરને કોતરી ખાતા ખોરાકની ટેવ લોકોને દિનપ્રતિદિન વધતી જાય છે. એદ સાથે જણાવવું પડે છે કે કેટલાક બેકતોમાં ચહાની બદી એટલા પ્રમાણમાં ઘૂસી જવા પામી છે કે બેતરમાં મજુરી કરતાં કરતાં પણ બપોરે કે સાંજના એક કપ ચહા વિના નિભાવી લેવાતું નથી. કેક બેતરોમાં ચહાની કિટલીઓ હોટેલોમાંથી જાય છે એવા દાખલાઓ પણ હવે નજરે પડવા લાગ્યા છે. આ બદીમાંથી છૂટીને પૌષ્ટિક તત્વો વાળા ખોરાક તરફ બેકતો ને મજુરો અભિરૂચિ સેવતા થાય એવાં પગલાં તાત્કાલિક લેવાની જરૂર છે. ગામની સમજુવી પ્રજાને આ અતિહાનિકારક બદીમાંથી છોડાવવા માટે યોગ્ય પગલાં લેવાનું આગેવાનો ન ચૂકે એમ કહેવું અયોગ્ય નહિજ લેખાય.

Copyrights © MEHUL PATEL ® 2000-2050

મંદીના ચાલુ વર્ષોમાં અનાજ તેમજ અન્ય ચીજોના ભાવ નીચા થઇ જવાથી ખેડૂતોને ઊભની મજુરીનો બદલો પૂરતા પ્રમાણમાં મળતો નથી. દરેક ગામનો ખેડૂત આ મંદીની મુશ્કેલીમાંથી બચવા પામ્યો નથી. અને નરસંડા ગામમાં પણ સાધારણ રીતે એજ સ્થિતિ ઓછાવત્તા અંશે પ્રવર્તે એ સ્વભાવિક છે. પરિણામે, ખેતી પ્રત્યે બેદરકારી ને ઉદાસિનતા વધતાં જાય છે. વેપાર ધંધામાં કંઇક અણુકાર એવાઓનું લક્ષ્ય વેપાર તરફ આકર્ષાય છે. આનું પરિણામ તપાસતાં આપણે જોઇ શકીશું કે ગામમાં પરચુરણ માલની દુકાનોની સંખ્યા ૨૦ સુધી પહોંચી ગઈ છે. ને બીજી કાપડની, કપાસિયાની વગેરે દુકાનો ને ગણત્રીમાં લઇએ તો ચાલુ દુકાનોની સંખ્યા લગભગ ૩૫ જેટલી થવા પામે છે.ગામની વસ્તીના પ્રમાણમાં ચાલુ દુકાનોની સંખ્યા વધારે પડતી કહી શકાય છતાંયે, આનંદની વાત છે કે આજુબાજુનાં ગામો જેવાં કે, બામણોલી, મહુમદપુરા વગેરેના લોકોનો વેપારી સંબંધ નરસંડા સાથે હોવાથી ગામની દુકાનોનો નિભાવ ઠીક ઠીક પ્રમાણમાં થયે જાય છે.

૧૦
જાણવાજોગ ઘટનાઓ

ગામની વસ્તીનો મોટો ભાગ હિંદુઓનો બનેલો છે. તેમાંયે, પાટીદારોની વસ્તી અગ્રસ્થાને છે.બીજે ક્રમજે મુસલમાનોની વસ્તી આવે છે. બન્ને કોમનો ધંધો મુખ્યત્વે ખેતીનો હોવાથી પરસ્પર સહકારની જરૂર સ્વાભાવિક રીતે પડે છેજ. બન્ને કોમ વચ્ચે મીઠો સંબંધ જળવાય રહે એ ઇચ્છનીય છે. પરંતુ, છેલ્લા ત્રણેક દશકામાં બન્ને કોમ વચ્ચેના મીઠા સંબંધમાં કેટલીક ખેદજનક ઘટનાઓએ વિક્ષેપ નાખ્યો છે. નોંધવા લાયક વિક્ષેપ તો સને ૧૬૦૫ માં બન્ને કોમ વચ્ચે જે ખટરાગ ઉભો થયો ત્યારથી શરૂ થયો લેખાય.

(૧) તાજીયા કેસ

હકીકત એમ છે કે સને ૧૯૦૫ માં મુસલમાન ભાઇઓનું મહોરમનું સરઘસ મહોરમના દિવસે ગામના રાજમાર્ગે ફરતું ફરતું ધર્મશાળા નજદિક આવ્યું તે સમયે, કહેવાય છે કે, હિંદુ મુસલમાન વચ્ચે તાજેતરમાં જન્મેલા કડવા સંબંધનો લાભ લઈ અથવા તો અંગત કારણોથી ઉશ્કેરાઈ બન્ને કોમના પ્રતિષ્ઠિત આગેવાનોને માંહે માંહે લડાવી મારવાના દુષ્ટ હેતુથી, કોઇક તાજીયામાં કાંકરો ફેંકયો. મુસલમાનભાઇઓ રોષે ભરાયા. ને તાજીયો પડતો મૂકયો. પોલિસમાં ફરિયાદ નોંધાઈ. ગામના લોકો નિર્દોષ હતા એટલે પોલિસને આ ફરિયાદ સંબંધમાં કોઈ મળેલું નહિ. પણ, છેવટે મુસલમાનભાઇઓએ અમુક હિંદુઓ પર કેસ ચલાવવાથી કોર્ટે જે હિંદુ ભાઇઓનો રૂા. ૭૫.) નો દંડને ૧ વરસની સારી ચાલચલગતના જામીન લીધા. તે સિવાય, બીજા ૧૨ હિંદુ ભાઇઓનો દરેકનો રૂા. ૫૦) દંડ કરવામાં આવ્યો. આમ ગણ્યાગાંઠયા કજીયા ખોરોની ખટપટોથી હિંદુ મુસલમાન વચ્ચેનો ખટરાગ દિનપ્રતિદિન વધતો ચાલ્યો.

Copyright © MEHUL PATEL © 2000-2050

વળી બદચના એક મુસલમાન મુનશીની નરસંડામાં જમીન હતી. સદરહુ જમીનના વેચાણ સંબંધી ગામમાં ઝગડો થવા પામેલો. આ ઝગડાનો લાભ લઈને કેટલાક માણસોએ પોતાનો સ્વાર્થ હેતુ બર લાવવા માટે હિંદુ મુસલમાનોમાં વૈર ઉત્પન્ન કરાવવામાં પાછુ પાની જોયું નહિ. પરિણામે, ગામમાં કુસંપ વધી જવાથી ખેતરોમાં આવેલી ખેડૂતોના પૂળાની ગંજીઓ બદમાશ લોકોએ બાળવા માંડી. ખેડૂતોના મહામૂલા પાકનો આવી રીતે નાશ થતા હોવાથી સરકા- રમાં રિપોર્ટ કરવામાં આવ્યો. પરિણામે કેટલાક મુસલમાનોને પોલીસ પાટણાઓ પર જામીન કેસ થયો. પણ, આશ્ચર્યની બીના છે કે બે વર્ષ સુધી આવા કેસ થવા છતાંય તેઓ નિર્દોષ ઠર્યા. આમ, કુસંપને લીધે માંહે માંહે તકરારો વધી જવાથી હિંદુ મુસલમાનો ઉપરાંત ગામના અન્ય માણસોમાં પણ માંહે માંહે પક્ષ પડવા લાગ્યા. સ્વાર્થી ને ધિક્કારવાથી માણસોએ પોતાના સ્વાર્થ બર લાવવા માટે નોખા ચોકા જમાવવા માંડ્યા. વળી, એટલામાં કણબી પટેલ કેસ ઉભો થયો. આ કેસમાંથી વળી બદનક્ષીની ફરિયાદ ઉભી થઈ. આમ, હિંદુ ને મુસલમાન કોમ વચ્ચેનો સંપ તેમજ હિંદુઓમાં માંહે માંહેનું ઐક્ય છિન્નવિછિન્ન થઈ ગયું. ને ગામ જુદા જુદા વિરુદ્ધ પક્ષોમાં વહેંચાઈ ગયું.

બે કોમ વચ્ચે ઉત્પન્ન થયેલો ખટરાગ તથા હિંદુકોમમાં જન્મેલી આંતરિક પક્ષાપક્ષીનું કડવું ફળ ગામને સને ૧૯૧૯ ના તારકેસમાં સારી પેઠે ભોગવવું પડ્યું.

(૨) તાર કેસ (Wire-Cutting Case.)

સને ૧૯૧૪-૧૮ ના મહાન વિશ્વયુદ્ધમાં હિંદુસ્તાને ઘણીજ કિંમતી સહાય બ્રિટીશ સામ્રાજ્યને આપી હતી, આ સહાયના બદલામાં, બ્રિટીશ સરકારે હિંદની પ્રજાને આપેલાં વચનો પાળ્યાં નહિ ને પરિણામે, સારાયે દેશમાં અસંતોષી જ્વાળા ભભૂકી ઉઠી. પંજાબમાં માર્શલ લો (Martial Law) નો અમલ થયો. ગાંધિજીએ સરકાર સામે જેહાદ પોકારી. સને ૧૯૧૯ ના એપ્રિલની ૧૬ મી તારીખે તેઓ પંજાબમાં પકડાયા. ગાંધિજીની ધરપકડના સમા- ચાર સાંભળી, એમનું માનીતું ગુજરાત ખળભળી ઉઠ્યું. સરકારના આ

જોહુકી પગલા સામે રોષ ભરાયું. જે ગાંધિજીએ સરકારને ૧૯૧૪ ના મહાયુદ્ધ સમયે દેશમાં ઘૂમીઘૂમીને નાણાં ને માણસોની મદદ પૂરી પાડી હતી તેને એજ સરકાર સકિયા પાછળ ધકેલી દે તે સ્થિતિ ગૂજરાત સહન કરી શકી નહિ. અહિંસાના તાજ્જબ પાઠ શિખતી ગૂજરાતની પ્રજા ઘડીભર ભાન ભૂલી ગઈ. ગાંધિજીને છોડાવવાની એક માત્ર તમન્નામાં એણે તોફાન કર્યું. અમદાવાદ શહેરમાં તોફાન બન્યું. તોફાનને શાંત પાડી દેવા માટે સરકારે ચાંપતાં પગલાં ભરવાનું ઉચીત ધાર્યું. 'અમદાવાદ જેવા શહેરને તોપગોળાથી ગોરૂ લશ્કર ઉડાવી દેશે' એવી અફવા ઠેરઠેર ગામેગામ પ્રસરી રહી. ગામેગામ ગાંધિજીની ધરપકડ સામે વિરોધ સભાઓ ભરાઈ. તદુપરાંત, અમદાવાદ શહેરને ઉડાવી દેવાની અફવાએ લોકોને સરકાર સામે તોફાન કરવા પ્રેર્યા. પરિણામે, અમદાવાદને ઉડાવી દેવા માટે લશ્કરી ટુકડી રેલ્વેટ્રેન મારફતે જઈ ન શકે તે હેતુથી નડિયાદ સ્ટેશનની નજદિકમાં રેલ્વેના પાટાઓ નડિયાદના કેટલાક માણસોએ ઉખેડી નાખ્યા.

નડિયાદ તાલુકાના હૃદય સમું ને રાષ્ટ્રિય કાર્યમાં મોખરે દોડતું નરસંડા ગામ પણ આવેશમાં આવી કંઈક કરી છટવા તત્પર બન્યું. કહેવાય છે કે ગામમાંથી લગભગ ૫૦૦ માણસોએ સને ૧૯૧૯ ના એપ્રિલની ૧૨ મી તારીખે રાત્રે ઉત્તરસંડા ને ઓરિ- યાથી રેલ્વે સ્ટેશન વચ્ચે ભૂમેલ ગામની નજદિકમાં કેટલાક તારના થાંભલા તેમજ તાર તોડી નાખ્યા, તુરતજ પોલિસને જાણ થઈ. વાતાવરણે ગંભીર સ્વરૂપ પકડ્યું. પોલિસ તપાસ શરૂ થઈ. એપ્રિલની ૨૬ મીએ આસરે ૧૮ માણસોની શક ઉપરથી પોલિસે ધરપકડ કરી. પણ ઠેઠ ઓકટોબર માસની અધવચ્ચ સુધી કેસની સૂનાવણી થઈ નહિ. દરમિયાન સાત માસ સુધી કેવળ પ્રાથમિક તપાસજ ચાલી. તપાસ દરમિયાન વળી, શક ઉપરથી કેટલાક વધુ માણસોને પકડવામાં આવ્યા. આમ, એકંદરે ૪૮ માણસો પર તહોમતદારો તરીકે કામ ચલાવવામાં આવ્યું. પ્રથમ નડિયાદ જેલમાં ૨૪ દિવસ રાખ્યા બાદ અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં સૌ તહોમતદારોને કેસ પૂરો થતા સુધી રાખવામાં આવ્યા. તહોમ- તદારોમાં ગામના સંસ્કારી આગેવાન ગૃહસ્થોનો પણ સમાવેશ

Copyright © MEHUL PATEL © 2000-2050

ગઈ હતી તેમાં ગામના કેટલાક કળજીયાતોની ને સ્વાર્થી માણસોએ આ આગેવાન ગૃહસ્થોની ગેરહાજરીનો લાભ ઠીક ઠીક લીધો. તહોમતદારોની વિરુદ્ધમાં પુરાવા તૈયાર કરવાની નિંદનીય પેરવી પણ શરૂ કરી દીધી. હિંદુઓની માંહેમાંહે પડેલી પક્ષાપક્ષી-માંથી આ પરિણામ આવ્યું. તદુપરાંત, હિંદુમુસલમાનોના મીઠા સંબંધમાં જે વિક્ષેપ છેલ્લાં થોડાં વર્ષોમાં આવ્યો આવતો હતો તેનો લાભ લઈ તહોમતદારો સામે વિરુદ્ધપ્રચાર કરવાનું પણ કેટલાક માણસો ચૂકયા નહિ. સંકટના સમયે ગામમાં એકતાનો અભાવ ને પક્ષાપક્ષીએ ગંભીર સ્વરૂપ ધારણ કરેલું હોવાથી આપણે જ દોષને આશા હતી કે તહોમતદારો નિર્દોષ ઠરશે. બારડોલી જોઈતી દેશનિકાલની સજા તો થશેજ એમ સૌને લાગી રહી હતી. મુખ્ય તહોમતદારોમાં રા. પા. ગલાલાઈ મથુરભાઇ તથા રા. પા. વેણિભાઇ પ્રભુદાસ જેવા ગામના આગેવાન સદ્‌ગૃહસ્થો હતા.

તહોમતદારો તરફથી ભારે રકમો આપીને તે સમયના ગુજરાતના પ્રખ્યાત વકીલો રોકવામાં આવ્યા હતા. સરદાર વલ્લભભાઇ પટેલ તે સમયે અમદાવાદમાં વકીલાતની પ્રેકટીસ કરતા હતા. તેઓશ્રીને આ કેસમાં તહોમતદારો તરફથી રૂા. ૩૫૦૦) આપીને મુખ્ય વકીલ તરીકે રોકવામાં આવ્યા હતા. નડિયાદના પ્રતિષ્ઠિત વકીલો રા. વલ્લભભાઇ હાથીભાઇ દેસાઈ, રા. ચંદુલાલ અમૃતલાલ દલાલ તેમજ અમદાવાદના પ્રખ્યાત વકીલ હરિલાલ નાથાલાલને મોટી રકમો આપીને આ કેસ માટે રોકવામાં આવેલા. આ કેસને તૈયાર કરવામાં કરમસદના જુવાન વકીલ મોતીભાઇ ભાટાભાઇ પટેલે અથાગ જહેમત ઉઠાવી હતી. પરંતુ કમનસીબે કેસ પૂરો થતાં અગાઉ તેઓનું અચાનક અવસાન થયું. છતાંયે, તેમણે જે સચોટ કેસ તૈયાર કર્યો હતો તે અન્ય વકીલોને ખૂબજ સહાયરૂપ થઇ પડયો. તદુપરાંત, બોડાણદલાના પ્રતિષ્ઠિત આગેવાન શ્રી દાદુભાઇ પુરુષોત્તમદાસ દેસાઈ, શ્રી ગોકળદાસ તલાટી, તેમજ શ્રી ચતુરભાઇ તથા શ્રી ભાઇલાલભાઇ પટેલ વગેરે ગૃહસ્થોએ તહોમતદારોને ઉદાર મદદ સઢસઢ કેસમાં આપી હતી.

ગાંધિજીને એમની ધરપકડ પછી બે દિવસે તા. ૧૨ મી એપ્રિલે સરકારે મુકત કર્યા. ગુજરાતમાં, અમદાવાદ, નડિયાદ, નરસંડા વગેરે સ્થળોએ થયેલા તોફાનના સમાચાર જાણી તેઓ તુરતજ તા. ૧૫ મીએ અમદાવાદ આવી પહોંચ્યા. તા. ૨૬ મી એપ્રિલે નરસંડામાંથી તહોમતદારોને તેમની ધરપકડ કરીને નડિયાદ જેલમાં લાવવામાં આવ્યા. ત્યાં ગાંધિજીએ કલેકટરની હાજરીમાં તહોમતદારોની મુલાકાત લીધી. સત્ય ને અહિંસાના સિદ્ધાંત પ્રમાણે, જે સત્ય હકીકત હોય તે સરકાર સમક્ષ જણાવી દેવાની તેમજ ગુન્હો કબુલ કરી, દેવાની સલાહ ગાંધિજીએ આપી. તહોમતદારોએ સંપૂર્ણ વિચાર કરી નકકી કર્યું કે ગુન્હો અગાઉથી કબુલ કરી દેવામાં ખોટ ગુન્હેગારો પણ માર્યા જતાં. માટે, અગાઉથી ગુન્હો કબુલ નહિ કરતાં કોર્ટ જે નિર્ણય કરે તેજ અરો એમ તેઓએ નિશ્ચય કર્યો. પોતાના બચાવ માટે તહોમતદારોને પાકીજ આશા હોવાથી તેઓએ કોર્ટ સમક્ષજ ખડા રહેવાનું ઉચિત ધાર્યું. વળી, જોઈતા-જોગ હકીકત એ છે કે તહોમતદારોના એક પ્રતિષ્ઠિત વકીલે સૂચના કરી કે, જો તહોમતદારોમાંથી કોઈ ગુન્હો કબુલ કરી માથે લઈ લે, તો એના સિવાય સઘળા તહોમતદારો બીન શરતે મુકત થઈ જાય. શિર સાટેનું આ બીડું કોણ ઝડપે? જીવન કોને વહાલું નથી? અને તે પણ બીજાઓનું તહોમત પોતાને શિરે ઉઠાવી લઇ ફાંસીને માંચડે ચઢવા કે અંદામાનની કાળી અંધારી કોટડીમાં સડવા કયો વીર તૈયાર થાય? પણ, આશ્ચર્યની હકીકત છે કે એવોય વીર આ તહોમતદારોની ટુકડીમાં પડયો હતો. દેખાવે એકવડા જેવા, પણ સદાય ઉત્સાહી એવા રા. લલ્લુભાઇ ભૂલાભાઇ પટેલે સૌ ગુન્હો પોતાને શિર ઉઠાવી લેવાની તૈયારી બતાવી. પણ, એમ પોતાના સાથીને પોતે સૌ કોઈ જાણી જઈ જીવતો મરવા દે એવા એ તહોમતદારો નહોતા. એમણે સૌએ તો નકકી કર્યું કે સાથે ડૂબવું કે સાથે તરવું. આ કેસમાં રા. ડાહ્યાભાઇ મથુરભાઇ પટેલ, રા. લલ્લુભાઇ ભૂલાભાઇ પટેલ વગેરે આગેવાન તહોમતદારો જરાપણ ડર કે ગભરાટ વિના પરિણામને સહન કરવાની તૈયારી બતાવી સૌની નિરાશામાં આશાનું મધુનિંધુ રેડતા હતા.

Copyrights © MEHUL PATEL © 2000-2050

છેવટે સાત માસની પ્રાથમિક તપાસ પૂરી થતાં, ઑક્ટોબર માસની અધવચમાં કેસની સુનાવણી શરુ થઈ. સરકારે આ કેસ માટે સ્પેશ્યલ ટ્રીબ્યુનલ નિમી હતી. ટ્રીબ્યુનલમાં, યુરોપિયન જજ મી. ક્લિયટ, હિંદુ જજ દિ-બ-ચુનિલાલ ગાંધિ, ને મુસલમાન જજ મી. મહેબુદ્દીન કાદરી હતા. કેસની સુનાવણીના પ્રથમ દિવસેજ ૪૮ તહોમતદારોમાંથી ૨૧ જણને પૂરાવાના અભાવે મુક્ત કરવામાં આવ્યા. વળી, કેસની વધુ સુનાવણી દરમિયાન બીજા પંદર જણને પણ પૂરતા પ્રમાણમાં પૂરાવા નહિ હોવાથી છોડી દેવામાં આવ્યા છેવટે, બાર મુખ્ય તહોમતદારો પર 'ચાર્જશીટ' કરવામાં આવ્યું

આમ, દિવાળીની રજાઓ બાદ કરતાં, સતત ૪૫ દિવસ સુધી કેસની સુનાવણી થઈ. ફેંટલાયે સાક્ષીઓની લાંબીલાંબી સર તપાસ ને ઉલટ તપાસોનો પાર નહોતો. મુકરદમાની સુનાવણી સમયનું દ્રશ્ય કરુણ હૃદયને પણ હચમચાવી નાખે એવું ગમગીની ભર્યું રહેતું. કેસની સુનાવણી અગાઉના દિવસેજ વેંટાદના ભાઈઓને આવાજ ગુન્હા માટે દેશનિકાલની સજા થયેલી. આ ઉપરથી, નરસંડાના તહોમતદારોને કદાચ પણ એજ સજા ફરમાવવી હશે એમ સૌને ખાત્રી થવા લાગી

કેસ ડીસેમ્બરની ૧૨ મુધી ચાલ્યો. છેલ્લા બાર તહોમતદારોની જુબાનીઓ લેવામાં આવી. પણ, તેઓએ, પછીથી પોતાનો બચાવ કશું કર્યો નહિ. ગામના મુખી રાવળિયા વગેરેની જુબાની મુદ્દાસર ને તહોમતદારોની તરફેણમાં હતી. તદુપરાંત, બાહોશ વકીલોની તર્કશુદ્ધ દલીલો સમજુતી ને તેજસ્વી દલીલોથી, છેવટે, કેસનો ચુકાદો તહોમતદારોની તરફેણમાં આવ્યો. ટ્રીબ્યુનલે તહોમતદારોની વરુદ્ધના પૂરાવાઓની સાચકાત ને સચ્ચાઈ પર શંકા દર્શાવી શંકાનો લાભ આપી તહોમતદારોને તા. ૧૨ મી ડીસેમ્બરે બીન શરત મુક્ત કર્યા.

મી. ક્લિયટ, તથા હિ-બ-ચુનિએ તહોમતદારોની તરફેણમા ચુકાદો આપ્યો. જજ મી. મહેબુદ્દીન કાદરીએ તેમના ચુકાદામાં જુદા પડી નોખું જજમેન્ટ લખ્યું. અંતે, એમણે તો ૨. ડાહ્યાભાઈ મથુરભાઈ પટેલ, ૨. ત્રિભોવનદાસ

પ્રભુદાસ પટેલ તથા ત્રિભોવન દીવજી સોની, એ ત્રણ તહોમતદારોને ગુન્હેગાર ઠરાવવાનો જે જજમેન્ટમાં પ્રયત્ન કર્યો. પણ બે જજની બહુમતીથી, સૌ તહોમતદારો છેવટે મુક્ત થયા

સૌના છુટકારા પ્રત્યે હર્ષ પ્રદર્શિત કરવા માટે સમસ્ત ગામમાં ઉજાણી કરવામાં આવી હતી.

બાર મુખ્ય તહોમતદારોની નામાવલિ. :—

૧ ૨. ડાહ્યાભાઈ મથુરભાઈ પટેલ
૨ ૨. દેવિભાઈ પ્રભુદાસ પટેલ
૩ સ્વ. ૨. શંકરભાઈ ગણેશજી પટેલ
૪ ૨. લલ્લુભાઈ ભૂલાભાઈ પટેલ
૫ ૨. શિવાભાઈ ડિરજીભાઈ પટેલ
૬ સ્વ. ૨. મરઘાભાઈ ગોકળભાઈ પટેલ
૭ ૨. સોમાભાઈ વૃજભાઈ પટેલ
૮ ૨. મંગળભાઈ પ્રભુદાસ પટેલ
૯ ૨. શિવાભાઈ રણછોડભાઈ પટેલ
૧૦ ૨. ગોકળદાસ સાંકળચંદ શાહ
૧૧ ૨. ત્રિભોવન દિરજી સોની
૧૨ ૨. પાટણવાડિયા બાથી જુમા

મહદ મુકરદમાના સમયે, ગામમાં શેતરંજીનો વેપાર ધમધોકાર ચાલતો હતો. શેતરંજીનો નવોજ ધંધો શરુ કરનાર સૌ ભાઈઓ તહોમતદારોમાં હતા. પરિણામે, એમને એમના વેપારમાં અનહદ નુકશાન વેઠવું પડયું. તદુપરાંત, કેસ પાછળ ખુટે હાથે નાણું, વકીલો પાછળ વેરવું પડયું. વળી, સૌ તહોમતદારો જેલમાં ગોંધાઈ, એમના માટે કહ્યાર રહી કાર્ય કરનાર કોઈ બાહોશ ને પ્રતિષ્ઠિત મુરબ્બી ન હોત, તો કેસનું પરિણામ કેવું આવતે તે કહેવું સંકટ ભર્યું છે. ગામમાં અમુક માણસો તો તહોમતદારો ઠેકાણે પડી ગયા એમ માની દુઃખથી કુલાઈ જતા હતા. પણ ગામના પ્રતિષ્ઠિત મુરબ્બી શાહ ગોચરભાઈ હરિભાઈએ જેલમાં પડેલા તહોમતદારો માટે જે અપીલ કાઢી છે તે આજે બારની ઉજાણી માંહે નોખનાં આનંદ થાય છે. પોતાના પંથના ગોજારને દૂર કરવાથી,

Copyright © MEHUL PATEL © 2000-2050

એમણે કાર્ય કરવામાં પાછી પાની કરી નથી; એમ કરવા જતાં તેમને પોતાને પણ ધંધા રોજગાર ઉપરાંત અન્ય આર્થિક નુકસાનમાં ઊતરવું પડયું હશે એ નિઃશક હકીકત છે.

સ્વ. ભાઈલાલભાઇ મથુરદાસ પટેલ પણ મુંબઈ નોકરી પરથી કેટલાક સમય પૂરતી રજા લઈને ગામ આંબલા ને એમણે બનતી સહાય કરેલી એની નોંધ લેવી આવશ્યક છે.

આમ, અગાઉ પ્રમાણે,હિંદુઓમાં માંહેમાંહે પક્ષાપક્ષી તેમજ હિંદુમુસલમાનના સંબંધમાં વિક્ષેપો પડવાથી, તારકેસ જેવા ગંભીર પ્રસંગોમાં ગામને ઘણું જ નુકસાન વેઠવું પડયું. તારકેસની પૂર્ણાહુતિ પછી એટલે સને ૧૯૨૦ પછી ગામમાં હિંદુમુસલમાન કોમો વચ્ચે મીઠો સંબંધ શરુ થયો. સને ૧૯૩૦-૩૧-૩૨ નાં અસહકારનાં ગરમાગરમ વર્ષોમાં પણ આશ્ચર્યજનક ઐકય જળવાઈ રહ્યું. પરસ્પર આર્થિક લેવડ દેવડનો વ્યવહાર તેમજ મિત્રાચારી ભર્યો સંબંધ પુનઃ સ્થાપિત થયો. પરંતુ, સને ૧૯૪૬ના અરસામાં કોઈક હિંદુ ને મુસલમાન ભાઈઓ વચ્ચે આકસ્મિક ઝઘડો થયો. ઉત્તેજન મળતાં ઝઘડાએ મોટું સ્વરૂપ લીધું કેટલાક મુસલમાન ભાઇઓએ હિંદુ વસ્તીમાં આવેલા શ્રી પાળેશ્વર મહાદેવવાળા વાંકા તળાવમાંથી ઉઘાડે છોગે માછલાં કાઢવા પ્રયત્ન કર્યો હિંદુ ભાઇઓની લાગણી દુઃખાઇ. હિંદુ ને મુસલમાન આગેવાનો વચ્ચે સારો સંબંધ હોવા છતાંય, સંજોગોને વશ થઇ, બન્ને પક્ષ ઠાંઠે ચઢયા. જ્યાંસુધી કેસ ચાલ્યો ત્યાંસુધી બન્ને કોમ પરસ્પર સહકાર ને પ્રેમથી કાર્ય કરી શકી નહિ. પરંતુ આનંદની હકીકત છે કે ભૂતકાળની બીનાઓ ભૂલી જઇને હિંદુ મુસલમાન ભાઇઓ હવે પરસ્પર મીઠી ભાવનાઓથી વર્તે છે. ગામનાં સુલેહ ને શાંતિમાં વિક્ષેપ પડે એવું એક પણ કારણ હવે જણાતું નથી.

હિંદુ ને મુસલમાન બન્ને કોમનો ધંધો મુખ્યત્વે ખેતીનો છે. પરસ્પર આર્થિક લેવડ દેવડનો સંબંધ પણ ગાઢ છે. પરસ્પર સહકારની આવશ્યકતા ઘણી છે. લાગણી ઉશ્કેરાય એવું વર્તન કોમના આગેવાનો ઉગતાંજ ડાબી દે તો તેમાંથી ઝઘડો ઉત્પન્ન થવાનું કારણજ ન રહે.

(૩) અસહકારની લડત

સને ૧૯૧૬ના તારકેસ પરથી નરસંડા ગામની જાગૃતિ ને હિંમતભરી તમન્નાનું માપ સહેજે સમજી શકાય તેમ છે. સને ૧૯૨૧ના અરસામાં ગાંધિજીએ અસહકારની લડત ઉપાડી ત્યારે વિલાયતી કાપડનો બહિષ્કાર કરવામાં ને તે સામે સખત મોરચા માંડવામાં નરસંડા ગામ તાલુકામાં મોખરે હતું. ગામના આગેવાનોએ વિલાયતી પાઘડીઓ ઉતારી સ્વદેશી કાપડને અપનાવવાની શુભ શરુઆત કરી. તે સમયથી આજ સુધી ગામમાં સ્વદેશી કાપડનો ને ખાદીનો પ્રચાર ઠીકઠીક પ્રમાણમાં નજરે ચઢે છે.

બોડા સત્યાગ્રહના સમયે પણ નરસંડા ગામે લડતમાં આગળ પડતો ભાગ ભજવ્યો હતો. લડાઈના અંતમુખી મહેસુલ નહિ ભરી સરકારની અનેક પ્રકારની ધમકીઓ સામે પણ માથું ઉચું રાખ્યું હતું.

સને ૧૯૩૦ની મહાન રાષ્ટ્રિય લડત પ્રસંગે નરસંડા ગામ આજુબાજુનાં કણજરી, વડતાલ, કેરીઆવો, વગેરે ૧૩ ગામોનું લડતનું થાણું હતું. સ્વયંસેવકોની છાવણી નરસંડામાં રહેતી. સ્વયંસેવકોમાંથી સુણાવના ભાઇ ચુનિભાઇ વાલજીભાઇ પટેલ, ચકલાસીના ભાઈ ચતુરભાઇ ગલાભાઈ પટેલ, કંજોડાના ભાઇ રાનાભાઈ (રામ) વગેરેએ નરસંડા ગામમાં તેમજ આજુબાજુનાં થાણાનાં નકકી કરેલાં ગામોમાં રાષ્ટ્રિય લડતને વેગ આપવામાં ઘણીજ જહેમત ઉઠાવેલી

ગાંધિજી ને સરદારની હાકલ સાંભળી ગામ પણ સરકારનો સામનો કરવા માટે પગે તૈયાર થયું. ગુજરાતના વયોવૃદ્ધ આગેવાન સ્વ અબ્બાસ તૈયબજી ગામે પધાર્યા. તેઓશ્રીની શુભ હાજરીમાંજ ગામના મુખ્ય મતાદારોએ રાજીનામાં રજુ કરી દીધાં શ. મોતિભાઈ પ્રભુદાસ પટેલે બોડા. ડિસ્ટ્રીક્ટ લોકલબોર્ડના સભ્યપદનું રાજીનામું આપી દીધું. શ. કાલાભાઇ મથુરભાઇ પટેલે તાલુકા લોકલબોર્ડના સભ્યપદનું રાજીનામું આપી દીધું આમ, રાજીનામાંથી ગામમાં લડતની શરૂઆત થઈ. જમીન મહેસુલ નહિ ભરવાનો મકકમ નિશ્ચય જાહેર કર્યો. પ્રસંગ પડે તો જેલમાં જવાનો ને છેવટે સાયકચાટી રાજ્યની હદમાં ચાલ્યા જવાનો આખરી નિર્ણય પણ કરી લીધો. ગામમાં નિયમિત પ્રભાત ફેરી, સરઘસ ને સભા રોજ થતાં લોકોનો ઉત્સાહ અવર્ણનીય હતો. બારોબાર

Copyright © MEHUL PATEL © 2000-2050

સમાચાર મળવા માટે બસો બસો માણસ ભેગું થઈ જતું. તાલુકાની ને જિલ્લાની સત્યાગ્રહ પત્રિકાઓ પ્રતિબંધ હોવા છતાં છૂપથી વહેંચાતી ને વંચાતી. લોકોનો ઉત્સાહ દિનપ્રતિદિન વધતોજ ચાલ્યો. મહેસુલનો હપ્તો વસુલ કરવાનું સરકારને અશક્ય લાગ્યું. કેટલાક ખાતેદારો પર સરકારે નોટિસો કાઢી. લોકો પોતાના નિર્ણયમાંથી જરાય ચલિત ન થયા. ગામના મોટા ભાગના ખેડૂતોએ પોતાના ઘરનું રાચ રચીલું, ગાયકવાડી રાજ્યનાં નજદિકનાં ગામોમાં મોકલી દીધું. છેવટે, રા. લલ્લુભાઈ ભુલાભાઈ પટેલ, રા. ડાહ્યાભાઈ મથુરભાઈ પટેલ, રા. કુલાભાઈ રાઈજીભાઈ પટેલ, રા. શિવાભાઈ હિરજીભાઈ પટેલ, રા. ગિરધરભાઈ શંકરભાઈ પટેલ, વગેરે આગેવાન ગૃહસ્થોની દોરવણી હેઠળ લગભગ ૫૦ કુટુંબોએ ગામ ત્યજી ગાયકવાડી રાજ્યની હદમાં હિજરત કરી. નરસંડા ગામથી દોઢ માઈલને અંતરે આવેલા ગાયકવાડી રાજ્યના બાનબોરી ગામના ક્ષત્રિય ભાઈઓએ ને આસ કરીને સ્વ. ડાકોર નિશોરભાઈએ તેમનાં ખેતરોમાં ઝુંપડાં બાંધી વસવાટ કરવાની સગવડ ઘણીજ ખુશીથી કરી આપી. હિજરતીઓનું આ નાનકડું નવું ગામ 'સરદારનગર'ના નામથી ઓળખાતું. નજદિકમાંજ કેરીઆવી ગામના હિજરતી ખેડુતોનું 'સત્યનગર' આવેલું હતું. વળી, ખાસ વિશિષ્ઠતા તો એ હતી કે એક હિજરતી ભાઈના કુટુંબનો એક કન્યાના લગ્નોત્સવ પણ ત્યાં ખેતરોમાં બાંધેલાં ઝુંપડાંમાંજ ઉજવાયો હતો. લગ્ન જેવો પ્રસંગ પણ પાટીદાર ખેડુતે ઘણી મૂશ્કેલી વેઠીને ત્યાં ઝુંપડાંમાંજ ઉજવ્યો પણ પોતાના બ્રિટિશ વતનમાં ન આવ્યા એ એમની મક્કમતાનો સચોટ પુરાવો છે.

રાષ્ટ્રિય સપ્તાહની હિજરણી અર્થે નરસંડા થાણાનાં આજુબાજુનાં તેર ગામોમાં એક રાષ્ટ્રિયસંઘ રા. શિવાભાઈ હિરજીભાઈ પટેલની સરહદરી નીચે ઉપાડવામાં આવ્યો હતો. શ્રી. શિવાભાઈની તેજભરી વાણીએ દરેક ગામના લોકો પર સચોટ અસર કરી. ગામેગામ ગેરકાયદેસર જાહેર થયેલી મહાસભાના સભ્યો ઝડપભેર ને મોટી સંખ્યામાં નોંધાવા લાગ્યા. અને, તે સમયની સભ્યોની નોંધણી રાષ્ટ્રિયસંઘને મગરુરી ઉપજાવે તેવીજ હતી. હજીયે પચ્ચ દરવર્ષ સામાન્ય રીતે લગભગ ૭૫થી ૧૫૦ સભાસદો નરસંડા ગામમાંથી નોંધાયા છે.

એવા મુકામે દાઢનાં બીડાંના લીલાંછમ સમયે ગામમાંથી લગભગ ૫૦-૬૦ ઝીપુડયો પીકેટીંગ અર્થે ગયેલાં. તદુપરાંત, દેશી કાપડની દુકાનો પર પીકેટીંગ માટે લગભગ ૧૭ બાઈબ્હેનો ગામમાંથી નહિયાદ ગયેલા ને ત્યાં એક માસ સુધી સતત ને સફળ પીકેટીંગ કરેલું. ધરાસણાના મીઠાના અગર પરની કૂચ સમયે પણ નરસંડા-માંથી બાર ભાઈઓ ગયા હતા.

લડત દરમિયાન પોલિસે ગામમાં એક વખત લાઠીચાર્જ કર્યો હતો. રા. શિવાભાઈ હિરજીભાઈ પટેલના દંડની વસુલાત માટે જપ્તી કરવા સારુ પોલિસ આવેલી તે દિવસે પોલીસે ગામમાં સ્વયંસેવક તરીકે કાર્ય કરતા આણંદોલના વતની પટેલ છોટાભાઈ સોમાભાઈને ચાર-પાંચ ફટકાની પ્રસાદી આપેલી વળી, નોંધવા યોગ્ય હકીકત એ છે કે તે સમયના એક રાવણુયા પગી મેવા વખાએ હિંમત હારીને સરકારી નોકરીનું રાજીનામું આપી દીધું. એના હિંમત ભર્યા પગલાથીખૂશ થઈ રા. પા. પોરિભાઈ ગોકળભાઈ'એ' જેલમાંથી છુટીને આવ્યા પછી રાજીખૂશીથી પોતાની દોઢ વિઘું જમીન બે વરસ માટે વિના સાંથે ખેડવા એને આપી.

આમ, નાકરની લડતમાં ગામે પોતાનો સંપૂર્ણ ફાળો નોંધાવ્યો હતો એટલામાં, ગાંધિ-ઇરવિન સંધિ થઈ. લડાઇ સંકેલી લેવાનું મહાસભાએ ફરમાન કાઢયું. સારાયે દેશની જેલોમાંથી રાજદ્વારી કેદીઓને મુકત કરવામાં આવ્યા. હિજરતે ગયેલા ખેડુતો પણ વતનમાં પાછા આવ્યા. મહાસભાના હુકમ અનુસાર મહેસુલ ભરી દેવાયું તેજ અરસામાં ગાંધિજીએ ખેડા જિલ્લાની મુલાકાત લીધી. નરસંડા ગામના સત્યાગ્રહીઓની વિનંતિને માન આપીને ગાંધિજી ને સરદાર વલ્લભભાઈએ ગામમાં પધારી પ્રજાને બિરદાવી હિજરતીઓને એમની હિંમત ને કાર્ય માટે અભિનંદન આપ્યાં.

આમ, જ્યારે જ્યારે મહાસભાએ દેશને હાકલ કરી છે ત્યારે નરસંડા ગામે એનો જવાબ યોગ્ય કાર્યથી વાળ્યો છે. ધારાસભા તેમજ લોકલબોર્ડની ચૂંટણી સમયે મહાસભાએ પસંદ કરેલા ઉમેદવારોની તરફેણમાં મતો નોંધાવવામાં ગામે કદી ઉદાસિનતા દાખવી નથી.

Copyright © MEHUL PATEL © 2000-2050

લડત દરમિયાન જેલનિવાસી થયેલા ભાઈઓની નામાવલિ :—

૧	સને ૧૯૩૦ ની પ્રથમ લડત સમયે :—	સજા + દંડ
૧	રા. શિવાભાઈ હિરજીભાઈ પટેલ	૭ માસ + રૂા. ૫૦
૨	રા. પોપટભાઈ ગોકળભાઈ પટેલ	ત્રણ માસ + રૂા. ૩૦
૩	રા. કુલાભાઈ ગોકળભાઈ પટેલ	,, ,,
૪	રા. શિવાભાઈ પ્રભુદાસ પટેલ	,, ,,
૫	રા. મંગળભાઈ રણછોડભાઈ પટેલ	,, ,,
૪	સને ૧૯૩૧-૩૨ ની લડત દરમિયાન:—	
૧	રા. લલ્લુભાઈ મૂલાભાઈ પટેલ	દોઢ વરસ + રૂા. ૫૦
૨	રા. સોમાભાઈ ગુજરભાઈ પટેલ	૭ માસ + રૂા. ૫૦

૧૧

કેળવણી વિષયક સંસ્થાઓ.

(૧) ગુજરાતી કુમારશાળા.

નરસંડાગામમાં અગાઉ ગુજરાતી શાળા વ્યવસ્થિત સ્વરુપમાં નહોતી. પંડ્યા મહેતાજી પોતાને ત્યાં આનગી શાળા ચલાવતા. પરંતુ આ શિક્ષણ પદ્ધતિ સરનું નહિ હોવાથી છોકરાઓને ભણાવવા પ્રત્યે લોકોનું ધ્યાન ગાઢું ખેંચાતુ નહિ. પરિણામે, સંખ્યા ઘણીજ ઓછ રહેતી. કેળવણીનું ગાઢું મહત્વ પણ દેખાયું નહિ. છેવટે, આજથી ૭૬ વર્ષ પહેલાં સને ૧૮૬૩ ના જાન્યુઆરિની ૧૪મી તારીખે સરકાર તરફથી ગુજરાતીશાળાની સ્થાપના થઇ. શાળા માટે સ્વતંત્ર મકાનની તાત્કાલિક જોગવાઇ થઇ શકે એમ નહિ હોવાથી ગામના ચોરાના એક ભાગમાં છોકરાઓને બેસાડવાની વ્યવસ્થા કરવામાં આવી. લગભગ ત્રણ વર્ષ સુધી આ પ્રમાણે શાળા ચોરાના મકાનમાં ચાલુ રહી. દરમિયાન, હાલમાં આવેલાં શાળાનાં બે મકાનમાંથી પૂર્વ દિશા તરફનું ઉંચા ઓટલાવાળું મકાન બાંધીને પૂરુ થયું. અને, શાળાને ચોરામાંથી ખસેડી આ નવા બંધાવેલા મકાનમાં સને ૧૮૬૬ ના સપ્ટેમ્બરની ૪થી તારીખે લઇ જવામાં આવી.

નવા મકાનની સગવડ થવાથી શાળા કેટલેક અંશે વ્યવસ્થિત સ્વરુપમાં મૂકાઈ. તેથી, સામાન્ય રીતેજ પોતાનાં બાળકોને ભણાવવા તરફ લોકોનું લક્ષ્ય ખેંચાયું. સમય જતાં બાળકોની સંખ્યા શાળામાં વધવા માંડી . છોકરીઓ માટે નોખી નિશાળ નહિ હોવાથી, મકાનની સગવડતાના પ્રમાણમાં બાળકોની સંખ્યા વધી ગઈ. એકજ મકાનમાં સમાવેશ કરવો એ કઠિન કાર્ય હતું, પરિણામે, સને ૧૯૦૮માં છોકરીઓ માટે નોખી શાળાની સ્થાપના કરવામાં આવી. છોકરીઓ માટે નોખી શાળા શરુ થવા છતાંય, ગુજરાતી કુમાર શાળામાં વધતી જતી સંખ્યાને પહોંચી વળવા માટે વધારાના બીજા મકાનની જરૂર જણાવા લાગી. જુના મકાનની સામેજ વધારાનું

Copyright © MEHUL PATEL @ 2000-2050

નવું મકાન બાંધવાની શરૂઆત કરવામાં આવી ને ગયે ૧૯૧૧ના ઑગષ્ટની ૨૫મી તારીખે ઉદ્‌ઘાટન ક્રિયા કરી શાળા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું. આમ, કુમારશાળાનાં બે મકાનો કામ ચલાવે. હાલમાં વિદ્યાર્થીઓનો સમાવેશ સારવડ ભરી નીકળી શકે નહીં. જિલ્લા લોકલ બોર્ડ યા કોઈ સખી ગૃહસ્થ શાળાની વધતી જતી સંખ્યા ધ્યાનમાં લઈ શાળાને લગતો એક હૉલ બંધાવી આપે એ વધુ પડતી માગણી નજ લેખાય.

કુમારશાળા ચોરાની પાસે ઊંચાણવાળી જગાપર આવેલી છે. એનાં બે મકાન વચ્ચે સુંદર બાગ ને કેટલાય વર્ષોનાં સ્મરણો ઝીલતાં લીમડાનાં ઝાડો ઉભાં છે. એ બાપણા બુના સાથી જેવા લીમડાની મીઠી છાંય નીચે બેસીને બાળપોથીના પાઠ ને ગણિતના આંક ગોખેલા એનાં સ્મરણો સ્મરણપટ પરથી ભૂંસી શકાય એમ નથી.

શાળા માટે પાણીની સ્વતંત્ર પરબ છે. તેમજ શાળાની દક્ષિણ દિશાએ એની લગોલગ રમત ગમતને માટે ખુલ્લી જગા છે. નરસંડાના રા. ગોવિંદભાઈ ખાનરભાઈ પટેલે આશરે રૂા. ૬૦) જેટલી રકમ શાળામાં બાથામનાં સાધનો આપ કરીને ઝિંચકો વગેરેના માટે આપ્યા છે. તદનુસાર ઝીંચકાની વ્યવસ્થા થઈ ગઈ છે. શાળાના માજી હેડમાસ્તર ઉત્તરસંડાના પટેલ ફકીરભાઈ હરિલાલના ઉત્સાહી ને વ્યવસ્થિત કાર્યથી શાળામાં આધુનિક જરૂરિયાતો અનુસાર ઘણા ફેરફાર ભારૂપ પડે છે. શાળાને લગતાં કરેક પ્રકારની માહિતિવાળાં પત્રકો બનાવી તેમજ વિદ્યાર્થીમાં રસ ને કુતૂહલ ઉત્પન્ન કરે એવા બાબુપાયોગ ચિત્રો, પત્રકો નકશાઓ વગેરે મહેનત ને ઝીણવટથી તૈયાર કરી શાળાને આધુનિક ઢબ પર લાવવાનો પ્રયાસ કર્યો છે. હાલના હેડમાસ્તર ચિખોદરાના રા. લલ્લુભાઈ મોતીભાઈ પટેલ પણ. સારામાં ઉત્સાહી, કરેલ ને અનુભવી હોઈ શાળાનું કાર્ય સંતોષકારક ચાલે છે. હાલમાં શાળામાં સાત ધોરણ ચોપડીના વર્ગ ચાલે છે ને વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ ૨૨૮ જેટલી છે.

(૨) ઉર્દુશાળા

મુસલમાનોને ઉર્દુનું જ્ઞાન આપ થાય એ હેતુથી ઉર્દુશાળા રાખી આવેલી છે. પરંતુ બહુ મુસલમાન વિદ્યાર્થીઓ ગુજરાતી કુમાર શાળામાંજ અભ્યાસ કરે છે.

રા. રા. માણેકજી બેચરજી દવે
કન્યાશાળાનું આલિશાન મકાન બંધાવી આપનાર ગૃહસ્થ.

આશ્રમ
પ્રેસ
નડીઆદ

Copyright © MEHUL PATEL © 2000-2050

(૩) અંત્યજ શાળા

અંત્યજ ભાઈઓની વસ્તી સારા પ્રમાણમાં હોવાથી એમના માટે પણ એક નોખી શાળા એમના હવાલામાં આવેલી છે. અંત્યજ બાળકો ગુજરાતી ૪ ધો. કુમાર શાળામાં દાખલ થાય એવા પ્રયાસો થાય છે.

(૪) કન્યાશાળા

ગામમાં અગાઉ છોકરીઓ માટે નોખી શાળા નહોતી. ગુજરાતી શાળાની પ્રથમ સ્થાપના થઈ ત્યારે છોકરાઓ ને છોકરીઓની નિશાળો ભિન્ન નહોતી પરંતુ, આજથી ત્રીસેક વર્ષ અગાઉ સને ૧૯૦૮માં લોકલ બોર્ડ તરફથી છોકરીઓ માટે સ્વતંત્ર શાળા શરૂ કરવામાં આવી. નોખી કન્યાશાળા તથા નોખી ઉર્દુશાળાની સ્થાપના ગુજરાતી શાળાના તે સમયના હેડમાસ્તર શ્રી હરિપ્રસાદ નામચંદ ભટ્ટના પ્રયાસોને આભારી છે. જો કે એના માટે સ્વતંત્ર પોતાનું મકાન હતું નહિ પરંતુ ધર્મશાળાની માલિકીના એક મકાનના બે ઓરડા કન્યાશાળા બેસાતી. આ મકાન ઘણું નાનું હોવાથી છોકરીઓની વધતી જતી સંખ્યાને સગવડતા પૂર્વક સમાવી શકે એવી સોઈ ને હવાઉજાસવાળા મકાનની જરૂર ઉભી થઈ. લોકલ બોર્ડ મોટી રકમ ખર્ચીને મકાન બાંધી આપવા તૈયાર નહોતું ગામમાંથી પણ મોટી રકમ મળે એવા સંજોગો નહોતા. આમ, કન્યાશાળાનું સ્વતંત્ર મકાન બાંધી શકાય એમ બહુ ઓછી આશા હતી. પણ, ગામના આગેવાન ગૃહસ્થોના પ્રયાસથી, ગામના વતની ને મદ્રાસમાં વેપારાર્થે વસતા શ્રી માણેકજી ખેરાજ હવેએ કન્યાશાળાના સ્વતંત્ર મકાનની જરૂરિયાત સમજી, મકાન બાંધવા માટે રૂા. ૫,૦૦,૭) આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી. સ્વતંત્ર ને વિશાળ મકાન બાંધવાનું જોઈ સારા મોકાવાળી જગ્યા પસંદ કરવાનું ને મેળવવાનું કાર્ય કઠિન હતું. ગામના પાદરે મહી બાગળની જમીન પર પસંદગી ઉતરી પણ પાસે ખાઈ આવેલી હોઈ તેમજ મકાન બહુલું પડી જવાના ભયે, એ જગાનો વિચાર છોડી દેવાયો. છેવટે ઘણી તપાસ પછી ગામની મધ્યમાં ને ધર્મશાળાની નજદિકમાં રાજમાર્ગ પર આવેલાં ઉકરડીનાં ઘર ને ચોક પર સૌની પસંદગી પડી. યોગ્ય

Copyright © MEHUL PATEL © 2000-2050

વળતર આપી સદર જમીન ખરીદી લેવાને શ્રી સંમત થયા. ધોળી મંગળભાઈ સોમાભાઈએ કોઈપણ જાતના વિરોધ વિના, યોગ્ય કિંમત લઈ ઘરાં ને જમીન આપી દેવા મરજી બતાવી. એટલે સદર જમીનની કિંમત રૂા. ૧૫૦૦) ઠરાવીને ખરીદી લેવામાં આવી. સદર જમીનની સાથેજ રા. પા. કાલાભાઈ મથુરભાઈની જમીન હતી. આ જમીનના કબજા માટે કોર્ટ લડતાં જેમને રૂા. ૨૦૦) જેટલો ખર્ચ થયેલો. એટલે તેમણે પણ ખર્ચ જેટલા રૂા. ૨૦૦) લઈને જમીન રાજીખુશીથી આપી. દસ્તાવેજ વગેરેનો ખર્ચ મળી કુલ રૂા. ૧૮૦૦)માં મકાન ચણવા માટે જમીન ખરીદવામાં આવી. અને ૧૯૩૧ માં રા. પા. વેણિભાઈ પ્રભુદાસની દેખરેખ નીચે મકાન ચણવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું. રૂા. ૭૬૦૦) જેવી મોટી રકમના ખર્ચે સને ૧૯૩૩ માં કન્યાશાળાનું આલિશાન ને સુશોભિત મકાન પૂરું થયું. પ્રથમ પગલે રૂા. ૫૦૦૦) જેટલા રકમ આપવાની શ્રી માણેકજીએ ઈચ્છા બતાવેલી પરંતુ, વધુ રકમની અનિવાર્ય જરૂર ઉભી થયેલી જણાતાં, મકાનનું કુલ ખર્ચ આપવાની ઉદારતા તેઓએ દાખવી. આમ, એકંદરે રૂા. ૯૪૦૦) જેવી ગંજાવર રકમ દાન આપી તેઓશ્રીએ પોતાના વતન પ્રત્યેની ફરજ અદા કરી છે. તેઓશ્રીનાં માતુશ્રી સ્વ. મંછાબાઈના સ્મરણાર્થે કન્યાશાળાનું નામ સ્વ. મંછાબાઈ કન્યાશાળા રાખવામાં આવ્યું છે.

સદર કન્યાશાળાના મકાનની ઉદ્‌ઘાટનક્રિયા જાણીતાં સમાજ સુધારક શ્રીમતી શારદાબ્હેન મહેતાના વરદ હસ્તે સને ૧૯૩૪ માં કરવામાં આવી હતી. તે સમયથી કન્યાશાળા નિયમિત પણે નવા બંધાયેલા મકાનમાં બેસે છે.

લોકલ બોર્ડ તરફથી મકાનનું ભાડું વાર્ષિક રૂા. ૮૪) ઠરાવવામાં આવ્યું છે. સદર ભાડાની રકમમાંથી રૂા. ૨૫) રીપેરીંગ ખર્ચ માટે, રૂા. ૧૫) પાણીની પરબ માટે અને રૂા. ૪૪) શિવણ, ભરતકામ માટે જમા રાખવામાં આવે છે.

કન્યાશાળામાં બાળવર્ગથી ૭ ધોરણ સુધીનો અભ્યાસ ચાલે છે. વિદ્યાર્થીનીઓની સંખ્યા ૧૧૯ની છે. પતિવર્ષ છઠ્ઠા ધોરણની વિદ્યાર્થીનીઓની વર્નાકયુલર ફાઈનલની પરીક્ષા માટે અભ્યાસ કરેછે.

(૫) અંગ્રેજી સ્કુલ.

નરસંડા ગામમાં સને ૧૯૧૨ ના અરસામાં પ્રથમ ઑગ્લો વર્નાકયુલર સ્કુલની સ્થાપના થઈ. પરંતુ, તે સમયે, અંગ્રેજી કેળવણી ખાસ દાખલ થઈ હોવાથી, લોકોને એમાં ઝાઝો રસ નહોતા. શાળાના ઉત્સાહી શિક્ષક, નડિયાદના મી. બી. બી. શાહ ગુજરી જવાથી શાળા વ્યવસ્થિત રીતે ચાલી શકી નહિ. પરિણામે ફુંકે ફુંકતમાંજ પડી ભાંગી. સને ૧૯૧૪ ના વિશ્વયુદ્ધના વાદળાં તેજ બનેલા ધંધાઉદ્યોગમાં પડેલા ગામના લોકોને અંગ્રેજી કેળવણીની આવશ્યકતાનો ખ્યાલ ન આવી શકયો. પરિણામે, લગભગ ૧૫-૧૬ વર્ષ સુધી અંગ્રેજી કેળવણીનું કાર્ય બોરજે પહોચ્યું. ગામમાં આમ, અંગ્રેજી શાળા નહિ હોવાથી બહારગામ નડિયાદ, ઉત્તરસંડા વગેરે જ્યાંએ પોતાનાં છોકરાંઓને ભણવા મોકલવાની લોકોએ ઝાઝી જહેમત ઉઠાવી નહિ. જો કે નડિયાદ, ઉત્તરસંડા, આણંદ વગેરે બોએ અંગ્રેજી સ્કુલો હોવાથી, કટકટક આંગે એના લાભ ગામના વિદ્યાર્થીઓને મળતોજ રહ્યો.

હવે, સને ૧૯૨૨માં અંગ્રેજી કેળવણીનાં જે બીજ વાવેલાં તે સને ૧૯૨૮માં ફળ્યાં. મૂળ નડિયાદના વતની પણ બાલેજ ભાગમાં કેટલીયે પેઢીઓથી નરસંડાને વતન કરીને રહેલા રા. પા. ભાઈલાલ ભાઈ મથુરદાસે રૂા. ૧૦૦૦) ની રકમ, પ્રથમ પગલે, અંગ્રેજી સ્કુલની શરુઆત કરવા માટે ગામના આગેવાનોને આપી આ રકમ જો ન મળી હતે તો અંગ્રેજી કેળવણીનું કામ કેટલાં વર્ષ બોરજે પડતે તે કહી શકાય નહિ. આમ, સને ૧૯૨૮ના એપ્રિલની ૧લી તારીખે ત્રણ ધોરણની મિડલ સ્કુલ ચી બી. એમ પટેલ ઈગ્લીશ સ્કુલના નામથી શરુ કરવામાં આવી. તેજ વરસાંત મુંબઈ સરકારના કેળવણી ખાતા તરફથી મંજુર પણ થઈ.

ઉત્તરવિભાગના ભાજી એ જ્યુકેશનલ ઇન્સ્પેક્ટર મી. એમ્ એસ. કેમેરોન; તે પછીના એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર રા. બ. બી. જે. જી. શાસ્ત્રી; ભાજી ડે. એ. ઇ. શ્રી એન. એલ. બ્રહ્મચારી; ડે એ. ઇ. શ્રી શેઠ વગેરેએ સ્કુલની વીઝીટ લઈ એનું પ્રગતિજનક કાર્ય નિહાળી ઘણોજ સંતોષ પ્રદર્શિત કર્યો છે.

Copyright © MEHUL PATEL © 2000-2050

મુંબઇ સરકારનું કેળવણીખાતું દુકની રૂા. ૧૭૫) સ્કુલની ગ્રાન્ટ તરીકે પ્રતિ વર્ષે મંજુર કરે છે.

ગયે વર્ષ રૂા. ૭૫ વધારાની ગ્રાન્ટના મળ્યા છે. પરંતુ ખરેખરું કે સદર ગ્રાન્ટમાં પ્રતિવર્ષ હીસાબે વધારો થયે જશે.

વિદ્યાર્થીઓની ફી, તદુપરાંત, ગામમાં આથની તથા ગામમાંથી જરી બીજા સમયે સ્કુલને જે કાંઇ બક્ષિસ મળે તે સ્કુલની આવકનાં મુખ્ય સાધન છે. વળી, સ્કુલના હીટ ટીચર શ્રી ભાઇલાલભાઇ મથુરાંદાસ જેવા સણી ગૃહસ્થ સ્કુલ પ્રત્યે મમતા ધરાવીને જરૂર પડયે મદદ કરવાનું ચુકતા નથી.

સ્કુલમાં, હાલ, અંગ્રેજી ત્રણ ધોરણ સુધીના અભ્યાસની વ્યવસ્થા છે. તદુપરાંત, ચોથું ધોરણ પણ વધારામાં ચલાવવાની શરુઆત કરી છે. વિદ્યાર્થીઓની સંખ્યા લગભગ ૬૦ની છે. આજુબાજુના લગભગ બધાં ગામોમાં એક શિક્ષકવાળી નાની નાની સ્કુલો થઈ જવાથી બ્હાર ગામથી આવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઘટી ગઇ છે.

સ્કુલને માટે સ્વતંત્ર મકાન નથી. પરંતુ ધર્મશાળા વિશાળ હોઈ એનો રાજમાર્ગ પરનો મેડાવાળો ભાગ સ્કુલના ઉપયોગ માટે લેવામાં આવે છે. મકાન બારી બારણાવાળું હોઇ ઉનાસવાળું તેમજ સારી સોઇવાળું છે.

સ્કુલનો વહીવટ કમીટી દ્વારા ચલાવવામાં આવે છે. સ્કુલના મેનેજર તરીકે રા. રા. ડાહ્યાભાઇ મથુરભાઇ પટેલ કાર્ય કરે છે. હિસાબનીશ ને સેક્રેટરીનું કાર્ય શ્રી પુંજાભાઇ ઓત્તમભાઇ પટેલ ચલાવે છે. અન્ય મેમ્બરો વગેરે સ્કુલ કમિટીનો ટુંકો પુસ્તકમાં આપેલો છે.

સદર અંગ્રેજી સ્કુલમાં શિક્ષકોની સંખ્યા પૂરતા પ્રમાણમાં છે એમ ધોરણ માટે ચાર શિક્ષકો રોકવામાં આવ્યા છે.

કોઇનું માનવું એમ હોય છે કે સ્કુલને સ્વતંત્રપણે ચલાવવા કરતાં લોકલબોર્ડ તાબે સોંપી દેવામાં આવે તો ફકત અંગ્રેજી વિષય

(ડાબી બાજુથી જોતાં) (૧) રા. મણીભાઇ મોતીભાઇ પટેલ (૨) રા. ખોડાભાઇ મણીભાઇ પટેલ (૩-૪) બે છોકરા (૫) રા. ડાહ્યાભાઇ મથુરભાઇ પટેલ (૬) રા. ભોગીલાલ મણીભાઇ પટેલ (૭) રા. કેશવભાઇ ડાહ્યાભાઇ પટેલ (૮) રા. ભોગીલાલ દલીચંદ ઝવેરી (૯) રા. ભાઇલાલ મોતીભાઇ પટેલ (૧૦) રા. દલસુખભાઇ ભોળાભાઇ પટેલ (૧૧) રા. પુંજાભાઇ ઓત્તમભાઇ પટેલ (આમ. ટીચર) (૧૨) પટાવાળો.

Copyrights © MEHUL PATEL ® 2000-2050

માટેજ એક શિક્ષક રોકવો પડે. પણ આ યોજના, વિદ્યાર્થીઓની પ્રગતિને અવરોધનારી હોવાનો સંભવ છે. 'એક માસ્તરિયા' નિશાળોમાં પૂરેપુરું ધ્યાન વિદ્યાર્થીઓ પર નહિ આપી શકવાથી વિદ્યાર્થીઓની શક્તિઓ, પ્રારંભમાંથીજ ખીલી શકતી નથી. બહેકે, શિક્ષકોના ડાબેજ અકાળે કચડાઈ જાય છે. વળી, લો. બો. ગુજરાતી શાળા સાથે જોડી દેવાથી, અંગ્રેજી ફોગવણીનો સ્વતંત્ર ખ્યાલ અને જોમવું વાતાવરણ વિદ્યાર્થીઓ પર ઝાઝું અસર કરતું નથી. પરિણામે, વધુ અભ્યાસ માટે હાઇસ્કુલોમાં તેઓ દાખલ થાય ત્યારે ત્યાંનું અજોમવું વાતાવરણ નીરખી આ બીજ અનુભવી વિદ્યાર્થીઓ ઠગાઈ જાય. પરિણામ એ આવે કે એમનામાં ડરપોકતા ને નિરુત્સાહ ઉદ્ભવે છે. એમનો વિકાસ કુંઠાય છે તે એમની શક્તિઓ ન ખીલતાં તેઓ સાધારણ વિદ્યાર્થીઓ બની જવા સંભવ છે.

સ્થાનિક અંગ્રેજી સ્કુલમાં અભ્યાસ પૂરો કરીને વધુ અભ્યાસ માટે વિદ્યાર્થીઓ ઉત્તરસંડા થી કૉરોનેશન હાઇસ્કુલ, તેમજ નડિયાદ ની હાઇસ્કુલોમાં દાખલ થાય છે. રેલ્વે ટાઈમ અનુકૂળ નહિ હોવાં અગાઉ નડિયાદ અભ્યાસાર્થે જવામાં ઘણીજ અગવડતાઓ નડતી અનેકવિધ અગવડતાઓ છતાંયે ગુજરાતી વિદ્યાર્થીઓ નડિયાદ અભ્યાસાર્થે જતા. (જાય છે) તે સમયના નિર્દોષ આનંદો સ્મરણપટ પરથી કેમ કરી ભુંસાય ? વર્તમાન વ્યવહારુ જીવનની સરણામણીએ ભુતકાળના પડદા પાછળ ઢંકાયલું એ નાજુક જીવન કેવું સૌંદર્ય મયું, કલ્પનામય ને નીરું ભાસે છે! છેલ્લાં બે વર્ષથી રેલ્વે કંપનીએ વડતાલ જતી ટ્રેઈનના ટાઈમ નડિયાદ વડતાલ વચ્ચે વધાર્યા હોવાથી તેમજ નરસંડાથી ફક્ત એક માઈલને અંતરે ભુમેલનું ફ્લેગ સ્ટેશન શરુ થવાથી ગામના મોટા ઉપરાંત વિદ્યાર્થીઓને નડિયાદ જવાના તે આવવાના ટાઈમ ઘણાજ સાનુકૂળ બન્યા છે.

(૬) પુસ્તકાલય.

નરસંડા ગામમાં પુસ્તકાલયની સ્થાપના વિષેની ચોકકસ તારીખ મળી શકતી નથી. પરંતુ લગભગ વિસેક વર્ષ પર એની શરુઆત કરવામાં આવી હતી એમ માનવાને કારણ મળે છે. પ્રારંભમાં, લગ-

Copyright © MEHUL PATEL © 2000-2050

આગ ૩૦૦ ઉપરાંત પુસ્તકોની સંખ્યા પુસ્તકાલયમાં હતી રેકોર્ડ-પરથી રહેજે જણાઈ આવે છે કે વાંચનાર ભાઈબહેનોની સંખ્યા પણ ઠીકઠીક પ્રમાણમાં હતી. પરંતુ, ટાઇમ ફાજલ પાડી સેવા ભાવે સતત કાર્ય કરે એમ કોઈ નહિ હોવાથી પુસ્તકાલયની વ્યવસ્થા સારી પેઠે થઈ શકી નહિ. એટલે, શરૂઆતનાં વર્ષોનો ઉત્સાહ મંદ પડી જવા લાગ્યો. અગત્યનાં પુસ્તકો પણ રદ્દેદફે થઈ ગયાં. હાલમાં લગભગ ૨૦૦–૨૫૦ પુસ્તકો છેલ્લાં પાંચ સાત વર્ષથી કબાટોમાં નજર કેદ ભોગવી રહ્યાં છે. થોડાક વખત પહેલાં, ગામના યુવાન વિદ્યાર્થીભાઈઓએ પુસ્તકાલયને વ્યવસ્થિત કરવા પ્રયત્ન કર્યો હતો. પરંતુ, વેકેશન પછી તેઓ પણ ગામ-કૉલેજમાં ચાલ્યા જવાથી લાયબ્રેરીનું કાર્ય ખોરંજે પડ્યું. હવે તો નવેસરથી બંધાતા પુસ્તકાલયના મકાન પર સૌની નજર હોવાથી જુનાં પુસ્તકોને ભાગ્યેજ કોઈ ખલેલ કરે છે.

પુસ્તકાલયને આગે સ્વતંત્ર મકાન હોય તો પુસ્તકાલય વ્યવસ્થિત પાયા પર સતત ચાલુ રહે એ હેતુથી ચોરા પાસે ચંદની ચોકમાં નવું મકાન બાંધીને તૈયાર કર્યું છે. સદર પુસ્તકાલયનું મકાન બાંધવાની પ્રેરણા ગામના વતની રા. પા. ફકીરભાઇ બાપુજીને આભારી છે. પોતાની જિંદગી દરમ્યાન શિક્ષકના ધંધામાંથી જે ઠોઈ રકમ બચાવી હતી. તેમાંથી રૂા. ૨૦,૦,૦) ની રકમ પુસ્તકાલય બાંધવાનો શરતે આપવાની તેઓએ ઇચ્છા પ્રદર્શિત કરી. રા. માણેકજી ખેચરજી દવેએ પણ રૂા. ૧૦૦૦) ની રકમ આપવાનું ઠરાવ્યું. પરંતુ, રૂા. ૩૦૦૦)ની રકમ મોટું ને સારી સોઈવાળું મકાન બાંધવા માટે ઘણીજ ઓછી પડશે એમ જણાયું. કારણ કે એવો પણ વિચાર હોય એમ જણાય છે કે મકાન બેડાબંધી બાંધવું જેથી ઉપરનો ભાગ પુસ્તકાલય માટે, ને નીચેનો ભાગ દવાખાના માટે ઉપયોગમાં લેવો. આમ, એકજ મોટું મકાન બંધાવવાથી, ગામની બે જરૂરિયાતોનો સમાવેશ થઈ શકે. આવું મોટું ને સુશોભિત મકાન તૈયાર કરતાં ખર્ચનો અંદાજ પણ વધી જતો હતો. શરૂઆતમાં, કેવળ મકાન બાંધવા માટેજ ખર્ચનો અંદાજ રૂા. ૪૫૦૦)થી રૂા. ૫૦૦૦) જેટલો ધારવામાં આવ્યો. ખૂટતી રકમ આગળ ઉપર પ્રયાસ કરવાથી મળી રહેશે એમ ધારી મકાન બાંધ-

પ્રથમ વૈકુંઠવાસી

રા. રા. શિવાભાઈ ચાંચળભાઈ પટેલ
બી. એ., એલ. એલ. બી.



વાનું નક્કી કરવામાં આવ્યું. જગાની પસંદગી માટે ઘણી ચર્ચા થયા પછી ચોરા પાસે ચંદનીચોકમાં શ્રી રણછોડજીના મંદિર તેમજ શ્રી સ્વામિનારાયણના મંદિરના તાબાની બે ઓરડીઓ વાળી જગા પર છેવટની પસંદગી ઉતરી. સદર જગ્યા, ગામના આગેવાનોએ પુસ્તકાલયનું મકાન બાંધવા માટે વિનામૂલ્યે આપવાની ઉદારતા દાખવી.

આમ, રા. પા. વેણિભાઈ પ્રભુદાસની દેખરેખ નીચે મકાન બાંધવાનું કાર્ય સને ૧૯૩૫ માં શરૂ કરવામાં આવ્યું. ત્રણ વર્ષનો સમય ગયો છતાં હજીયે મકાન સંપૂર્ણ તૈયાર થઈ શકયું નથી. મકાનના બાંધકામ દરમિયાન ખર્ચનો અંદાજ ધારણા કરતાં ઘણોજ વધી જશે એમ જણાયું અને તેથી ખૂટતી રકમ મેળવવા માટે પ્રયાસ કરવાની જરૂર જણાઈ. ગામના પ્રતિષ્ઠિત આગેવાનોની સહીથી ફંડ માટે વિનંતિપત્ર પ્રસિદ્ધ કરવામાં આવ્યું.

તદનુસાર, રા. વેણિભાઇ પ્રભુદાસને મુંબઇ, સુરત વગેરે શહેરમાંથી આમ, એકંદરે રૂા. ૬૨૪૦ આજ સુધીમાં મળ્યા. ગામમાંથી લગભગ રૂા. ૬૨૪૦ જેટલી રકમ મળી શકી. પૈસા ભરનારની યાદિ પુસ્તકમાં અન્યત્ર આપી છે. ગામમાં અમુક પ્રતિકૂળ સંજોગો ઉભા થયા ન હોત તો વધુ રકમ ગામમાંથી એકઠી થઈ શકત. આમ એકંદરે રૂા. ૬૨૪૦) જેટલી રકમ મળી શકી પણ, હાલમાં મકાનનું ખર્ચ, બાકી રહેલા પ્લાસ્ટર વગેરેનો અંદાજ ઉમેરતાં રૂા. ૭૬૦૦) સુધી પહોંચી જવા પામે છે એમ જણાય છે. ખૂટતી રકમ માટે હજીયે પ્રયાસ કરવો પડશે. તદુપરાંત, જેના માટે આ આલિશાન મકાન બાંધવામાં આવ્યું છે, તે પુસ્તકો ને તેને લગતા ફર્નિચરના ખર્ચનો અંદાજ આસરે રૂા. ૨૦૦૦) સુધી ગણી શકાય તેમજ કાયમફંડની રકમ ઉમેરતાં લગભગ હજીયે રૂા. ૫૬૦૦) જેટલી રકમની જરુર ઉભી છેજ. સદર મકાનનું નામ દયાનંદ-ભવન રાખવામાં આવ્યું છે. વાંચનાલયનું નામ શ્રી ફકીરભાઈ બાપુજી વાંચનાલય રાખવામાં આવ્યું છે.

પુસ્તકાલય તો ઠીક પણ ગામમાં વાંચનાલય તો વ્યવસ્થિત સ્વરુપમાં ચાલું હતું જ. પરંતુ, છેલ્લાં કેટલાંક વર્ષથી છાપું મંગાવવું બંધ કરવામાં આવ્યું છે. કારણકે ગામના વતની રા. કુલાભાઈ

Copyrights © MEHUL PATEL © 2000-2050

અંબાલાલ પટેલ ટ્રસ્ટીકટના પ્રેસરીપોર્ટર તરીકે કાર્ય કરતા હોઇ તેમને મળતાં કોમ્પ્લીમેન્ટરી છાપાંમાંથી અમુક છાપાંનો અમુક રકમ દર વર્ષે આપી સસ્તી કિંમતે લાભ મળી શકે છે. ઇચ્છીશું કે વધુ છાપાંઓ ગામમાં ગમે ત્યાં રહેતાં વહેંચાઇ જાય એના કરતાં ગામના લોકો ને યુવકો એકજ જગાએ બેસી સારી રીતે એનો લાભ લે એ હેતુથી છાપાં પુસ્તકાલયના નવા મકાનના ઓટલે મૂકવામાં આવે.

લોકોમાં તથા યુવક વિદ્યાર્થીઓમાં છાપાં વાંચવાનો રસ ઘણોજ ખીલેલો છે. ટમટમતી આંખે, 'સૃજન ખુના' વાંચતા ટપાલીની (આ પોસ્ટમેન હવે રીટાયર થયો છે) રાહ જોતા યુવક ભાઇઓ સવારના નવથી ચંદનીચોકમાં આંટા મારતા નજરે પડે છે.

૧૨

અન્ય સંસ્થાઓ, સ્થાનો, વિ.

(૧) વિદ્યાર્થી મિત્ર મંડળ.

'વિદ્યાર્થીઓની બહિમાંહે, તથા તેમની ને અન્ય ભાઇઓની વચ્ચે સંગઠ્ઠન જમે તથા પ્રેમ, સ્વાધ્યાય ને સહકારની ઉદાત્ત ભાવના જાગૃત થાય તેવી તથા વિદ્યાર્થીઓને સ્પર્શતી પ્રવૃત્તિઓને વેગવંત કરી એમના જીવનમાં વિશાળતા અને સુતત્ત્વો રેડાય એવી પ્રવૃત્તિઓ ક્રમશઃ હાથ ધરવી' ઉપરોક્ત ઉદ્દેશથી વિદ્યાર્થી મિત્રમંડળની સ્થાપના આ વર્ષેજ (મે ૧૯૩૯) કરવામાં આવી હતી. તા. ૧૧-૭-૩૯ ના રોજ મળેલી એની પ્રથમ સામાન્ય સભામાં (General meeting) મંડળનું બંધારણ તથા એની પ્રવૃત્તિઓની રુપરેખાની યોજના મંજુર કરવામાં આવ્યાં હતાં.

પ્રવૃત્તિઓ :—

(૧) સાહિત્ય તથા જ્ઞાનયજ્ઞ (નિબંધવાચન, લેખન તથા ગ્રિષ્ટવાચન પરીક્ષા, પ્રેરણાત્મક પ્રવચનો વગેરે)

(૨) શાળાપયોગી પુસ્તકાલય તથા વિદ્યાર્થી વસ્તુ ભંડાર.

(૩) વ્યાયામ તથા રમતગમતો

(૪) ગામસફાઇ, પ્રવાસ, ઉત્સવો વગેરે

(૫) નાના ગૃહઉદ્યોગ. (કાંતવું પીંજવું વગેરે)

ઉપરની પાંચ વિભાગમાં વહેંચી નાખેલી પ્રવૃત્તિઓને શક્ય પ્રયાસો કરી અમલમાં મૂકવાનાં પગલાં લેવાય છે.

સ્વીકૃત ઉદ્દેશને અનુરુપ ઉપર જણાવેલી પ્રવૃત્તિઓને સરળતાથી અમલમાં મુકી શકાય તેમજ મંડળના વહીવટ માટે છ સભ્યોની બનેલી કાર્યવાહક કમિટિની નિમણુંક કરેલી. દરેક સભ્યને એક પ્રવૃત્તિની જવાબદારી સોંપવામાં આવી છે.

Copyrights © MEHUL PATEL © 2000-2050

શાળોપયોગી પુસ્તકાલય ને વિદ્યાર્થી વસ્તુભંડાર સંવેળાથી શરૂ કરવામાં આવ્યાં છે. અને, તેનો લાભ વિદ્યાર્થીઓ સારા પ્રમાણમાં લે છે.

પ્રવાસ, ઉત્સવ વગેરેની યોજનાઓનો પણ અમલ કરવામાં આવે છે. અન્ય પ્રવૃત્તિઓ નિયમિત પણે હાથ ધરી શકાઈ નથી કારણકે, વેકેશન દરમિયાનજ ઉપલા ધોરણના વિદ્યાર્થીઓ ટાઈમ કાજલ પાડી શકે છે. છતાંયે, જે થોડું થોડુંય કાર્ય થાય ને વિદ્યાર્થીઓમાં ભાવના રસ ને વિકાળતા ઉદભવે એ પણ નોંધવા જેવો લાભ લેખી શકાય.

મંડળને માટે કોઈ ઉત્સાહી કાર્ય કરનાર ગામમાં સ્થાયી રહેનાર હોય તો મંડળની આશાજનક પ્રવૃત્તિઓ વધુ વેગવંત ને ફળદાયી નિવડે.

સભ્યોનું વાર્ષિક લવાજમ, ભેટો તથા સ્ટેશનરી સ્ટોલ એ વિદ્યાર્થીમિત્ર મંડળની આવકનાં સાધનો છે.

(૨) દવાખાનું.

નરસંડા ગામમાં સંવત ૧૯૭૦ની સાલમાં એક નાના પાયા પર દવાખાનું ઉઘાડવામાં આવ્યું હતું. પરંતુ દવા આપનાર યોગ્ય માણસના અભાવે છ માસ ચાલી બંધ પડ્યું હતું. ત્યાર બાદ નરસંડા સેનેટરી કમિટિ તરફથી તથા ગામના સદ્‌ગૃહસ્થો તરફથી દવા મંગાવી ગામમાં દર્દીઓને ૧૨ વર્ષ સુધી દવા પૂરી પાડવામાં આવી. પણ આ પ્રમાણે અવ્યવસ્થિત સ્વરુપમાં દવાની માગણીને પહોંચી વળવું મુશ્કેલ હતું તેથી એક રીતસરનું દવાખાનું ઉઘાડવા ગામના ગૃહસ્થોએ વિચાર કર્યો અને ખેડા ડીસ્ટ્રીક્ટ લોકલ બૉર્ડને નરસંડા ગામે કેમી દવાખાનું શરુ કરવા ગામલોકો તરફથી અરજ કરવામાં આવી. એ અરજથી લો. બૉર્ડની હેલ્થકમિટિએ ઠરાવ કર્યો કે નરસંડામાં છ માસ દવાખાનું ગામલોકો ચલાવે ત્યારબાદ દવાખાનાનો રીપોર્ટ મંગાવી ગ્રાન્ટ મંજુર કરવી. આથી, ગામમાં ગામલોકો તરફથી ફંડ કરી સંવત ૧૯૮૩ ના કારતક સુદ ૧ તા.૫-૧૧-૨૬ ના રોજ નરસંડા સાર્વજનિક દવાખાનું ઉઘાડવામાં આવ્યું. અને અમદાવાદ

વિદ્યાપીઠની વિનીત પરીક્ષામાં તેમજ હોમીયોપેથીકની પહેલા વર્ષની પરીક્ષા પસાર કરેલા ગામના વતની ઉપાધ્યાય ઉમિયાશંકર હરિ સોમેશ્વર ધાબાઈએ સેવાભાવે કાર્ય કરવાની ઇચ્છા દર્શાવી દવાખાનાનું કાર્ય હાથમાં લીધું.

સદર દવાખાનાને, પાછળથી લો. બોર્ડ તરફથી રૂા. ૧૫૦) ની ગ્રાન્ટ આપવામાં આવી. પરંતુ, બે ત્રણેક વર્ષ બાદ કેટલાક સંજોગોને લીધે દવાખાનું બંધ કરવું પડ્યું. ત્યાર બાદ, એક દેશીવૈદ્ય પાસે દવાખાનું શરુ કરવામાં આવેલું પણ તે ઝાઝા દિવસ ચાલ્યું નહિ આજે, ગામમાં સાર્વજનિક દવાખાનું નથી. જોકે લાયબ્રેરીના બંધાતા નવા મકાનના નીચલા મજલે દવાખાનું શરુ કરવાની ગોઠવણ થવાની હોય એમ જણાય છે. ગામમાં નાનાં નાનાં બાનગી ત્રણ દવાખાનાં છે.

સંવત ૧૯૮૩ ના દવાખાનાના રીપોર્ટમાંથી જાણી શકાય છે કે લગભગ ૩૧૨૭ જેટલી મોટી સંખ્યાએ એકજ વર્ષમાં દવાખાનાનો લાભ લીધો હતો. આવી મોટી સંખ્યા પરથી સહેજે સમજાશે કે ગામમાં સારા પાયા પર ચાલે તેવા સાર્વજનિક દવાખાનાની અનિવાર્ય આવશ્યકતા છે.

વડતાલ, બોરિયાવીસ્ટેશન, નડિયાદ, આણંદ વગેરે નજદિકના સ્થળોએ સારાં દવાખાનાં આવેલાં હોઇ લોકોને વૈદકિય સારવાર જલદીથી સાંપડી શકે છે. પરંતુ ખર્ચની દૃષ્ટિએ તેમજ તાત્કાલિક જરુરિયાત જોતાં, ગામમાં એક સાર્વજનિક કી દવાખાનું હોય એ ઇચ્છવાજોગ છે.

(૩) પોસ્ટ ઓફિસ તથા સેવિંગ્સ બેંક.

ગામમાં એક બ્રાન્ચ પોસ્ટ ઓફીસ છે. સદર પોસ્ટ ઓફીસમાં સેવિંગ્સ બેંકનું કામકાજ પણ છેલ્લાં પાંચેક વર્ષથી શરુ કરવામાં આવ્યું છે. ગામના લોકો સદર બેંકનો લાભ સારા પ્રમાણમાં લેતા હોય એમ જણાય છે. ગુજરાતી કુમારશાળાના મુખ્યશિક્ષક પોસ્ટ માસ્તરની ફરજ બજાવે છે. તે પેટે તેમને વધારાની રકમ (allowance) પોસ્ટ ખાતા તરફથી મળે છે.

Copyright © MEHUL PATEL © 2000-2050

ટપાલ અઠવાડિઆના સાતે દિવસ આવે છે ને જાય છે. ટપાલ સવારમાં ૧૦–૦ વાગે પહોંચાય છે ને સાંજના ૫–૦ વાગે જાય છે.

રેલ્વે સ્ટેશનોથી દૂરનાં ગામોમાં ટપાલ પહોંચવાના ને ઉપડવાના ટાઇમ વચ્ચે કલાક બે કલાક જેટલો નજીવો ટાઇમ મળે છે. એથી ગામના લોકોને કાગળો લખવામાં ઘણીજ અગવડતા અનુભવવી પડે છે. સદભાગ્યે, નરસંડા ગામ રેલ્વે સ્ટેશનની નજદિક આવેલું હોઈ ટપાલ ઉપડવાનો સમય ઘણોજ મોડો ડરાવેલો છે. અને તેથી ટપાલને અંગે લોકોને પૂરતી રાહત મળે છે.

નરસંડા ગામના ટપાલીને મહમદપુરા તથા ગાયકવાડી રાજ્યના ગામડોલી ગામમાં ટપાલ પહોંચાડવાની હોય છે. પણ સદર ગામોની ટપાલ ઘણી જુજ હોય છે.

કાગળો પોષ્ટ કરવા માટે ટપાલની એક પેટી ગામના ચોરામાં રાખવામાં આવી છે.

(૪) ચોરો.

ગામમાં બે ચોરા છે એક ગામનો સરકારી ચોરો ને બીજો મોગરના ઠાકોરશ્રીનો. ગામનો ચોરો મૂળે નરવાદાર પટેલોનો છે. તેનો ઉપયોગ કરવાનો ગામલોકોનો હક સરકારે માન્ય રાખ્યો છે. પરંતુ, એનો વહીવટ સરકાર હસ્તક છે. ઠાકોરશ્રીનો ચોરો જૈનઉપાશ્રય નજદિકમાં આવેલો છે ને તે તેમની પોતાની માલિકીનો છે. એમના કારભારી વગેરેને ઉતરવા માટે ઉપયોગમાં લેવાય છે.

(૫) સદાવ્રતખાતુ અને ધર્મશાળા.

અગાઉના સમયમાં ગામમાં સદાવ્રતખાતું વ્યવસ્થિત સ્વરૂપમાં હોતું. સદાવ્રતના ખાતે કાંઇ ચોકકસ મિલકત પણ નહોતી. તે સમયે લોકો ભોળા ને શ્રદ્ધાળુ હોવાથી બારણે આવેલો અતિથિ રોટલા વિના બાગેજ પાછો જાય.

સંવત આશરે વર્ષ પહેલાં, ગોર હાજી પુરુષોત્તમની વિધવા બાઈ રામબાઇ તથા શિવબાઇએ સદાવ્રત માટે જમીન દીધાં હ તથા મકાન બક્ષિસ આપ્યાં. સદર મિલકત



નાકરામ
પ્રેમ
નરીબાઇ

રામ, કૃષ્ણ, હનુમાનમંદિર.

Copyright © MEHUL PATEL © 2000-2050



બજારથી, સદાવ્રતખાતું વ્યવસ્થિત બન્યું. ગામના આગેવાનોએ એનો વહીવટ હાથમાં લીધો. તદુપરાંત, સદાવ્રત ખાતું વધુ સદ્ધર બને ને એવા આશયને પહોંચી વળાય એ હેતુથી, તે સમયે, નીચે પ્રમાણેનો દરો નક્કી કરવામાં આવ્યો હતો.

(૧) પાટીદાર વગેરે જે લોકો ખેતી કરે છે તે લોકોએ આખા હળે અનાજ મણ ૧॥ ને એક બળદે મણ ૧

(૨) બળદ એક હોય ને ગરીબ હોય તેને ઘર દીઠ શેર પાંચ

(૩) ગૃહસ્થને ઘર દીઠ શેર ૧૦

(૪) નસીબદાર ઘર દીઠ મણ ૦॥થી ઉપરાંત

(૫) કલાલની ઉપજમાંથી આવેલી ધર્માદા રકમમાંથી ભાગ ૩ સદાવ્રતમાં ને ભાગ ૧ બીજા કોઇ સાર્વજનિક ધર્માદા ખાતામાં

(૬) ગામમાં અનાજ વગેરેનાં ગાડાં આવે તે ગાડા દીઠ શેર સવા

સમજી શકાય એમ છે કે યુગ બદલાતાં તેમજ ધંધા રોજગાર બદલાતાં, આ ઠરાવનો અમલ ઓછો ઓછો થવા લાગ્યો આ પ્રમાણે અનાજ ઉઘરાવવાની જહેમત કરવાનું પણ કાર્ય કઠિન હતું. નેકે પરાયાં ગામથી આવતાં અનાજનાં તથા શાકભાજીનાં વગેરે ગાડાં પર ધર્માદા કર નાંખવાની જરૂર છે. એથી, નાનું સરખુ પણ આવકનું સાધન વધારી શકાય.

સદાવ્રતમાં, પાળજથી, જમીનો, મકાન વગેરે વિવિધ પ્રકારની મિલકતની બક્ષિસો મળી છે જમીનની સાથે તેમજ મકાનોનાં ગાડાં એ સદાવ્રત ખાતાની તથા ધર્મશાળાની મુખ્ય આવક છે. બીજી કોઇ મુખ્ય સ્થાવર આવક નથી. પરંતુ બીજાં નાનાં નાનાં આવકનાં સાધનો છે જેવાં કે દર બત્રીસ દીઠ ગામ પધારીનાં રૂા. ૩); ગામમાંથી દૂધ ભરનાર પાસેથી રોજના આના ૪ વળી, લોઢાં રાવળિયા, રબારી વગેરે વસવાયાંનાં ઘેટાં, બકરાં, ગાયો વગેરે ઢોરના બાતરનો અડધો હિસ્સો ગામના નરવાદારોને મળે છે તે તેઓ સદાવ્રતખાતામાં અર્પણ કરે છે.

સદાવ્રતખાતું તથા ધર્મશાળાની ગચત રકમ વધીજ જાય છે. એ જાય રકમમાંથી રૂા. ૨૦૦) પા. હરમાનભાઈ મંગળભાઇ

Copyrights © MEHUL PATEL © 2000-2050

બીન જવેરભાઇ ને ત્યાં જમા છે. અને લગભગ, રૂા. ૧૦૦) શિલક છે. (૧૯૩૮). દર વર્ષે ખર્ચ પૂરતી આવક નિયમિત મળી રહેતી હોવાથી, નાણાંકીય મૂશ્કેલી ઉભી થવાનો ભાગ્યેજ પ્રસંગ સાંપડે છે.

ધર્મશાળા.

સંવત ૧૯૪૦ માં ધર્મશાળાનું મકાન બાંધવામાં આવ્યું તે અગાઉ ગામમાં, ધર્મશાળાનું સગવડવાળું વિશાળ ઈંટેરી મકાન હતું નહિ. હાલમાં, મકાન વિશાળ ને સગવડવાળું હોઈ એમાં શ્રી રણછોડજીના સ્થાપના તજ વર્ષમાં (સંવત ૧૯૪૦ ના જેઠ વદી ૧૨ ને ગુરુ) કરવામાં આવી. મકાન સામસામે મેડાબંધી છે. વચ્ચે ખુલ્લો ચોક છે. ચોકની બે બાજુએ આવેલા બે ઓસારા પર છાપરાં મારી લીધેલાં છે. સદર ઓસારા બતૈયાના ઉતારા માટે ઉપયોગી થઇ પડે છે.

ચોકમાં એક બાજુ કુવો છે. રાજમાર્ગ પર આવેલો બે લાંબા ને વિશાળ ખંડવાળો ઉપલો મજલો શ્રી બી. એમ. પટેલ ઇંગ્લીશ સ્કુલના ઉપયોગ માટે લેવામાં આવે છે. સ્કુલ સામેનો બીજો મેડો તાજેતરમાંજ રીપેર કરી બારી બારણાં જડી સુંદર બનાવવામાં આવ્યો છે.

સદર ધર્મશાળા, સદાવ્રતનું, તથા શ્રી રણછોડજીના મંદિરનો વહીવટ ગામના આગેવાનોની સલાહ ને સંમતિથી રા. પા. કુલાભાઇ રાયજીભાઈ સેવાભાવે બજવે છે.

નાની ધર્મશાળા.

બીજી નાની ધર્મશાળા આ વર્ષેજ (સને ૧૯૩૯) ગામના પાદરે વાંકા તળાવ નજીક વેરાઇ માતા પાસે મઢીવાળી જગાપર બાંધવામાં આવી છે. સદર ધર્મશાળાના મકાનને લીધે ગામનું પાદર વધુ સુશોભિત ને સ્વચ્છ થવા પામ્યું છે. ગામના વતની પા. લલ્લુભાઇ બાવાજીએ પોતાના ભાઇ સ્વ. પુંજભાઇ બાવાજીનાં પત્ની સ્વ. લાલાબાના સ્મરણાર્થે સદર ધર્મશાળા બાંધવા પેટે રૂા. ૧૦૦૦) આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી પરંતુ, બોકસીંગ ભરી અગાસી-વાળું મકાન બાંધવા માટે રૂા. ૧૦૦૦) પૂરતા નહોતા, તેથી ખૂટતી

રકમ ગામબાતાઓથી ઉમેરી મકાન પૂરું કરવું એવું ઠરાવવામાં આવ્યું. પરિણામે, લગભગ રૂા. ૧૬૦૦) ના ખર્ચે મકાન પા. લહ્લુભાઇ ભૂલાભાઇ તથા પા. ડાહ્યાભાઇ મથુરભાઇની દેખરેખ નીચે તૈયાર કરવામાં આવ્યું છે. રસ્તે જતા વટેમાર્ગુને રાતવાસા માટે તેમજ મુસાફરોને વિશ્રામ માટે સદર ધર્મશાળા બહોળી સગવડવાળી થઇ પડશે.

(૬) પરબડી.

ગામમાં બે પરબડી છે. એક ગામની પશ્ચિમ દિશાએ જૈન દેરાસરની નજદિક આવેલી છે. સદર પરબડીનો ઉપયોગ કબુતર વગેરે પંખીઓને ચણવા માટે દાણા નાખવા માટે કરવામાં આવે છે. ત્રણેક વર્ષ પહેલાં, એની ચોતરફ તારની ફેન્સીંગ કરી લેવામાં આવી છે. સદર પરબડી ગામબાતાને હસ્તક છે. એની મિલકતને લગતી માહિતિ પુસ્તકમાં અન્યત્ર આપેલી છે.

બીજી પરબડી પૂર્વ દિશામાં ગામના પાદરપર વેરાઈ માતાના મંદિર પાસે આવેલી છે સદર પરબડી બાઈજીબા તે પા. વેરીદાસ દેવદાસની વિધવાએ શ્રી આશ્વિનજી મહારાજની બેઠકની યાદગિરી અર્થે સંવત ૧૯૫૧ માં બંધાવી તેમાં શ્રી સહજાનંદ સ્વામિનાં પૂજ્ય પગલાંની સ્થાપના કરી છે. સદર પરબડીનો વહીવટ શ્રી સ્વામિનારાયણના મંદિરને હસ્તક છે. તેના તરફથી લગભગ ત્રણેક વર્ષ અગાઉ રીપેર કામ કરવામાં આવ્યું છે.

(૭) તળાવ કૂવા, વગેરે.

ગામનું મુખ્ય તળાવ વાંકા તળાવ નામે ઓળખાય છે. ઓકર ૨૦ ને ગુંઠા ૨ જેટલા વિસ્તારમાં એ લંબગોળ આકારમાં પથરાયલું પડયું છે. સેંકડો વર્ષ અગાઉ (લગભગ ૩૦૦–૩૫૦ વર્ષ કહી શકાય) આ તળાવ ભાએ ખોદાવેલું. વિશાળ વાંકા તળાવની બે બાજુ પાકી પાળ, પાકા ચાર ઓવારા એક બડિયાટ તેમજ પાકું બનિયારું બાંધવામાં આવેલું છે. પાળ તેમજ ઓવારા વગેરેની મજબુતી જોતાં, તે સમયના ચણતરની મજબુતીનો સારો ખ્યાલ આવી શકે છે. તળાવની ઉપર શ્રી પાણેશ્વર મહાદેવનું મંદિર તેમજ સામે

Copyright © MEHUL PATEL © 2000-2050

પૂર્વ કિનારે સતીનું દહેરું તળાવની ભવ્યતા ને કુદરતી સૌંદર્યમાં અજબ વધારો કરે છે.

તળાવમાં ખેતરોનું પાણી આવે છે તે ઉપરાંત ગામનું પાણી બાજ ઉભરાતાં ગનિયારા વાટે તળાવમાં પ્રવેશે છે. તળાવ છલોછલ ઉભરાતાં, વધારાનું પાણી ગનિયારા વાટે બાજમાં થઇને કાંસ વાટે ચાલ્યું જાય છે. આ કાંસ ઠેઠ ખંભાતના અખાતને જોડે છે.

તળાવમાં પાણી બારેમાસ ભરચક રહેતું હોવાથી અગાઉ, ઘણા મગરો તળાવમાં નજરે પડતા. પરંતુ છેલ્લાં પાંચેક વર્ષથી સખ્ત વરસાદની તાણને અંગે મગરની સંખ્યા ઘટી ગઈ છે. તદુપરાંત, ઢોરજનાવરને નુકશાન ન કરે એ હેતુથી કેટલાક મગરોનો નાશ કરવામાં આવ્યો હતો. હાલમાં બે ત્રણ મગરો નજરે પડે છે. સંવત ૧૯૮૩ ની ભયંકર રેલ સમયે આજુબાજુનાં ગામોનું પાણી તળાવના પાણી સાથે એકાકાર થવાથી, તળાવમાં માછલાંએ ઘર ઘાલ્યું. હજીએ, તળાવમાં માછલાં નજરે પડે છે.

આ સિવાય મુસલમાન ભાઇઓના લત્તા બાજુ, કોળિયા નામનું નાનું તળાવ (પાળ વિનાનું) આવેલું છે. તેનો ઉપયોગ મુસલમાનો તથા તે બાજુના અન્ય રહેવાસીઓ કરે છે.

સીમની તળાવડીઓમાં 'આડસરી' તળાવડીનો વિસ્તાર ઘણોજ મોટો છે. સીમની તળાવડીઓની સંખ્યા ૧૬ જેટલી છે.

ગામમાં મીઠા પાણીના કૂવા પાંચ છે. તેમાં, મુખ્યત્વે વોરાકુવો, ગામકુવો, જોશીકુવો, ગોપીકુવ વગેરે છે.

વોરાકુવો ગામને પાદરે ઉંચી જગાપર આવેલો છે. કુવો ઘણો વિશાળ તે ઉત્તમ બાંધણીનો છે. પીવાના પાણી માટે આ કુવાનું પાણી સૌ કુવા કરતાં ઉત્તમ ને મીઠું છે.

વોરાકુવો એ ઘણો જુના સમયનો છે.હાલના ખેડાવાળ બ્રાહ્મણ વોરા પુરષોત્તમ ભાઇશંકર દવેના પૂર્વજોએ સદર કુવો બંધાવેલો એમ કહેવાય છે. અને તેથી આ કુવો વોરાકુવા નામે ઓળખાય છે.

ગામકુવાનું પાણી ચોખ્ખું પીવા લાયક ગણાય. આ કુવો ગામઇ જમીનમાં કાકા પાટીલે સંવત ૧૯૭૭ માં બંધાવેલો.

સદર કુવાનું પાણી ખેંચીને ગાદક હોવાથી રા. લલ્લુભાઈ ભૂલાભાઇની કું. એ વાર્ષિક રૂા. ૬૦) થી એંજીન મૂકવા માટે આપેલો છે. અને, જમીનમાં નળ નાખી ફરફર ખેતરોમાં પાણી પૂરું પાડવામાં આવે છે. તદુપરાંત, ગામલોકોને પાણી ભરવા માટે, ચકલીઓ (Water taps) સદર કુવાપર ચાલુ રાખવામાં આવે છે. આમ, પાણી ભરનારને ઘણીજ સરળતા થઈ પડી છે.

ઠેઠ, ભંગી તેમજ ચમાર દરેકને પોતપોતાના સ્વતંત્ર કુવાઓ છે.

આ સૌ કુવા ઉપરાંત, કોઇ કોઇ ઠેકાણે કુટુંબપરિવાર પણ કુવાઓ આવેલી છે. ધર્મશાળાની કુઈ તેમજ શ્રી સ્વામિનારાયણના મંદિરની કુઈ મળીને એકંદરે ગામમાં ૧૨ કુવા ને કુઇ આવેલાં છે. હેન્ડપંપની સંખ્યા સાત જેટલી થવા પામી છે.

ગામમાં હવાડો એક છે. ગામની પાદરે વોરા કુવા પાસે સદર હવાડો આવેલો છે. ઉનાળાની ઋતુ દરમિયાન, જ્યારે કોઇપણ તળાવમાં પાણીની તંગી પડે છે, ત્યારે ઢોરને પાણી પીવા માટે વોરા કુવામાંથી કોસ વડે હવાડામાં પાણી ચાલુ ભરવામાં આવે છે. તળાવમાં પણ એંજીનનું પાણી દાખલ કરવામાં આવે છે, જેથી ઢોરને પાણી મળે તે ઉપરાંત, કપડાં ધોવા માટે પણ પાણીનો ઉપયોગ થઇ શકે. પાણીની તંગીને અંગે તરફડતાં માછલાંને પણ બચાવી શકાય.

કહેવાય છે કે ગામની પૂર્વદિશાના પાદરે ઉત્તરદિશા તરફની બાજ નજીક, વોરા કુવા પાસે અગાઉ ઘણાં વર્ષો પહેલાં વિશાળ વાવ હતી. પણ, કાળક્રમે તે પૂરાઇ ગઇ. હાલ, સદર વાવનાં ચિહ્ન બીલકુલ જણાતાં નથી.

(૮) પરબો.

૧ વિસામો તથા પરબ. ઉત્તરસંડાને રસ્તે	બંધાવનાર પા. લલ્લુભાઇ બાવજી તથા બાઇલાલા પા. પુંજાભાઇ બાવાજીની વિધવા.

Copyrights © MEHUL PATEL © 2000-2050

૨ વિસામો તથા પરબ. પા. વાઘજીભાઇ
ધોરિયાવી સ્ટેશનને રસ્તે ધર્મદાસ

ગામની પશ્ચિમદિશાએ ગામધોરી જતાં રસ્તામાં એક વિસામો ભાંગીતૂટી સ્થિતિમાં ઉભો છે. તે ઉપયોગ વિના, જીર્ણ અવસ્થામાં પડયો છે. કોણે કયારે બંધાવ્યો એની માહિતિ મળી શકે એમ નથી.

સદર વિસામા ને પરબ સિવાય, ઉનાળાની ઋતુ દરમિયાન, ગામધોરીને રસ્તે ભેંતાના બે વડ નીચે, ધોરિયાવી તેમજ ઉત્તરસંડાને રસ્તે બીજી ત્રણચાર પરબો કેટલીક વ્યક્તિઓ તરફથી બેસાડવામાં આવે છે.

ગામમાં ચોતરો એક છે. ગામના પાદરે વોરાકુવા નજીક સદર ચોતરો આવેલો છે. પરંતુ પીપળાનું જુનું વૃક્ષ સુકાઈ જવાથી બીજો નવો પીપળાનો છોડ રોપવામાં આવ્યો છે.

(૬) સ્મશાનભુમિ.

ગામના પાટીદારોની સ્મશાનભૂમિ ઉત્તરદિશાએ ઉંચી ટેકરી પર આવેલી છે. ચોમાસામાં વરસાદને અંગે શબને દાહ દેવામાં ઘણીજ અગવડ નડવી પડતી. આ મુશ્કેલી ટાળવાના હેતુથી, ગામના સ્વ. શા. વાઘજીભાઈ ધર્મદાસે ગઠરોવાળું પતરાંનું છાપરૂં આશરે રૂા. ૫૦૦) ના ખર્ચે સંવત ૧૯૮૫ માં બંધાવ્યું છે. સદર સ્મશાનપર હેમકલ્યાણી માતાનું દહેરૂં તદ્દન જીર્ણ અવસ્થામાં પડયું છે. એનો જીર્ણોદ્ધાર કોઇ સખી ગૃહસ્થ કરાવે એ ઇચ્છનીય છે.

બ્રાહ્મણ, વાણિયા, મુસલમાન તેમજ અન્ય કોમોના સ્મશાન નોખી નોખી જગાઓ પર આવેલાં છે.

૧૩
દેવમંદિરો.

સૌ કોમનાં નાનાં મોટાં દેવસ્થાનોની કુલ સંખ્યા ૧૫ જેટલી છે. (૧) શ્રી. રણછોડજીનું મંદિર (૨) શ્રી. સ્વામિનારાયણનું મંદિર (૩) શ્રી. પાળેશ્વર મહાદેવનું મંદિર (૪) શ્રી. ચતુર્ભુજનું મંદિર (૫) સતીનું દહેરૂં (૬) વેરાઈ માતાનું દહેરૂં (૭) જુનું મહાદેવનું દહેરૂં (૮) બળિયાદેવનું દહેરું (૯) શ્રી. વૈજનાથનું દહેરૂં (૧૦) હેમકલ્યાણી માતાનું દહેરૂં (૧૧) બહુચરાજી માતાનું દહેરૂં (૧૨) ખોડિયાર માતાનું દહેરૂં (૧૩) શ્રી. હરિદાસ મહારાજનું દહેરૂં (૧૪) જૈન દેરાસર (૧૫) મસ્જીદ.

શ્રી રણછોડજીનું મંદિર:— ગામની ધર્મશાળા વિશાળ હોઇ, એની અંદરજ સદર મંદિરનો સમાવેશ કરવામાં આવ્યો છે. એની સ્થાપના સંવત ૧૯૪૦ ના જેઠ વદી ૧૨ ને વાર ગુરૂએ કરવામાં આવી હતી. દેવપૂજા માટે એક પૂજારી રોકવામાં આવેલો છે. ધર્મશાળાના વહીવટમાંજ સદર મંદિરનો વહીવટ સમાઈ જાય છે.

શ્રી. સ્વામીનારાયણનું મંદિર:—

સદર મંદિર ધર્મશાળાની સામે આવેલું છે. સ્વામિનારાયણ ધર્મ પ્રેમી ભકતોની મદદ તેમજ અન્ય મિલકતની આવકમાંથી એનો નિભાવ થાય છે. ત્રણેક વર્ષ પહેલાં મંદિરને મરામત કરી તથા રંગીને સુશોભિત બનાવવામાં આવ્યું છે. મંદિરની સાથેજ શ્રી હનુમાનજીનું નાનું દહેરું પણ જોડાયલું છે.

સ્ત્રીઓ માટે સ્વામિનારાયણનું બાઇઓનું મંદિર જોવું છે. તે ધર્મશાળાની પાછળ આવેલું છે.

શ્રી પાળેશ્વર મહાદેવનું મંદિર:—

આજથી ૩૦૦-૩૫૦ વર્ષ અગાઉ આ હાલના વાંકા તળાવ પર બંધાવેલું. કહેવાય છે કે તળાવ ખોદતાં ખોદતાં શિવલીંગ

Copyright © MEHUL PATEL © 2000-2050

જગ્યાનેમાંથી જડી આવતાં ત્યાંજ શિવલીંગની સ્થાપના કરી મહાદેવનું સુંદર ને કળામય બાંધણીનું મંદિર બાજો બંધાવ્યું. તેની બે બાજુ ફરતી પાળોવાળું ખુલ્લુ ચોગાન હોવાથી તે જગા અનોખી રીતે દીપી ઉઠે છે. મહાદેવનો સ્વતંત્ર ચોવારો છે. સદર ચોવારો રીપેર કરી મુદ્દઢ બનાવવામાં આવ્યો છે.

સદર રીપેરકામ માટે પેટલાદના સુપ્રસિદ્ધ શેઠ નારણદાસ કેશવલાલે રૂા. ૬૦૦)ની રકમ બક્ષિસ આપી હતી. તદુપરાંત, ગામની હિંદુ જનતાએ રૂા. ૬૪૫)નું ફૂંડ એકઠું કર્યું. આમ, સદર કામ માટે રૂા. ૧૪૪૫) જેટલી રકમ પ્રાપ્ત થઈ હતી.

મહાદેવના ખુલ્લા ચોગાનમાં નાનું સરખું ઉપવન થઈ શકે એમ છે.

સતીનું દહેરુ:—

તળાવને સામે કાંઠે ઘોબી કિનારે ઉંચી ટેકરી પર સતીનું દહેરુ ઉભું છે. ઘણાજ જુના સમયમાં, વણઝારા વેપારીઓએ આ દહેરુ બંધાવેલું એવી દંતકથા છે. બાકી આ દહેરુ બંધાવેલું એમ પણ કેટલાકનું કહેવું છે. હાલ, તેમાં શ્રી હનુમાનજીની મૂર્તિની સ્થાપના છે. તદુપરાંત, કેટલાક વર્ષ અગાઉ ત્યાં બહારની બાજુ પેઢિયાની (જીર્ણ અવસ્થામાં) હયાતિ હતી. તેમજ શિવલિંગ માટેની જગા પણ દહેરામાં હજી હયાત છે. તે ઉપરથી અનુમાન બાંધી શકાય કે અગાઉ ત્યાં શિવલિંગની પણ સ્થાપના થઈ હોય.

સતીના દહેરાનું તાજેતરમાંજ સમારકામ કરાવી, આજુબાજુ ઓટલો બાંધવાથી રમણિય સ્થાન બન્યું છે. પશ્ચિમદિશામાં ઉંચે આકાશમાં છૂટીછવાયાં વિખરાયલાં પડેલાં વાદળાં, આથમતા સૂર્યના સોનેરી તેજથી જાણે પરમાત્માએ સ્વર્ગને આંગણે ગમ્મતના ચાણા ન પાથર્યા હોય એમ રસિક મનને કલ્પના જગતમાં વિહાર કરાવે એવાં સૂર્યાસ્તસમયનાં અવનવાં રંગબેરંગી વિવિધ દૃશ્યો દહેરાના ઉંચા ઓટલા પરથી જોવાની લીજ્જત બાજ્યેજ કોઈ મુખક ભાઈ ચૂકે. વિશાળ તળાવના કાંઠે ઉભેલા શ્રી પાળેશ્વર મહાદેવ તેમજ સતીનાં મંદિરો ગામના માનુસોને ખાસ કરીને યુવકો માટે

સૂર્યાસ્તના સમયે હવાખાવાનાં રમણિય સ્થાન થઈ પડયાં છે. પાણીથી ઉભરાતું સરોવર સમું તળાવ, એની બે બાજુ ફરી વળતી પાળ, વિશાળ ચોવારા ને ઉંચે સ્થળે, કાંઠે ઉભેલાં મંદિરો સૌને કુદરતી સૌંદર્યના નિર્દોષ રસના ઘૂંટડા સહાયે પાયાજ કરે છે.

શ્રી ચતુર્ભૂજનું મંદિર:—

નરસંડા ગામનું આ પ્રાચીન મંદિર છે. શ્રી રણછોડજીના મંદિરની સ્થાપના સંવત ૧૬૪૦માં થઈ તે અગાઉ ગામનું મુખ્ય દેવસ્થાન શ્રી ચતુર્ભૂજનું મંદિરજ હતું. શ્રી રણછોડજીના મંદિરની સ્થાપના પછી ભાવિક ભક્તો એના દર્શને જાતા નથી જતા. છતાંયે, શુભ પ્રસંગોએ તેમજ ખાસ તહેવારના દિવસો એ મંદિરના દર્શને જવાની જુની પ્રથા હજી ચાલુજ છે.

મંદિરની પૂજા એક બ્રાહ્મણ કુટુંબને સોંપવામાં આવી છે. બદલામાં, મંદિરની મિલકતની આવક તે કુટુંબને આપવામાં આવે છે.

વેરાઇમાતાનું દહેરુ:—

સદર દહેરુ ગામના પાદરે નવી ધર્મશાળા નજીક આવેલું છે. તે ગોસાઈ ભીમગર ગુલાબગરના ના પૂર્વજોએ બંધાવેલું. ચોક્કસ તારીખ મળી શકતી નથી.

જુનું મહાદેવનું દહેરું:—

વેરાઇમાતાની લગોલગ આ મહાદેવનું દહેરું આવેલું છે. સદર મહાદેવનું મંદિર હાલ ઉપયોગમાં નથી. ગોસાઈ ઈશ્વરગિરિ હીરાગિરિના પૂર્વજોએ સંવત ૧૯૦૬ના અરસામાં આ મંદિર બંધાવેલું. આ મંદિરની લગોલગ સ્વર્ગસ્થ ગોસાઇઓની બાદગિરિઓ માટે મઢીઓ બંધાવેલાં છે.

આ મંદિર ઘણા વર્ષો સુધી જીર્ણ અવસ્થામાં રહ્યું. તાજેતરમાંજ લગભગ બે વર્ષ અગાઉ, ઉદ્ધારણ કરીને, સમારની ઠીક ઠીક કરવામાં આવ્યું છે.

Copyright © MEHUL PATEL © 2000-2050

બળિયાદેવનું દહેરું:—

બળિયાદેવનું નાનકડું દહેરું તળાવના કાંઠે બોરિયાવી સ્ટેશન જવાના રસ્તા પર તળાવના કાંઠે આવેલું છે. હાલ, તે ભાંગી તૂટી અવસ્થામાં છે. કોઈ ભાવિક ભક્ત આ દહેરાને સમરાવવાનો ઉત્સાહ દાખવે એ ઇચ્છનીય છે.

શ્રી. વૈજનાથનું દહેરું:—

વૈજનાથનું દહેરું શ્રી ચતુર્ભુજના મંદિરની પાસેજ આવેલું છે. આ દહેરું સંવત ૧૯૬૯ માં રા. પા. ડાહ્યાભાઈ મથુરભાઈના પૂર્વજ રા. પા. નાથાભાઈ કેશવદાસે બંધાવેલું.

ક્ષેમકલ્યાણીમાતાનું મંદિર:—

ક્ષેમકલ્યાણીમાતાનું મંદિર બાજો પાટીદારોની સ્મશાનભૂમિ નજીક બંધાવેલું. હાલ તે તદન જીર્ણ અવસ્થામાં રહ્યું છે. કોઈ પાટીદાર ગૃહસ્થ આ મંદિરને ફરીથી ઉભું કરે એમ ઇચ્છવું અસ્થાને નથીજ.

બહુચરાજી માતાનું દહેરું:—

ગામની પશ્ચિમ દિશાએ ગોપી કુઇ સામે આવેલું નાનું દહેરું છે. ખોડિયાર માતાનું દહેરું તેજ દિશામાં હોળી તલાવડી નજીક આવેલું છે. સદર દહેરું તદન ભાંગી તૂટી સ્થિતિમાં પડયું છે. પરંતુ, એનું ચણતર વગેરે જોતાં તે સુંદર કળામય બાંધણીનું હશે એમ અનુમાન થઈ શકે છે.

શ્રી. હરિમંદિર:—

ગામમાં શ્રી હરિદાસ (વધુ ઉલ્લેખ 'ધાર્મિક પંથો' નામના પ્રકરણમાં આપ્યો છે) નામના સંત પુરુષ ગયે વર્ષેજ શ્રીચરણ પામ્યા. તેઓશ્રીનાં પગલાંનું પ્રતિષ્ઠાપન કરી નાનકડું શ્રી હરિમંદિર એમના પુત્રો તેમજ અનુયાયીઓ તરફથી બાંધવામાં આવ્યું છે.

જૈન દેરાસર:—

ગામમાં જૈનોની વસ્તી બહુજ છે છતાંય, તેમની ધર્મ પ્રિયતાને લઇને તેમણે જૈન દેરાસરનું સુંદર ધામ બંધાવ્યું છે સદર મંદિર ઘણાં વર્ષ અગાઉ બંધાવેલું. તેની માલિકીની કોઈ સ્થાવર મિલકત નથી દેરાસરની લગોલગ સાધુ સંતના ઉતારા માટે જે ઉપાશ્રય છે. તેની નીચેના ઓરડા ભાડે અપાય છે. રોજબરોજનો વહીવટી તથા પૂજાનો ખર્ચ જૈન ધર્મી ભાઇઓ તરફથી મળી રહે છે. સદર દેરાસર શ્વેતાંબર મૂર્તિપૂજક પંથનું છે ને એમાં ૧૨મા તીર્થંકર શ્રી વાસુ પૂજ્ય સ્વામિની મૂર્તિની સ્થાપના કરેલી છે.

મસ્જીદ:—

ગામમાં મુસલમાન ભાઇઓની વસ્તી ઠીકઠીક પ્રમાણમાં છે. એમના લત્તા તરફ એમની મસ્જીદ આવેલી છે. થોડાંક વર્ષ અગાઉજ, મસ્જીદને દુરસ્ત કરી સુશોભિત બનાવવામાં આવી છે.

Copyrights © MEHUL PATEL © 2000-2050

૧૪
ધાર્મિક પંથો.

હિંદુઓ મુખ્યત્વે વૈષ્ણવધર્મી છે. તદુપરાંત, સ્વામિનારાયણ ધર્મ, આર્યસમાજ, રાધાસ્વામિ વગેરે પણ ઓછાવત્તા અંશે પ્રચલિત છે. પાટીદારોમાં કાઠાપાટીના ભાઈઓ મુખ્યત્વે સ્વામિ-નારાયણપંથી છે. જ્યારે ભાપાટી વગેરેના પાટીદારો મુખ્યત્વે વૈષ્ણવધર્મી છે. વાણિયાઓમાં કેટલાક જૈન (શ્વેતાંબર) જ્યારે કેટલાક વૈષ્ણવધર્મી છે. બ્રાહ્મણો મુખ્યત્વે વૈષ્ણવધર્મી છે; શિવમાર્ગી પણ છે.

તુલનાત્મક દૃષ્ટિએ જોતાં, આર્યસમાજ નરસંડા ગામમાં વહેલો વહેલો દાખલ થયો છે. સારી જેવી સંખ્યાએ આર્યસમાજનો સ્વીકાર કર્યો છે. આર્યસમાજ ધર્મ કેવળ વેદધર્મમાંજ માને છે. એટલે રૂઢીઓ જુની પ્રચલિત રુઢીઓ, વ્હેમો બદીઓ તેમજ આધુનિક દેવસ્થાનોમાં ધર્મ ને પૂણ્યના નામે ચાલતાં દંભ ને લૂંટ સામે બળવો જગાવ્યો છે. ગામમાં પણ આર્યસમાજના સંસર્ગથી પ્રેત ભોજન જેવા અનિચ્છનીય ખર્ચોને અટકાવવાની પ્રવૃત્તિ ઘણાં સમય અગાઉથી શરૂ થઈ હતી. હાલ, પ્રેત ભોજનની પ્રથા લગભગ મૃતપ્રાય બની ગઈ છે.

આર્યસમાજ ઉપરાંત રાધાસ્વામિનો ધર્મ પણ થોડાક અંશે પ્રચલિત છે.

આ ધર્મો ઉપરાંત, અમુક સંત પુરૂષોપરથી ઉતરી આવતા નાના નાના પંથો જેવાકે દાદુરામનો પંથ ઈત્યાદિ પણ હયાતિ ધરાવે છે.

નરસંડા ગામમાં શ્રી હરિદાસ (હરિદાસ બાલાભાઈ પટેલ) નામના સંતપુરૂષ ગયે વર્ષેજ દેવચરણ પામ્યા. તેઓશ્રીનું મુખ્ય

મથક લાંભવેલ હતું. એમનું અનુયાયીમંડળ નરસંડામાં નહિ જેવુંજ છે પરંતુ અમદાવાદના કેટલાક વેપારીઓ એમનામાં ખૂબ શ્રદ્ધા ધરાવે છે. તેઓશ્રી અભણ હોવા છતાંય ઘણાજ જ્ઞાની હતા. ભક્તિ રસનાં અનેક કાવ્યો ને જોડકણાં એમણે ગાયાં છે જે પુસ્તક સ્વરૂપે ('હરિદાસવાણી') પ્રગટ થયાં છે. તેઓશ્રીના સ્મરણાર્થે શ્રી હરિમંદિર તેમના અનુયાયીઓએ બંધાવ્યું છે.

મુસલમાનો તેમજ વહોરા ભાઈઓ સુન્ની પંથી છે.

હરિજનોમાં લગભગ સઘળા હિંદુ ધર્મને વળગી રહ્યા છે. ને કે કેટલાકે, ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરેલો છે.

Copyright © MEHUL PATEL © 2000-2050

૬૫
રમત ગમતો ઈ.

રમતોમાં મુખ્યત્વે ક્રિકેટ વધુ પ્રચલિત છે. લગભગ છેલ્લાં ૧૫-૨૦ વર્ષથી, ક્રિકેટનો શોખ ગામના યુવાનો સતત જાળવી રહ્યો છે. વળી, ગામમાં અંગ્રેજી સ્કુલની સ્થાપના પછી ક્રિકેટનાં સાધનો નિયમિત મળતાં રહે છે. તદુપરાંત, જોઇતાં સાધનો યુવકો ગામમાંથી પૈસા ભેગાકરીને પણ વસાવે છે. પ્રતિવર્ષ, જુદાં જુદાં ગામો તેમજ સ્કુલોની ક્રિકેટ ટીમો સાથે હરિફાઈ (Match) ગોઠવવામાં આવે છે. અને, આનંદની હકીકત છે કે અત્યાર સુધીની મૅચોમાં નરસંડા ગામની ક્રિકેટ ટીમે ૭૫ ટકા ઉપરાંતની જીત પોતાના હિસ્સે નોંધાવી છે. સને ૧૯૩૭માં નરસંડા ક્રિકેટ ટીમ ધી જથકર કપ મૅચમાં જોડાઇ હતી. ઉત્તરસંડા, મોગર-ચિખોદ્રા વગેરે ટીમોને શિકસ્ત આપી આણંદ ટીમ સાથે ફાઇનલમાં ઉતરી હતી. પરંતુ, તે ફાઇનલ મૅચ ટીમના ઠેટલાક ચુનંદા પ્લેયરોની ગેર હાજરીમાં ગોઠવાયલી હોઈ, નરસંડા ટીમને વિના કારણે હાર વધાવી લેવી પડી. ગામની પશ્ચિમ દિશાએ મોગરના ઠાકોરશ્રીનો ચરો આવેલો છે ત્યાં, ઉંચી જગ્યાનો ક્રિકેટ ગ્રાઉન્ડ તરીકે ઉપયોગ કરવામાં આવે છે.

અન્ય રમતોમાં વૉલીબૉલની શરુઆત છેલ્લા થોડાક સમયથી કરવામાં આવી છે. બીજી દેશી રમતો છુટી છવાઇ રમાય છે પરંતુ તેને માટે કોઇ વ્યવસ્થિત મંડળ નથી. ગામમાં એક વ્યાયમશાળાની ગેર હાજરી જરુર સાલે છે. જો કે શ્રી પાણેશ્વર મહાદેવના ખુલ્લા ચોગાનમાં અખાડો રા. પા. ભાઈલાલભાઈ મથુરાંદાસે લગભગ સાતેક વર્ષ પર રૂા ૬૦)ના ખર્ચે બંધાવી આપેલો પણ, વ્યવસ્થા ને ઉત્સાહના અભાવે તે યોજના પડી ભાંગી. ગામમાં ઘણી ખરી સંસ્થાઓનું અસ્તિત્વ હોય ત્યારે વ્યાયામશાળા જેવી યુવાનોનું ઘડતર ઘડતી સંસ્થા તરફ દુર્લક્ષ્ય અપાય એ શોભાસ્પદ નથી. વિદ્યાર્થી મિત્રમંડળે વ્યાયામ પ્રવૃત્તિ શરુ કરવાનું ઠરાવેલ છે. આશા છે કે એ પ્રવૃત્તિ વેળાસર શરુ થાય.

યુવાનોમાં નિડરતા ને વકતૃત્વશકિત ખીલે એ હેતુથી, સને ૧૯૨૮ માં અંગ્રેજી સ્કુલ સ્થાપાયા બાદ, ગામમાં લગભગ પ્રતિવર્ષ મેળાવડા (Social Gatherings) યોજી સ્કુલના વિદ્યાર્થીઓ તેમજ અન્ય વિદ્યાર્થી યુવકોના સહકારથી સંવાદ વગેરેના કાર્યક્રમ યોજવામાં આવે છે. આ વર્ષે પણ વિદ્યાર્થી યુવકોએ સંવાદો ભજવ્યા હતા. આમ, આવી પ્રવૃત્તિથી વિદ્યાર્થીઓના ઉછરતા જીવનમાં નિડરતા ને વકતૃત્વશકિત ખીલે, જીવનમાં કાંઈક ઉત્સાહ રેડાય એ હેતુ ઉપરાંત, રામલીલા, બવૈયા વગેરે અનિષ્ટ વૃત્તિઓ ને બિચારી કેલાવતી પ્રવૃત્તિઓને અટકાવી ગામલોકોને નિર્દોષ મેળાવડાથી મનરંજન મળી રહેવાનો હેતુ પણ સારી પેઠે જળવાય છે.

કન્યાશાળાની વિદ્યાર્થીનીઓ પણ, ગરબા, શિવણકામ વગેરેમાં સારો રસ ધરાવે છે. પ્રસંગોપાત ગરબા વગેરેના કાર્યક્રમ મેળાવડા સમયે યોજવામાં આવે છે.

લગભગ દશ વર્ષ અગાઉ, દેશભરમાં સ્કાઉટ પ્રવૃત્તિનો પ્રચાર ઘણોજ ઝડપી હતો. નરસંડાની ગુજરાતી કુમારશાળામાં અને પછીથી અંગ્રેજી સ્કુલમાં પણ સ્કાઉટ પ્રવૃત્તિ દાખલ કરવામાં આવી હતી. સ્કાઉટીંગને લગતી તાલીમ અપાતી. વારંવાર નાના નાના મેળાવડા (Camp fires) અને પ્રવાસો ગોઠવવામાં આવતા. સને ૧૯૨૭ માં અખિલ હિંદ સ્કાઉટ સંમેલન મુંબઈમાં ભરાયું ત્યારે નરસંડાથી સ્કાઉટોની ટૂકડી મુંબઈ ગયેલી.

અસહકારની લડત પછી, દેશમાં સ્કાઉટ પ્રવૃત્તિ તદ્દન મંદ પડી ગઈ. હવે આ પ્રવૃત્તિ સંકેલાઇ ગઇ છે.

સ્કાઉટ પ્રવૃત્તિને અંગે જુદાંજુદાં સ્થળોએ પ્રવાસો યોજવામાં આવતા. આ પ્રવૃત્તિ બંધ થઈ જવા છતાંયે, પ્રવાસ ખેડવાનો રસ ને શોખ યુવકોમાં જળવાઈ રહ્યો છે. આબુ, પાવાગઢ જેવાં ઐતિહાસિક સ્થળોના પ્રવાસે યુવકો વારંવાર જાય છે. પ્રવાસથી ઉછરતા યુવકોના જીવનમાં ઉત્સાહ, નિડરતા, ખડતલપણું, ને અવલોકન શકિત આપમેળેજ ખીલે છે. ને એમનું કુવાના દેડકા જેવું માનસ દૂર થાય છે.

Copyrights © MEHUL PATEL © 2000-2050

૧૬
દરેક કોમને લગતી સામાન્ય હકીકત.

(૧) પાટીદાર

સમસ્ત પાટીદાર કોમ વિષેનો આછો ખ્યાલ નીચેનો ઉતારો વાંચવાથી મળી રહે છે.

" પાટીદારની વસ્તી મુખ્યત્વે ગુજરાતમાં છે. ગુજરાત બ્હાર હિંદમાં તેઓ જ્યાં જ્યાં ગયા ત્યાં ત્યાં ઘર કરીને રહ્યા. એવાં કેટલાંક કુટુંબ મહારાષ્ટ્ર પ્રાંતમાં, ચેવલા, બુરહાનપુર, જાલના, ઔરંગાબાદ ને પૂર્વ ખાનદેશમાં વસેલાં છે.

પાટીદાર મૂળે ઉત્તર હિંદનો ખેડૂત હતો. ગુજરાતના અણ-ખેડાયલા પ્રદેશોમાં વસી તેમને ફળદ્રુપ બનાવી ગુજરાતની નવી દિશા શોધવા તે ગુજરાતમાં આવીને વસેલો. અને જતે દિવસે ઘર કરીને રહેલો. મોગલાઇના સમયમાં તેમની સંસ્કૃતિનું કેન્દ્ર અમદાવાદ હતું પણ, તે બસીને હવે ચરોતર બન્યું છે, ગુજરાતમાં પાટીદારોની કુલ વસ્તીનો અંદાજ સાતેક લાખનો છે.

મૂળે જેઓ કુટુંબી અથવા કણબી હતાં. તેઓજ આજના પાટીદાર છે. આજે કહેવાતા કણબી આજે કહેવાતા પાટીદારોથી ભિન્ન નથી. તફાવત માત્ર સામાજિક દરજ્જાનો છે, કારણકે આજે કહેવાતા કણબી પાછળથી આવીને વસેલા અને મુખ્યત્વે એમની પાસે વેઠ કરાવવામાં આવતી. આજે એ સ્થિતિ ઓછી થવા લાગી છે. સાહસનું ક્ષેત્ર સર્વને માટે સરખું ખુલ્લું હોવાથી બન્ને વચ્ચેનું અંતર ઝપાટાબંધ ભાગવા લાગ્યું છે; પણ તે આર્થિક દૃષ્ટિએ, સામાજિક દૃષ્ટિએ આજે જેવું ને તેવું જ કાયમજ છે.

પાટીદાર ધંધે વૈશ્ય છે. તે ખેડૂત છે; હોરનો પાલક છે અને વેપારી પણ છે. આમ છતાં, તેનામાં ક્ષત્રિયના ગુણો સ્પષ્ટ છે. જ્યારે વાણિયાના ગુણો બહુ થોડા છે. અથવા નથી કહીએ તો પણ ચાલે. વાણિયો પૈસો સંઘરી જાણે છે, જ્યારે આતો માત્ર ખર્ચી

જાણે છે. ધંધો વૈશ્યનો અને સ્વભાવ ક્ષત્રિયનો આ બહુ વિચિત્ર મિશ્રણ છે. આમ કેમ ? વિચાર કરતા એમ સમજાય છે, કે મધ્યયુગમાં લડાયક કોમો (Mashal races) લડાઈના સમય ન હોય ત્યારે ખેતીનો ધંધો કરતી. હાથમનું જરૂર તો રાજ્યના વિસ્તાર પ્રમાણે રક્ષણ પૂરતું અમુક હજાર યોદ્ધાઓનું જ રહેતું. પણ, બધીયે લડાયક કોમોના લોક વારસાથી લડાઈની તાલીમ મેળવતા. લાંબોના લશ્કરને રાજ્ય પોષી શકે નહિ. આથી, તેમને જમીન આપવામાં આવતી. એ જમીનને 'નરવા' (નિર્વાહ) કહેવામાં આવતી. લડાઈનું રણશિંગુ વાગતાં તેઓ કામધંધો સમેટી સેનામાં ભેગા થઇ જતા, આવી લડાયક કોમ તે આજનો પાટીદાર એમ મારું માનવું છે તલવાર, બંદુક ભાલો તો ઘણા પાટીદારો રાખતા. વળી, શસ્ત્ર બંધીનો કાયદો ન હોત તો હજીયે હજારો પાટીદાર પાસે હથિયાર હોત. પણ શસ્ત્રબંધીને લાંબે, હવે તો હથિયાર વાપરવાની આવડત પણ પાટી-દારમાં રહી નથી. માત્ર એની વાણી ને સ્વભાવમાં લડાયકપણું રહ્યું છે. ઉગતા પાટીદાર યુવકોને કદાચ ખબર નહિ હોય કે સને ૧૮૫૭ના બળવામાં પાટીદારોએ પેશ્વાઓને મદદ કરેલી તેને પરિણામે કેટલાકને કાળા પાણીની સજા પણ થયેલી.

એટલે, એકંદર પાટીદાર સાહસિક અને નિડર હતો. અને આજે પણ છે તેનું કાળજું ક્ષત્રિયના જેવું કઠણ છે, વાણિયાના જેવું પોચું નથી. તેનો સ્વભાવ દાતાર છે, વાણિયાના જેવો સંગ્રહ-શીલ નથી. આ સદગુણોની જોડે વીર-રસની વિકૃતિરૂપ મિથ્યાભિમાન પણ તેનામાં ઘુસી ગયું છે. એકંદરે પાટીદાર ગરીબ છે.

સામાન્ય રીતે ૨૫ ટકા મધ્યમ અને ૭૫ ટકા ગરીબ ગણી શકાય. ચરોતરમાં કદાચ આ પ્રમાણમાં થોડો ફેર પડે એટલું જ. ચરોતર બહાર ગરીબીનું પ્રમાણ કદાચ નવું ટકા જેટલું હશે એમ કહી શકાય. ગરીબાઈનું આવું પ્રમાણ છતાં, જીવનની ઝીણી કમાણી તે મિથ્યાભિમાનમાંજ ખર્ચી નાખે છે. અને પોતાના વારસોને કરજનો બોજો સોંપતા જાય છે.

પાટીદાર જ્યાં વસ્યો ત્યાં તેની પાછળ તેની ધર્મક્રિયાઓ માટે બ્રાહ્મણ, વેપાર માટે વાણિયો, સામાન્ય જરૂરિયાતો પૂરી

Copyrights © MEHUL PATEL © 2000-2050

પાદરા કારીગર અને મજૂરી માટે અન્ય કોમો વસી. આમાં, મુસ-
લમાનોનો પણ સમાવેશ થઈ જાય છે. આ બધામાં પાટીદાર
કુન્દરુપે વિરાજતો. કારણ કે, તે પાટીદાર ઉર્ફે જમીનદાર (Land
lord) હતો. સૌ તેને સન્માન આપતા. રાજ્યની મહેસુલ અથવા
ચોથાઈ તેજ ઉઘરાવી આપતો. ગામનો અગ્રણી મુખી પણ તેજ
હતો. રાજ્યનિષ્ઠા ને વફાદારીને લઈ તેણે દેસાઈ અને અમીન
જેવા ઈલ્કાબ પણ મેળવ્યા હતા. આજે પણ જે કામ હાથમાં લે
છે એમાં છેવટ સુધી વફાદાર રહે છે. ખાનદાની ને પરોણાગત
એ એના વારસાના ગુણો છે."

આ ઉતારો સંવત ૧૯૬૪ ના માહ માસના 'પાટીદાર'
માસિકના અંકમાંથી લીધેલો છે. " એક વાર તો પટીદારો 'લેઉઆ
બાદશાહ' કહેવાતા ખેડૂતો 'જગતના તાત' કહેવાતા પણ ખેતીની
પેદાશ સરકારની મહેસૂલનીતિથી અને વરસાદની અનિયમિતતાથી
ઘસાતી ચાલી. વળી બીજીબાજુથી તેમણે પોતાની જાહોજલાલીના
સમયનાં આંધળાં ચર્ચ આંધળા થઈ ચાલુ રાખ્યાં. પરિણામે આજ
પાટીદારો કે ખેડૂતો છેકજ નિર્ધન જેવા થઈ ગયા છે. કોઈ પણ
પાટીદારિયા ગામમાં જઈને જોશો તો ત્યાં સર્વત્ર નિરાશા કે નિરા-
નંદ છવાઈ ગયેલાં માલુમ પડશે. જાહોજલાલીના કાળનો ભવ્ય
કહેલાંને આજે તાળાં વાગ્યાં છે. અફીણના લાલ કસુંબા – તેનાથી
શારીરિક ને માનસિક હાનિ થાય છે એમ સમજીને નહિ. પણ તે
ખરીદવા માટે ગાંઠે રાતો પૈસો નથી માટેજ – બંધ થઈ ગયા છે.
પારકા હુંકા પીવાની હાનતે (કે નવરા હોઈ ગામગપાટા ચલાવવા)
લોકોને ઓટલે બેસી નિરુદ્યમી લોકો નજરે પડશે. આ સ્થિતિમાં
બીજાનું પડાવી લેવાની વૃત્તિ થાય એ સ્વાભાવિક છે અને એમ
થયું જ છે. જે લોક આ સ્થિતિમાંથી બચવા અને કંઈક કમાવા
પરદેશ નીકળી પડયા તે સુખી થયા, બાકીનાની તો ઉપર બતાવી
એજ સ્થિતિ થઈ પડી છે. આ સ્થિતિમાં એ 'બાદશાહ'ને અને
'જગતના તાત'ને કોઈકની સામે નજર માંડવાની વૃત્તિ થઈ છે,"
('પાટીદાર' પોષ ૧૯૬૬. પ્રસંગ કથામાંથી)

નરસંડા ગામની લગભગ અર્ધી વસ્તી પાટીદારોનીજ છે. અન્ય
સમોવડિયાં ગામોની તુલનામાં, પાટીદારની વસ્તી કંઈક અંશે
વધારે છે.

પાટીદારોની વસ્તી મુખ્યત્વે ભા ને કાકાના વંશજોની બનેલી
છે. ગામના મૂળ પાટીદારો તેઓ છે. ગામના નરવાદાર પટેલો તેઓ
હોઈ, ગામનો વહીવટ પણ તેમને હસ્તક આવેલો છે. મુખીપણાનો
હક પણ તેઓજ ધરાવે છે. બન્ને ભાગની વસ્તી (ભા પાટીની
વસ્તી કાકાપાટી કરતાં વધુ છે) ઘણી વધી ગઈ હોવા છતાંયે, મૂળે
એક પિતાની પ્રજા હોઈ ભ્રાતૃત્વની લાગણી સૌમાં પ્રવર્તે છે.
વળી નરસંડા ગામથી પા અડધો માઈલને અંતરે આવેલું મહમ-
દપુરા ગામ એ ભાના એક પુત્ર પાંચા પટેલે આજથી લગભગ
૨૮૦ વર્ષ પર, સંવત ૧૭૨૫ માં વસાવેલું. સદર ગામના પાટીદા-
રોનો ભા પાટીમાં સમાવેશ થઈ શકાય. આ ગામ સરકારી
દફ્તરે નોખું ગામ લેખાય છે છતાંયે હજી સામાજિક વ્યવહારોની
દૃષ્ટિએ મહમદપુરા ગામ સાથે કુટુંબ જેવો વ્યવહાર ચાલે છે.

કાકાપાટીમાંથી પણ સંવત ૧૮૮૦ ના અરસામાં આજથી
લગભગ ૧૧૫ વર્ષ પર એક નોખું નવાપુરા નામે પરુ વસેલું પણ,
થોડાંજ વર્ષ એનું અસ્તિત્વ કાયમ રહ્યું. હાલમાં, તે પરૂ હયાતિમાં
નથી.

નોખાં નોખાં સ્થળોથી આવીને પણ પાટીદાર કુટુંબો ગામમાં
વસેલાં છે. નડિયાદથી આવીને વસેલું કુટુંબ મુખ્ય છે. કહે છે કે
આગે પોતાની દીકરી લાડુબાને પુત્રવત લેખી મિલકતમાંથી ભાગ
આપેલો ને તદનુસાર, લાડુબાના વંશજ મોસાળ ભાગમાં રહેવા
આવેલા. મિલકતમાં ભાગ આપ્યા પ્રમાણે તેઓ નરવાદાર છે તેમજ
મુખીપણાનો પણ હક ધરાવે છે. મૂળ ગામ વસ્યું ત્યારબાદ
સૈકડો વર્ષ પછી, લગભગ બા-કાકાના સમયમાં, કે ત્યાર પછીની
પેઢીએ ધનજીભાઈની બારડી, ભીમકુંડીયું, તેમજ કેટલી બારડીનાં
કુટુંબો અનુક્રમે ગામ શીંજવાડા, અકલાચા તેમજ સલુણથી
આવીને વસેલાં છે. ચાંગાથી, પીજથી, ઘૂંટેલીથી વગેરે સ્થળેથી
પણ ઘરો આવીને વસેલાં છે. પણ, એમની સંખ્યા ઝાઝી નથી.

ભાપાટી ને કાકાપાટીના પાટીદારો એક બાપની પ્રજા હોઈ
લગ્ન વ્યવહાર જેવો સંબંધ માંડેમાંડે સંભવી શકેજ નહિ. નડિયાદ-
થી આવેલું કુટુંબ આગેજ કુટુંબ હોઈ એની સાથે પણ લગ્ન જેવા

Copyright © MEHUL PATEL © 2000-2050

સંબંધ આંકી શકાય નહિ. પરંતુ ઉપર જણાવેલાં અન્ય ગામોમાંથી આવીને વસેલાં કુટુંબ સાથે લગ્ન વ્યવહારનો સંબંધ બાંધવામાં ભાપાટી, કાકાપાટીના પાટીદારો બાધ માનતા નહિ. બે કે એ પ્રથા હવે બંધ થઈ ગઇ છે પરંતુ, એકાદ બે પેઢી અગાઉ, ઉપર જણાવેલા અન્ય કુટુંબોએ ભાપાટી ને કાકાપાટીમાં કન્યાઓ આપેલી છે. આનંદની બીના છે કે પાછળથી વસેલાં કુટુંબો તેમજ મૂળના કુટુંબ વચ્ચે સમાનતાનું ધોરણ જળવાઈ રહ્યું છે. સૌ સરખો સામાજિક દરજ્જો ભોગવે છે.

સત્તાવીશના ગોળમાં ભાપાટી, ને કાકાપાટીના પાટીદારોનો સમાવેશ થાય છે.

પાટીદારોનો મુખ્ય ધંધો ખેતીનો છે છતાંયે, જમાનાનુસાર, પાટીદારોએ પણ વેપારી નોકરી ઇત્યાદિમાં પ્રવેશ કર્યો છે પણ એની સંખ્યા અલ્પ છે

(૨) બ્રાહ્મણ

ગામમાં બ્રાહ્મણોનાં લગભગ પંદરેક કુટુંબ હયાત છે. આજથી લગભગ ૧૫૦૦ વર્ષ અગાઉ એટલે સંવત ૫૦૨ના અરસામાં જ્યારે ગામ કેવળ સાતજ ઘરનું બનેલું હતું ત્યારે પણ એ સાત ઘરમાં ત્રણ ઘર બ્રાહ્મણોનાં હતાં. ઉકાના તેમજ જીવરાંમના વંશજ હજીયે ગામમાં હયાત છે. એની નોંધ આગળ પ્રથમ પ્રકરણમાં આપી દીધી છે. બીજા કુટુંબના વંશજ ગામમાં હયાત નથી આમ, પ્રથમથીજ આવી આવતાં કુટુંબને બાદ કરતાં બીજાં કુટુંબો પાછળથી આવીને વસેલાં છે. હાલના દવે માણેકજી બેચરજીના પૂર્વજો તથા ડાળિયા મંગળભાઇ રણછોડભાઈના પૂર્વજો સોજીત્રાથી આવી વસેલા. હરિભાઈ બેચરભાઇ ભુવના પૂર્વજ શંભુદત્ત તથા ઠાકર છોટાભાઇ પીતાંબરના પૂર્વજ હરિદાસ મહુધાથી પાંચેક પેઢી અગાઉ આવીને વસેલા. મહેતા મગનલાલ બાપુજી, પાઠક ભોગીલાલ સોમનાથ, શિવરામ રુધનાથ ઠાકર, છગનભાઇ રાજેશ્વરના પૂર્વજો અનુક્રમે ભાતર, ઓડ, આણંદ અને ડભોઠથી આવીને વસેલા.

ગોર ડાહ્યાભાઇ કીરપારામનું મૂળ વતન નાર. પણ, એમના પિતામહ ગોર દલ્છારામ, નરસંડાના ગોર દાજીરામ પુરૂષોત્તમની ગોત્ર સાથે પરણેલા. પાછળથી, ગોર દાજી પુરૂષોત્તમને વંશજ નહિ હોવાથી, તેઓ નરસંડા આવી વસેલા.

જોશી મણિલાલ વ્રજલાલનું મૂળ વતન ઉમરેઠ.

(૩) વણિજ વર્ગ

મૂળ ગામના વસવાટ સમયે ગામમાં કોઈ વણિજ કુટુંબ નહોતું. પણ જેમ ગામમાં વસ્તી વધી તેમ વેપારાર્થે અન્ય સ્થળોથી વાણિયાનાં કુટુંબ ગામમાં આવી વસવા લાગ્યાં ને વેપાર શરુ કર્યો. સહુ કુટુંબોમાં દોયી જુનું કુટુંબ શાહ ચુનિલાલ તારાચંદના પૂર્વજોનું કહેવાય. તેઓનું કુટુંબ ભોમાદાર ગણાતું. હાલ તેમના વંશજ નરસંડામાં રહે તા નથી. શાહ ચુનિલાલ તારાચંદના પુત્ર હાલ ખંભાત કાયમનું સ્થળ કરીને રહ્યા છે. ડાલના શાહ બેચરભાઇ હરિભાઇના પૂર્વજ શાહ લાલદાસ પુંજાભાઇ નડિયાદથી બે પેઢી થયાં અહીં આવીને વસેલા, એમનો સામાજીક ને કૌટુમ્બિક સંબંધ હજીયે નડિયાદમાં ચાલુજ છે. શાહ મુળચંદ જવેરચંદના વડીલ મૂળે પીજવાઇથી ધંધાર્થે નરસંડા આવીને વસેલા. ને અહિયાં કાયમનો વસવાટ કરીને રહ્યા છે. વળી, છપ્પનીયા પછી (સંવત ૧૯૫૬ ના દુકાળ પછી) બામણોલી ગામથી પણ મૂળે પીજના મોઢવણિક શાહ નારણદાસ ઠાણીદાસ નરસંડા આવી વસ્યા. તેમના વંશને હાલ નરસંડામાંજ છે. બીજાં કેટલાંક વણિક કુટુંબો પણ જુદાંજુદાં સ્થળોથી આવીને નરસંડામાં વસ્યાં છે.

શરુઆતમાં, સૌ વાણિયાઓ ઘી, ગોળ, તંબાકુ વગેરેની ચીજોની દલાલીનો વેપાર કરતા. સાથે સાથે, બે પૈસા કમાતાં ધીરધારનો ધંધો કરવા લાગ્યા હજીયે તેમનો ધંધો મુખ્યત્વે વેપાર ને ધીરધારનો છે.

(૪) ગોસાઇ

આશરે ૨૫૦ વર્ષ પર ગોસાઇ જયરામગર પીતાંબરગર નરસંડા આવી વસ્યા. તેમના પછી બીજાં બે કુટુંબો આવેલાં પણ હાલ,

Copyright © MEHUL PATEL © 2000-2050

તેમનો વંશ હયાત નથી. ગોસાઈનાં બધેક ઘર હયાત છે. હાલના ગોસાઈ ધર્મગિરિ હીરાગિરિના પૂર્વજોએ વેરાઈમાતા પાસેનું જુનુ મહાદેવ સંવત ૧૯૦૬માં બંધાવેલું.

(૫) મુસલમાન વર્ગ

મુસલમાનોની વસ્તી ગામની વસ્તીના પ્રમાણમાં ઠીકઠીક છે તેઓ એક કુટુંબની પ્રજા નથી. પરંતુ, જુદાંજુદાં કુટુંબો, જુદાંજુદાં સ્થળેથી આવીને વસેલાં છે. લવાણી પઠાણ, અફઘાન પઠાણ, બોખર, કુરેશી, મલેક, ચૌહાણ, બેલિમ વગેરે કુટુંબોનો મુસલમાનોમાં સમાવેશ થાય છે. અગાઉ આ કુટુંબોની વસ્તી હાલના કરતાં વધુ હતી એમ સમજાય છે અને તે અરસામાં (મોગલાઈના સમયમાં) ઠીકઠીક જમીન ધરાવતા હોઈ સાધન સંપન્ન પણ હતા, પણ, હાલ ઘરીબ સ્થિતિને અંગે તેમજ અન્ય સંજોગોને વશ થઈ, કેટલાંક ઘર કાયમને માટે ગામ છોડીને બીજાં ગામોમાં જઈને વસ્યાં છે. નડિયાદ, મહુધા, ઠવાપુરા, બડાપુરા, દાસજીપુરા, ભૂમસ, ભાલેજ, વડોદરા વગેરે સ્થળોએ નરસંડા ગામનાં મુસલમાન કુટુંબો જઈને વસેલાં છે. આમ, લગભગ ૫૦થી૭૫ ઘર કાયમને માટે નરસંડા ગામ છોડી અન્ય ગામોમાં વસેલાં છે.

મુસલમાન કોમમાં હાલના પઠાણ મહમદખાન પરબતખાનના કુટુંબ વિષે કાંઈક માહિતિ મળેછે. સદર કુટુંબ એમની કોમમાં ધોલાદાર ને માનદાન ગણાય. આ કુટુંબ લગભગ સાત પેઢી થયાં નરસંડામાં વસેલું છે. મૂળે પેટલાદથી આવી એમના પૂર્વજ હાસમખાન નરસંડામાં વસેલા. મહમદખાન પરબતખાન પઠાણ લગભગ ઘણાં વર્ષ સુધી તાલુકા લોકલ બોર્ડના નોમિનેટેડ મેમ્બર હતા. વળી સને ૧૯૧૦માં ત્રણ વર્ષ સુધી ઑનરરી મેજીસ્ટ્રેટ તરીકે નીમાયા હતા. હાલ તેઓ નરસંડા ગ્રામ પંચાયતના નોમીનેટેડ મેમ્બર છે. પઠાણ અમુનીયાં મનસુરમીયાં; મલેક અસરફખાન નાથેખાન વગેરેનાં કુટુંબોની માહિતિ મળી શકી નથી તે કુટુંબો પણ ઉચ્ચો દરજ્જો ધરાવે છે.

મુસલમાન કોમનો ધંધો મુખ્યત્વે ખેતીનો છે ને સ્થિતિ સાધારણ કહેવાય. કોળવણીનું પ્રમાણ ઠીકઠીક પ્રમાણમાં નજરે પડેછે.

ગામમાં કહોરાધાંગીની વસ્તી જુજપ્રમાણમાં છે. તેલ પીલવાનો ધંધો મુખ્યછે. બહારગામથી આવીને કહોરાનાં એકાદ બે કુટુંબ પણ છેલ્લાં થોડાં વર્ષોમાં આવીને વસ્યાં છે.

(૬) ક્ષત્રિય વર્ગ

ક્ષત્રિય કોમની વસ્તી જુજછે તેઓમાં, મુખ્ય વસ્તી પગીઓની છે. સદર પગી ગામ વસ્યું ત્યારના વસેલા છે એમ કહેવાય છે. તડુપસંત, પાટણવાડિયા વગેરે પણ છે. કયું કુટુંબ કયે સ્થળેથી કયારે આવ્યું વગેરે હકીકત મળી શકતી નથી.

પગીઓનું કૂળીયું ગામને પાદરે આવેલું છે. કુદરતી રીતેજ, ગામનુ રક્ષણ કરવાની જવાબદારી એમને માથે આવી ઉભી રહે છે. આ કોમ નઝર ને મિલનસાર હોઈ ગામની અન્ય વસ્તીમાં સહેલાઈથી હળીમળી જાય છે.

(૭) હરિજન વર્ગ

ગામમાં ઢેડ, ચમાર, ભંગીની વસ્તી ઠીકઠીક પ્રમાણમાં છે. ઢેડ લોકોમાં કેટલાકોએ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યોછે. પરંતુ, હિંદુઢેડ ને ખ્રિસ્તીઢેડના જીવનવ્યવહારોમાં કાંઇ આમ ફેર નથી. આ બંને કોમમાં ઢેડ કોમ વધુ સાધનસંપન્ન ગણી છે. હાથ બણાટનું કાપડ વણવાનો તેમનો વંશ પરંપરાગતનો ધંધો હજીએ ચાલુ છે. છેલ્લાં થોડાંક વર્ષથી એ લોકોએ ખેતી પણ સારા પ્રમાણમાં કરવાની શરૂઆત કરી છે. એ કોમ મહેનતુ ને ત્રેવડવાળી હોઇ સ્થિતિ સાધારણ રીતેઠીક છે. પણ, ચકા વગેરે કેટલી ચીજોના સેવનથી એમની શારીરિક નૈતિકને આર્થિક સ્થિતિને ઘણીજ હાનિ પહોંચે છે.

ભંગીઓની વસ્તી જુજ પ્રમાણમાં છે. ગ્રામપંચાયતના વહીવટ હેઠળ ગ્રામસ્વચ્છતાનું કાર્ય તેઓ બજાવે છે. એમાંથી જે કાંઈ રોજી મેળવે તેમજ રાત્રે મેળો મળે તેમાંથી ગુજરાન ચલાવે છે. આ લોકોની નજીવી આવકનો મોટો હિસ્સો તો કેવળ દારૂ પીવામાંજ જાયછે. ચમાર કોમ ગામડાં પકવવાનો ધંધો કરે છે. એની સંખ્યા જુજ છે. એમની સ્થિતિ સારી ન કહેવાય.

Copyrights © MEHUL PATEL © 2000-2050

(૮) અન્ય નાની કોમોને લગતી ટુંક નોંધઃ—

(૧) ગામમાં સોનીનાં બે કુટુંબ છે. તેમાંનું, સોની નાથાભાઈ રણછોડભાઈનું કુટુંબ ઘણા સમયથી કાયમનો વસવાટ કરી રહેલું છે. જ્યારે એક કુટુંબ તાજેતરમાંજ આવીને વસ્યું છે. પણ તે સ્થાયી ન કહેવાય

(૨) સુતારની વસ્તી ગામના પ્રમાણમાં પૂરતી છે. લુહારનાં ફક્ત બે કુટુંબ છે. કડિયાની વસ્તી ગામમાં નથી. પણ છેલ્લાં કેટલાક વર્ષથી ગામના મુસલમાનોમાંથી કેટલાક કડિયાનો ધંધો કરે છે. તેમજ બહાર ગામથી કડિયાનું એક કુટુંબ આવીને વસ્યું છે. પણ તે સ્થાયી ન કહેવાય. કડિયા કામ માટે ખાસ કરીને બોરિયાવીના કડિયા આવે છે. બોરિયાવીના કેટલાક કડિયાની રોજી કેવળ નરસંડાપર નભે છે એમ કહેવું અતિશયોક્તિભર્યું નથીજ.

(૩) ગઢવીની વસ્તી અગાઉ, ગામના પ્રમાણમાં ઠીકઠીક હતી. સ્થિતિ પણ સારી હતી પણ હાલમાં વસ્તી ઘણીજ જુજ છે. સ્થિતિ સાધારણ કહેવાય. સદર પછાત કોમમાંથી પણ એક ભાઈએ (રતનસંગ પથેસંગ ગઢવી) બી. એસ. સી.ની ડીગ્રી મેળવી છે.

(૪) દરજીનાં બે કુટુંબ છે. દરજી બેચરભાઈ મુળજી ગામ વામણાથી આવીને વસેલા છે. દરજી વેલજી અર્જુન કાઠિયાવાડથી આવેલા છે. તદુપરાંત, કેટલાક મુસલમાન, ભોરા વગેરે પણ દરજીનો ધંધો કરે છે. દરજીની દુકાનો ઓકંદરે છ જેટલી છે.

(૫) વાળંદની વસ્તી અગાઉ સારા પ્રમાણમાં હતી. પરંતુ. શહેરની કમાણી કરવા માટે કેટલાંક કુટુંબ શહેરમાં ચાલ્યાં ગયાં છે. જો કે તેઓ કાયમને માટે નથી ગયાં. આમ, વાળંદની સંખ્યા ઘટતી જાય છે.

(૬) ભોઈ તેમજ ધોબીનું દરેકનું એક એક કુટુંબ છે.

૧૭
સામાન્ય અવલોકન.

આર્થિક સ્થિતિ.

સારાયે ચરોતરમાં પાટીદારોની વસ્તી અગ્રસ્થાને છે. સામાજિક દરજ્જામાં પણ, પાટીદારો ઉંચું સ્થાન ધરાવે છે. એનો ધંધો મુખ્યત્વે ખેતીનો છે. પણ, યુગ બદલાતાં, વેપાર-નોકરી ઇત્યાદિ ધંધામાં પણ એણે ઝંપલાવ્યું છે. આફ્રિકા જેવા દૂર દેશોમાં ધંધાર્થે જઈ તેણે ધનપ્રાપ્તિ ને યશપ્રાપ્તિ કર્યાં છે. પાટીદાર સિવાયની અન્ય કોમો જેવીકે બ્રાહ્મણ, વાણિયા વગેરેને પણ જમાનાનુસાર ગામડાંઓમાં ખેતી પર આધાર રાખવો પડે છે. આ સ્થિતિ થોડે થોડે અંશે નરસંડા ગામમાં પણ પ્રવર્તે છે. મુસલમાન કોમ પણ મુખ્યત્વે ખેડૂત છે. પણ, તેઓમાં પણ પોલિસ વગેરેની નોકરીમાં જોડાયેલાની સંખ્યા ઠીકઠીક છે.

અનાજના ભાવ તદ્દન મંદ હોવાથી ખેડૂતોનો ઉત્સાહ ઓસરતો જાય છે. તદુપરાંત, હિમ, વરસાદની તાણ, વગેરે કુદરતી કોપ ખેડૂતને વધુ પાયમાલ કરતો જાય છે. છતાંયે, અન્ય ધંધો હાથમાં નહિ હોવાથી ખેતીનો ધંધો રગસિયા ગાડાની પેઠે હસડયે જાય છે. પરિણામે ઉત્સાહવિનાની ખેતીમાં ઝાઝું ધ્યાન નથી દેવાતું. જમીનની માવજત તરફ આપમેળેજ ઉદાસિનતા વધતી જાય છે. ફળદ્રુપ જમીનના કસ ઘટતા જાય છે. આમ, કેવળ ખેતીપરજ અવલંબન કરનાર ખેડૂતોની દશા સંતોષકારક ન કહી શકાય. આ મંદી ને તીવ્ર હરિદ્રાઇના સમયમાં, અગાઉના જેવી ખેતીની આવક મળવી અશક્ય છે છતાંયે, આ સમયમાં મળી શકે એના પ્રમાણમાં તો નરસંડાના ખેડૂતો ઠીકઠીક આવક તંબાકુના પાકમાંથી મેળવી શકે છે. તંબાકુના ભાવ ઠીકઠીક ટકેલા રહે તો ખેડૂતનો પગ સ્થિર રહે. પંપના પાણીથી જથાબંધ પાક ખેડી સાથે ઉત્પન્ન કરી શકાય છે એ આનંદની બીના લેખાય.

Copyright © MEHUL PATEL © 2000-2050

શેતરંજી વણવાનો ધંધો મૂલપાય થયો ત્યારબાદ ગામે વેપારમાં નજીવી પ્રગતિ કરી છે. બહારગામ તેમજ દેશાવરમાં, ગામનો કોઇ વતની ધીકતો વેપારી નથી. તદુપરાંત, નોકરી અર્થે પણ આજ સુધીમાં ગયેલા નથી.

હરિજન કોમ (અને તેમાંયે મુખ્યત્વે ઢેઢ કોમ) જે મજુરી પર રોજી ચલાવે છે એની સ્થીતી એના હરજન પ્રત્યેના તીરસ્કારને કારણે

સામાજીક સુધારા પ્રવૃત્તિ

ગામે સમાજ સુધારાની પ્રવૃત્તિમાં આગળ પડતો ભાગ લીધો છે. આર્ય સમાજના પ્રચાર સાથે હિંદુ કુરુઢિઓ ને વહેમો સામે બળવો જગાવવામાં ગામના આગેવાનોએ ઘણાં વર્ષ અગાઉથી શરુઆત કરેલી છે. આમ, છેલ્લાં લગભગ ૨૦-૨૫ વર્ષથી સમાજ સુધારાની પ્રવૃત્તિને ઓછે વત્તે અંશે ગામે વેગવંત કરી છે. પ્રેતભોજન જેવી દુષ્ટ ને અનૈતીક પ્રથાને દુરાવી દઇ ગામે સમાજ સુધારાની પ્રવૃત્તિને વેળાસરથી અપનાવી એ આનંદની હકીકતજ લેખાય. જુની રુઢિઓને વળગી રહેલાઓની દૃષ્ટિએ, સુધારાનું પગલું એ ઉતાવળિયું ને સ્વચ્છંદ પગલું હતું. દૃઢિચુસ્ત ને મિથ્યાભિમાન અર્થાં પ્રચલિત અર્થમાં લઇએ તો સુધારા પ્રવૃત્તિથી ગામના "સામાજિક દરજ્જાને" પણ થોડુ થોડું ખમવું પડયું છે. લગ્ન સંબંધ જેવા વ્યવહારોમાં ગામને ખોટાપણે અંશે શોષવું પડયું છે. પરંતુ, લાંબી દૃષ્ટિએ વિચાર કરતાં સમજાશે કે સુધરાના પ્રવૃત્તિથી રેડાતા ઉત્તમ સંસ્કાર ને કેળવણી જળવાઇ રહેતાં તે નવયુગમાં સારી પેઠે ઝળહળી ઉઠશે.

શ્રી. વેણિભાઇ પ્રભુદાસ પટેલે શારદાએક્ટ અનુસાર કેટલાંક બાળલગ્નો પાટીદારોમાં અટકાવ્યાં છે.

વળી, આપણે જાણીએ છીએ કે પાટીદાર જ્ઞાતિમાં 'વિરત્વની વિકૃતિ રુપ' મિથ્યાભિમાન ઘણુંજ ઘૂસી ગયું છે. ચરોતરનાં 'ઉચ્ચ' ગણાતાં બાર ગામોનું અંધ અનુકરણ કરી નાનાં નાનાં ગામના પાટીદારોએ પણ આર્થિક તથા સામાજીક સ્થિતિ નગણી હોવા છતા અનેક રુઢીઓને અપનાવી કેવળ મિથ્યાભિમાન સેવ્યું છે. યુગ બદલાય છે; સંસ્કારિતાની દૃષ્ટિ કેળવાય છે એટલે આવા ઢોંગોનું છેવટનું પરિણામ તો શૂન્યજ છે. નરસંડા ગામમાં સદ્‌ભાગ્યે

Copyright © MEHUL PATEL © 2000-2050

રા. રા. ભાઈલાલભાઈ મથુરદાસ પટેલ
અંગ્રેજી સ્કૂલના ચીફ ડોનર

આવા ઢોંગ મોટે ભાગે તો ધૂપી જતા રહી જવા પામ્યા છે. કારણકે આર્યસમાજના પ્રચાર સાથે સુધારાની પ્રવૃત્તિઓ ગામના પ્રતિષ્ઠિત ગૃહસ્થો પર છેલ્લા વીસપચીસ વર્ષથી ઠીકઠીક અસર કરેલી છે.

કેળવણીનું ધોરણ

આમ, કેવળ રૂઢિપાલૈનમાંજ રચ્યાપચ્યા રહેવાને બદલે, ગામમાં સાધારણ રીતે કેળવણી તરફ સારૂં લક્ષ અપાયું છે. લગભગ ૨૫ વર્ષ પહેલાં, ગામમાં, અંગ્રેજી શાળા શરૂ થયેલી પણ તે સમયે ધંધા રોજગાર પ્રમાણે ચાલતો હોઈ અંગ્રેજી કેળવણી લઈ નોકરી મેળવવા તરફ લોકોનું આકર્ષણ ન થયું. પરિણામે, વધુ નભી શકી નહિ. જે જે ગામોમાં અંગ્રેજી કેળવણીની શરૂઆત વેળાસરથી થઈ છે તે તે ગામોએ ઠીકઠીક પ્રગતિ સાધી છે. આધુનિક અંગ્રેજી કેળવણી ભલે નિઃસત્ત્વને અર્થહિન હશે પરંતુ શરૂઆતનાં વર્ષોમાં તો અંગ્રેજી ભાષા જાણનાર વધુ હોવાથી, લગભગ ત્રણ ત્રણ અંગ્રેજી ધોરણ સુધી ભણેલા માણસોને પણ નોકરી તાત્કાલિક મળી જતી. તદુપરાંત, આફ્રિકામાં પણ નોકરીની માગણી વધુ હોવાથી, જે જે ગામોમાં વેળાસર અંગ્રેજી શાળા શરૂ થઈ ત્યાંથી. બધ્યે ત્રણ ત્રણ ધોરણ ભણીને ભાંગ્યું તૂટ્યું અંગ્રેજી બોલતા બોલતા આફ્રિકા તરફ દોટકા દોડવા લાગ્યા. જે ગામોએ આમ, આફ્રિકા વગેરે સ્થળોએ દોડી જવાની તક વધુ પ્રમાણમાં ઝડપી લીધી છે તેઓ હાલ પોતપોતાના સમાજમાં ઠીકઠીક 'સામાજિક દરજ્જો' ભોગવતા હોવાનો દાવો કરે છે.

નરસંડા ગામમાં સને ૧૯૧૨માં સ્થપાયલી સ્કૂલ બંધ પડવાની ભાગ્યનારની સંખ્યા ઓછી થવા લાગી તદુપરાંત તે સમયે શેતરંજી વણવાનો ધંધો ખૂબજ ધમધોકાર ચાલતો હોવ વણકરકોમોએ તે ધંધામાંજ ઝંપલાવ્યું. પરિણામે આફ્રિકા જેવા દુરદેશોમાં જવાપ્રત્યે ઉદાસિનતા થઈ આવી વસ્તુસ્થિતિ હોવા છતાંયે, કેળવણીનું પ્રમાણ સાધારણ રીતે ઠીક હતું. અને, સને ૧૯૨૮માં અંગ્રેજી સ્કૂલ સ્થપાયા બાદ તો કેળવણીનું પ્રમાણ સારી પેઠે વધ્યું છે. છોકરાઓ ઉપરાંત છોકરીઓમાં પણ કેળવણીનું પ્રમાણ સારા પ્રમાણમાં છે. તે સૌ ભણેલાઓની યાદિ પરથી સમજી શકાય તેમ છે.

Copyrights © MEHUL PATEL ® 2000-2050

આમ, ગામના પ્રતિષ્ઠિત ગૃહસ્થો પ્રગતિશીલ વિચારના હોઇ કેળવણીને સારુ પોત્સાહન મળ્યું છે. હંમેશા મોભા ને હુંપદમાં નહિ તણાતાં, ગામના યુવકોને સંસ્કારપોષક કેળવણી પ્રાપ્ત થઈ છે. ૬૫ વર્ષ પર સ્થપાયલી અંગ્રેજી સ્કુલ ચાલુ રહી હોત. તો ગામે કેળવણીમાં અત્યંત અગત્યનું સ્થાન પ્રાપ્ત કર્યું હોત એ નિર્વિવાદ હકીકત છે.

(૪) રાષ્ટ્રિય જાગૃતિ.

ગામના પ્રતિષ્ઠિત આગેવાનોનું નવા જમાનાને અનુસરતું ને અપનાવતું માનસ તેમજ કેળવણી પ્રત્યેની તેમની અભિરુચિને લઇને ગામના યુવાન વર્ગનું માનસ યોગ્ય દિશામાં ઘડાયું છે. કુવાના દેડકા જેવું માનસ ધરાવી ઘરને ખૂણે ભરાઇ બેસી રહેવું અથવા કેવળ ગામગપાટામાં મશગૂલ રહેવું એ માનસ ઘણુંજ ઓછું થઇ ગયું છે. સંસ્કારિતા ને કેળવણીના પ્રતાપે, યુવાનોમાં સંગઠન નિડરતા, ને ઉત્સાહનું વાતાવરણ જામતું જાય છે. યુવાન ભાઇઓમાં ભ્રાતૃ ભાવ ખીલે ને એકતા અનુભવાય એને માટે ચાંદનીચોકના યુવાન ભાઇઓનો ફાળો અજબ છે ને રહેશે

[તાજેતરમાં વિદ્યાર્થી મિત્ર મંડળની સ્થાપના પણ કરવામાં આવી છે એનો ઉલ્લેખ આગળ આવી ગયો છે.]

રાષ્ટ્રિય ભાવના પણ ગામમાં સારા પ્રમાણમાં જાગૃત થયેલી છે. ખાસ કરીને યુવાનોમાં રાષ્ટ્રિય ભાવના વધુ જાગૃત છે. ગામે રાષ્ટ્રિય હરણે અદા કરવામાં સદાયે મોખરે સ્થાન સાચવ્યું છે, એ હકીકત અને ૧૯૧૯ના તારકેસ પરથી તેમજ અને ૧૯૩૦-૩૧ની અસહકાર ચળવળ પરથી સ્હેજે સમજી શકાય તેમ છે.

ગાંધિ જયંતિ, રાષ્ટ્રિય સપ્તાહ વિગેરે રાષ્ટ્રિય ઉત્સવો ઉત્સાહ ભેર ઉજવાય છે.

નડિયાદ તાલુકા લોકલ બોર્ડ તેમજ બેઠા જીલ્લા લોકલ બોર્ડમાં અનુક્રમે રા. કાશ્યાભાઇ મથુરભાઈ પટેલ તથા રા. વેણી ભાઈ પ્રમૂદાસ પટેલે લાંબા સમય સુધી સભ્યપદ ભોગવ્યું છે હાલ બેઠાજીલ્લા લોકલ બોર્ડમાં મહાસભાવાદી મેમ્બર તરીકે રા. કાશા ભાઈ મથુરભાઈ પટેલ બેઠક ધરાવે છે. રા. વેણીભાઇ પ્રમૂદાસ પટેલે સને ૧૯૨૩માં સ્વરાજ્ય પક્ષ તરફથી મુંબાઈ લેજીસ્લેટીવ કાઉન્સીલ માટે (હાલ એસેમ્બલી) ઉમેદવારી કરેલી પણ થોડા વોટના અભાવે સફળતા પ્રાપ્ત થયેલી નહિ.

સરકારે જીલ્લાનાં કેટલાંક ગામોમાં ગ્રામપંચાયતો અખતરા તરીકે સ્થાપવાનો નિર્ણય કરેલો તદનુસાર, નરસંડામાં સને ૧૯૨૫ ના નવેમ્બરમાં ગ્રામપંચાયતની ચુંટણી કરવામાં આવેલી. સદર પંચાયત હજીયે ચાલુજ છે.

કોમ કોમ વચ્ચેના સંબંધમાં કોઇપણ પ્રકારનો તિક્ષ્ણ ફોડ એમ જણાતું નથી. છેલ્લાં થોડા વર્ષ અગાઉ, કેટલાક સમય માટે હિંદુ મુસલમાન વચ્ચે ખટરાગ ઉત્પન્ન થયેલો પણ સદભાગ્યે ફરીથી બન્ને કોમ વચ્ચે મીઠો સંબંધ પુનઃ સ્થાપિત થયો છે.

(૫) સૃષ્ટિ સૌંદર્ય

નરસંડા ગામ સપાટ જગા પર ગોઠવાયેલું છે. એની બાંધણી વ્યવસ્થિત છે. રાજમાર્ગ સીધાને પહોળા હોઇ સત્તાઓનો ગુંચવાડો ઉભો થતો નથી એકાદ બે ટેકરાવાળા સત્તાળાદ કરીએ તો ગામ સપાટ જમીનપરજ વસેલું કહી શકાય. ધર્મશાળા, કન્યાશાળા, લાયબ્રેરી, અંગ્રેજીસ્કુલ વગેરે સંસ્થાઓ ગામની મધ્યમાં યોગ્ય જગાઓ પર આવેલી છે. ધર્મશાળા આગળના બન્ને રાજમાર્ગો પર બોર્ડ બાનુઓ આવેલા ઓટલાઓથી રસ્તાઓના સૌંદર્યમાં ઉમેરો થાય છે. વળી, ગ્રામપંચાયત તરફથી રસ્તા માટીથી પુરી સરસાઇ સપાટ કરવામાં આવ્યા છે. ને વરસાદના પાણીથી તથા વધુ વપરાશથી જ્યાં વધુ ખાડા પડયા હોય ત્યાં નાના નાના ખડિયાટ ચાલુ વર્ષ બાંધવામાં આવ્યા છે. પ્રારંભમાં, કેટલાક વિઘ્ન સંતોષી ભાઇઓએ ખડિયાટ સામે પોકાર ઉઠાવવાનો પ્રયત્ન કરેલો પરંતુ

Copyrights © MEHUL PATEL © 2000-2050

સખ્ત વરસાદ પછી; રસ્તા માટીથી આપોઆપ પુરાયા ને સપાટ બનવા લાગ્યા ત્યારેજ ખડિયાની કિંમત સમજાઈ. જો આવું વર્ષમાં જો; ખડિયાને લીધે રસ્તા વધુ પુરાઈ સપાટ બનશે.

ગામપંચાયત તરફથી ભંગી લોકો ગામ સફાઈનું કાર્ય સારી રીતે બજાવે છે, હા-તેહ-તે નકામો કચરો નાખવા સાંઢ ઠબા મૂકવાની વ્યવસ્થા ગામપંચાયત તરફથી થાય તો જ્યાં ત્યાં ગંદકી થતી અટકે. ગામ સ્વચ્છતાનું ધોરણ ઠીકઠીક જળવાતું હોવા છતાં, દરેક ગામની જેમ અહીંયાં પણ એક અગવડ ખૂબ વેઠવી પડે છે. અને તે છે મૂત્રીઓની. દરવાજા એક મૂત્રી હોવાની આવશ્યકતા અનિવાર્ય છે. ધર્મશાળા પાસે એક મૂત્રી બાંધવામાં આવી છે પણ તે પૂરતી ન કહેવાય. કાબીશું કે દરેક દરવાજાના લોક ભાંહે ભાંહે સહકાર કરી આ આવશ્યકતાને પૂરી પાડવાનું કાર્ય હાથ ધરે.

નરસંડા ગામનું પૂર્વ દિશા તરફનું બાહ્ય રમણિય છે. વિશાળ પાંકા તળાવને સામ સામે કાંઠે ઉંચે ઉભેલા શ્રી પાળેશ્વર મહાદેવ ને સતીના મંદિરની રમણિયતા સૃષ્ટિસૌંદર્યમાં અજબ ઉમેરો કરે છે. તળાવને કાંઠેથી સૂર્યાસ્તના બદલતાં દશ્યો જોતાં જોતાં કુદરતનું લખું બખું અનુપમ નિર્દોષ સૌંદર્ય જીવનને અવનવી રસિક રોપે છે, એક બાજુ ઘરની બાજુની ગંદકીથી તેમજ મોટાં મોટાં વડના વૃક્ષોનો છેલ્લા પાંચેક વર્ષમાં નાશ થવાથી, એની રમણિયતા ખંડિત બની છે, પણ બાજુ પુરી ગંદકી દુર કરવાના પ્રયાસો તેમજ વૃક્ષો રોપવાની યોજના ગામપંચાયતની વિચારણા હેઠળ વિદ્યાર્થી મંડળે વૃક્ષારોપણ દિન ઉજવી વૃક્ષો પણ રોપ્યાં હતાં, બાજુ પુરવાં તે જગા પર અથવા તો મહાદેવના ચોગાનમાં એક નાનકડો સુંદર બાગ તૈયાર કરવાની યોજના જરૂર બની શકે. પણ તે કયારે બનો?

તદુપરાંત ગામની નજદિકમાંજ, ચારે બાજુ સીમમાં પંપોનું પાણી પહોંચી વળતુ હોઇ ઉનાળા જેવી ગરમ ઋતુમાં પણ લીલા લીલા કાકરાલાથી લચી પડતાં હળિયાળાં ખેતરો આંખને ઘડીભર સુખ કરે છે. સાંજના સમયે એ લીલાં ખેતરો, ખૂંદતાં ખૂંદતાં રખડવું ને કુદરતની નિર્દોષ સૌંદર્ય લીલાનું પાન કરવું એ મુલાન વિદ્યાર્થીઓનો રોજનો વ્યવસાય બની પડયો છે.

(૬) ગામનું આરોગ્ય.

સામાન્ય રીતે ગામનું આરોગ્યનું ધોરણ ઠીકઠીક ઉંચુ છે. મરકીનો ઉપદ્રવ નહિ જેવોજ છે. અને ૧૯૧૮-૧૯ ના અરસામાં આજથી વીસ વર્ષ પર પ્લેગ ફાટી નીકળ્યો ત્યારે મરણની સંખ્યા ખૂબ વધી ગયેલી પણ, ત્યારબાદ એવો રોગ સદભાગ્યે ફાટી નીકળ્યો નથી ગામમાં સ્વચ્છતાનું ધોરણ જળવાય ને લોકો ઘરમાં પણ સ્વચ્છતાની કિંમત સમજે તો આરોગ્યનું ધોરણ ઘણુજ ઉંચું બને.

ખેદની હકીકત એ છે કે ગામમાં હજી વ્યાયામ પ્રવૃત્તિ બીલકુલ શરૂ થઇ નથી. આ ઉદાસીનતા ગામને શોભારૂપ નથી. ગામની ઉછળતી પ્રજાના આરોગ્ય માટે વ્યાયામ પ્રવૃત્તિ વેળાસર દાખલ થાય એમ જરૂર ઇચ્છીએ. વિદ્યાર્થીમિત્ર મંડળે વ્યાયામ પ્રવૃત્તિ ને હાથ ધરવાનો નિર્ણય કર્યો છે ને બનતાં સુધી નવા વર્ષની શરૂઆતમાં (સંવત ૧૯૯૬માં) સદર પ્રવૃત્તિને શરૂ કરવામાં આવશે. એક વખત સદર પ્રવૃત્તિને ચીલે પાડી પછીથી અગવડ સગવડ સાથે જોડી દેવાનું, ખર્ચ તેમજ વ્યવસ્થાની દૃષ્ટિએ ઠીક થઈ પડે.

આમ આમ પ્રગતિશીલ ગણે પડેલું હોવા છતાંયે ઘણાંયે નાનાં નાનાં તત્વો છે કે જે ગામની પ્રગતિને ને સંપને રૂંધી રહ્યા છે એ તત્વો અનેક કારણોથી રંગાયેલાં હોઇ ઘણુંજ સૂક્ષ્મ છે. તેથી એનો અહિંયાં ઉલ્લેખ કરવો અશક્ય છે.

Copyrights © MEHUL PATEL ® 2000-2050

૧૮
સ્કૉલરશીપને લગતી નોંધ તથા યાદી.

અગાઉ ઐડાજીહલામિડલ સ્પેશ્યલ સ્કૉલરશીપની પરીક્ષા માટે કોઈ હોંશિયાર વિદ્યાર્થીને તૈયાર કરી મોકલવાની, ગુજરાતી શાળાના શિક્ષકો ઉદાસિનતા દાખવતા, શિક્ષકના ઘરનાં કામ કરવામાંથી વિદ્યાર્થીઓને ફુરસદ આવે ત્યારે એમને સ્કૉલરશીપની પરિક્ષા માટે તૈયાર કરાવે નહીં પણ, આ સ્થિતિ સદ્‌ભાગ્યે સને ૧૯૨૭ના અરસામાં બંધ થઈ. ગામ કમુજરીના અંતીલા ઉત્સાહીને સંસ્કારપોષક શિક્ષક રા. મગનભાઇ ઠેસાઈસિંહ પટેલ ગામની ગુજરાતી કુમાર શાળાને સાંપડયા. તેમણે તેમના વિદ્યાર્થીઓમાં નવીનજ ઉત્સાહને સંસ્કાર રેડયાં. સ્કૉલરશીપની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવાની શરુઆત કરી અને વિદ્યાર્થીઓ જિલ્લાની સ્કૉલરશીપની પરિક્ષામાં ઉંચે નંબરે પાસ થઈ શાળાનું ને ગારનું નામ દીપાવે છે.

અત્યાર સુધી (સને ૧૯૩૬) સ્કૉલરશીપ મેળવનાર ભાઇઓની નામાવલિ નીચે પ્રમાણે છે.

નામ	ઉચ્ચ વર્ગ માટેની	સ્કૉલરશીપનું નામ
(૧) મણીલાલ ડાહ્યાભાઇ પટેલ	,,	મિડલસ્પેશ્યલ
(૨) શાંતનુકુમાર ડાહ્યાભાઇ પટેલ	,,	,,
(૩) વિઠ્ઠલભાઇ મથુરભાઇ પટેલ	,,	,,
(૪) વિનયચંદ્ર દેવપ્રસાદ ભટ્ટ	,,	,,

Copyrights © MEHUL PATEL ® 2000-2050

ગ્રાયબ્રેરીનું (અંધેરાનું) મકાન.

	મુસલમાન કોમની	
(૧) કિરકરખાન મકોજાતખાન પઠાણ	,,	ગિરડા તથા હાઈ સ્પેશ્યલ
(૨) કુબરાબિયાં વલીમહમદ રંગરેજ	,,	
(૩) હાજીમનીયાં અકબરમીયાં મલેક	,,	,,
(૪) અકબરનીયાં અમુમીયાં અફઘાન	,,	,,
(૫) સરીફખાન બાંસાબખાન પઠાણ	,,	,,
(૧૦) નસરૂલ્લાખાન બડેખાન પઠાણ	,,	મીડલ સ્પેશ્યલ
(૧૧) બસેરખાન કાસમખાન	,,	,,
(૧૨) છોટુમીયાં અકબરમીયાં મલેક	,,	,,
	પછાત કોમની	
(૧૩) લુહાર શિવાભાઇ મોતીભાઇ	,,	,,
(૧૪) દરજી રતિલાલ બેચરભાઇ	,,	,,
(૧૫) રાવળિયા કરીરભાઇ સોમાભાઇ	,,	,,

Copyright © MEHUL PATEL © 2000-2050

૧૯
કુચ્ચ કેળવણી પામેલા ભાઈબહેનોની યાદિ.

	ધંધો	સ્થળ
(૧) ગ્રેજ્યુએટ વિ.		
(૧) રા. શિવાભાઇ વાઘજીભાઈ પટેલ બી. એ એલ. એલ. બી	વકીલાત	નડિઆદ.
(૨) ડૉ. છોટાભાઈ વેણિભાઈ પટેલ એમ. ડી. (જર્મની)	ડૉકટર	અમદાવાદ
(૩) રા. બાલુભાઈ હરમાનભાઈ પટેલ બી. કૉમ.	સર્વીસ	મુંબઇ
(૪) રા. રતનસિંગ પથેસિંગ ગઢવી બી. એસ. સી.	,,	મોડાસા
(૫) રા. અદમભાઈ રસુલભાઇ જોહોરા બી. ઈ.	,,	હૈદ્રાબાદ
(૬) રા. જશભાઇ ડાહ્યાભાઈ પટેલ બી. એ.	એલ. એલ. બી. અભ્યાસ	અમદાવાદ
(૭) રા. મગનભાઇ અંબાલાલ પટેલ બી. એ.	,,	સુરત
(૮) રા. ચિમનલાલ નારાયણજી દવે સ્નાતક (ગુરૂકુળ-હરદ્વાર)		
(૯) રા. શાન્તિલાલ માણેકજી દવે સ્નાતક (ગુરુકુળ-સૂપા)		
(૨) અંડર ગ્રેજ્યુએટ, મેટ્રીકયુલેટ વિ.		
(૧૦) રા. ડાહ્યાભાઈ હરમાનભાઇ પટેલ એમ. બી. બી. એસ (બીજુવર્ષ)	અભ્યાસ	મુંબઈ
(૧૧) કુ. સરોજબેન વેણિભાઇ પટેલ બી. એ ક્લાસ	અભ્યાસ	અમદાવાદ

(૧૨) શાહ હરિલાલ સોમચંદ (જુનીયર) બી. કૉમ.	,,	અમદાવાદ
(૧૩) રા. મનુભાઈ ડાહ્યાભાઇ પટેલ ઈન્ટર સાયન્સ (એગ્રી.)	,,	પૂના
(૧૪) રા. પ્રભુદાસ મોતીભાઈ પટેલ (ભાદરણના) ઇન્ટર સાયન્સ (એગ્રી.)	,,	મુંબઈ
(૧૫) રા. ચંદુલાલ મૂળચંદ શાહ ઈન્ટર સાયન્સ (એગ્રી.)	બીઝનેસ	મદ્રાસ
(૧૬) રા. પુરુષોત્તમ વાઘજીભાઈ પટેલ ઈન્ટર સાયન્સ (એગ્રી.)	સર્વીસ	આફ્રિકા
(૧૭) રા. પુરુષોત્તમ શિવરામ ઠક્કર ઈન્ટર આર્ટસ	સર્વીસ	સરભેજ
(૧૮) રા. જશભાઇ પુરુષોત્તમ પટેલ ફસ્ટ ઇયર સાયંસ	અભ્યાસ	વડોદરા
(૧૯) રા. નટુભાઇ નાથાભાઇ પટેલ ફસ્ટ ઇયર સાયંસ	,,	પૂના
(૨૦) રા. ડાહ્યાભાઇ શંકરભાઈ પટેલ ફસ્ટ ઇયર સાયંસ	,,	,,
(૨૧) રા. વિનયચંદ્ર દેવપ્રસાદ ભટ્ટ ફસ્ટ ઇયર આર્ટસ	,,	અમદાવાદ
(૨૨) રા. રાવજીભાઇ પુરુષોત્તમ પટેલ લંડન મેટ્રીક	સર્વીસ	આફ્રિકા
(૨૩) રા. મગનભાઇ પુરૂષોત્તમ પટેલ લંડન મેટ્રીક	,,	,,
(૨૪) રા. મનુભાઈ પુરૂષોત્તમ પટેલ લંડન મેટ્રીક	,,	,,
(૨૫) રા. પુરુષોત્તમ કાળિદાસ પટેલ મેટ્રીક	,,	,,
(૨૬) રા. ગોરધનભાઇ કાળિદાસ પટેલ મેટ્રીક	પેન્શનર	નરસંડા

Copyright © MEHUL PATEL © 2000-2050

(૨૭) રા. અંબાલાલ મથુરભાઈ પટેલ મેટ્રીક	સર્વીસ	આફ્રિકા
(૨૮) રા. શિવાભાઈ ભાઈલાલભાઈ ગીન અમથાભાઈ પટેલ મેટ્રીક	સર્વીસ	અમદાવાદ
(૨૯) રા. શિવાભાઈ ધોરીભાઈ પટેલ મેટ્રીક	,,	કાનપૂર
(૩૦ રા. ગોરધનભાઈ ગિરધરભાઈ પટેલ મેટ્રીક	,,	મુંબઈ
(૩૧) રા. હરમાનભાઈ રણછોડભાઈ પટેલ મેટ્રીક	,,	અમદાવાદ
(૩૨) રા. વિઠ્ઠલભાઈ શિવાભાઈ પટેલ મેટ્રીક	,,	અમદાવાદ
(૩૩) રા. ચતુરભાઈ શિવાભાઈ પટેલ મેટ્રીક	,,	આફ્રિકા
(૩૪) રા. ગુલામહુસેન માતબરમીયાં મલેક મેટ્રીક	,,	નડિયાદ
(૩૫) સ્વ. પુરૂષોત્તમગિરિ ભગવાનગિરિ ગોસાઈ મેટ્રીક		
(૩૬) રા. ગોરધનભાઈ ભૂલાભાઈ પટેલ મેટ્રીક	,,	નરસંડા
(૩૭) રા. પુરુષોત્તમ શંકરભાઈ પટેલ મોન્ટેસરી શિક્ષણનિષ્ણાત	,,	અમદાવાદ
(૩૮) રા. ઉપાધ્યાય ઉમિયાશંકર ઉર્ફે સોમાભાઈ ગાભાઈ વિનિત (અમદાવાદ વિદ્યાપીઠ) તથા હોમિયોપથી		નરસંડા
(૩૯) રા. મુળજીભાઈ શંકરભાઈ પટેલ ફરીન ટ્રેઇનીંગશીપ	અભ્યાસ	મુંબઈ
(૪૦) રા. ખોડાભાઈ ધોરિભાઈ પટેલ હોર્ટીકલ્ચર ડીપ્લોમા	સર્વીસ	પૂના

પાન ૮૯ નું અનુસંધાન

(૪૧) રા. મોતીભાઇ વૃજભાઈ પટેલ	સીનીયર ટ્રેઇન્ડ	સર્વીસ-વડતાલ	
(૪૨) રા. મોતીભાઇ વાયજીભાઈ પટેલ	સેકન્ડયર ટ્રેઈન્ડ	સર્વીસ-કેરીઆવી	
(૪૩) રા. ભીખાભાઇ જલાભાઈ પટેલ	,,	,,	ઉત્તરસંડા
(૪૪) રા. શિવાભાઇ ત્રિકમભાઈ પટેલ	,,	,,	નરસંડા
(૪૫) રા. મંગળભાઇ સોમાભાઈ ધોળી	,,	,,	પેટોળી
(૪૬) રા. હરમાનભાઈ ગોકળભાઈ પટેલ	,,	,,	વડતાલ
(૪૭) રા. શંકરભાઇ મકનદાસ પટેલ	ફર્સ્ટયર ટ્રેઇન્ડ	,,	નરસંડા

Copyrights © MEHUL PATEL © 2000-2050

તદુપરાંત,

નોન. મેટ્રીકયુલેટસ (અભ્યાસ ત્યજી દીધેલા)ની સંખ્યા...૬૨,
૬૨ વર્ષ મેટ્રીકયુલેશનની પરીક્ષામાં બેસનારની

બાસઠ સંખ્યા.....૫ થી૧૦
વર્નાકયુલર ફાઇનલ પરીક્ષા પાસ થનાર બાઈ

બ્હેનોની સંખ્યા.....૮૪,
અંગ્રેજી ત્રણ ધોરણ ઉપર ભણેલાં બાઇબ્હેનોની સંખ્યા...૧૮૨)

(૩) ડ્રૉઇંગની પરીક્ષા પાસ કરનાર બાઇબ્હેનોની નામાવલી:—

(૧) રા. પુરુષોત્તમ કાળીદાસ પટેલ ઇલીમેન્ટરી ઇન્ટરમીજીએટ
(૨) રા. અંબાલાલ મથુરભાઈ પટેલ ,, ,,
(૩) રા. કુલાભાઇ અંબાલાલ પટેલ ,, ,,
(૪) રા. કુલાભાઇ રણછોડભાઇ પટેલ ,, —
(૫) કુ. સરોજબેન વેણીભાઇ પટેલ ,, ,,
(૬) ગઢવી પથેસંગ રામદાસ ,, ,,
(૭) મુળજીભાઇ શંકરભાઈ પટેલ ,, —
(૮) રામી શંકરલાલ બાબલાલ ,, —
(૯) રા. ભગનભાઈ ચતુરભાઈ પટેલ ,, ,,
(વાસદના)
(૧૧) રા. મનુભાઈ મોતીભાઈ પટેલ ,, ,,
(૧૨) રા. રતિલાલ બેચરભાઈ દરજી ,, ,,

———

Copyright © MEHUL PATEL © 2000-2050

૨૦

ધંધાર્થે આફ્રીકા ગયેલા ભાઈઓની યાદી:-

(૧) રા. નાથાભાઈ ભૂલાભાઈ પટેલ
(૨) રા. પુરુષોત્તમ કાળીદાસ પટેલ
(૩) રા. રાવજીભાઈ પુરુષોત્તમ પટેલ
(૪) રા. મગનભાઈ પુરુષોત્તમ પટેલ
(૫) રા. મનુભાઈ પુરુષોતમ પટેલ
(૬) રા. ડાહ્યાભાઈ કિશાભાઇ પટેલ
(૭) રા. ડાહ્યાભાઈ મથુરભાઈ બીન ત્રિકમભાઈ પટેલ
(૮) રા. અંબાલાલ મથુરભાઈ બીન ત્રિકમભાઈ પટેલ
(૯) રા. ગોરધનભાઇ બાવાજી પટેલ
(૧૦) રા. પુરુષોત્તમ વાઘજીભાઈ પટેલ
(૧૧) રા. ચતુરભાઈ શીવાભાઈ પટેલ
(૧૨) રા. છોટાભાઇ રણછોડભાઇ પટેલ
(૧૩) રા. ગોરધનભાઇ ભાઇલાલ પટેલ
(૧૪) રા. શિવાભાઇ વાઘજીભાઈ બીન વેણીભાઇ પટેલ
(૧૫) રા. ડાહ્યાભાઈ શંકરભાઇ બીન જીજીભાઇ
(૧૬) રા. અંબાલાલ બાવાજી પટેલ
(૧૭) રા. મણિલાલ મંગળભાઇ પટેલ
(૧૮) રા. છોટાભાઇ રામદાસ બીન જીજીભાઇ પટેલ
(૧૯) રા. ગોરધનભાઈ વાઘજીભાઈ પટેલ
(૨૦) રા. રાવજીભાઈ વાઘજીભાઈ પટેલ
(૨૧) રા. નારણભાઈ મંગળભાઇ પટેલ
(૨૨) રા. ખોડાભાઇ ગોરધનભાઇ પટેલ
(૨૩) રા. ભોગીલાલ પુરુષોત્તમ કવે

આફ્રિકા જઈને પાછા આવેલા ભાઇઓની યાદિ:-

(૧) રા. શંકરલાલ લલ્લુભાઇ પટેલ
(૨) રા. ભગવાનદાસ જીવાભાઇ પટેલ
(૩) રા. છોટાભાઈ ગિરધરભાઇ પટેલ
(૪) રા. ગોરધનભાઇ કાળીદાસ પટેલ
(૫) રા. ગોવિંદભાઇ બાબરભાઇ પટેલ
(૬) સ્વ. છોટાભાઈ શંકરભાઇ પટેલ
(૭) સ્વ. પુરુષોત્તમ શંકરભાઇ બીન બાપુજી પટેલ
(૮) રા. ડાહ્યાભાઇ હરમાનભાઇ પટેલ
(૯) રા. ગિરધરભાઈ ખેચરભાઈ બીન જીજીભાઇ પટેલ

Copyrights © MEHUL PATEL © 2000-2050

૨૧

સાર્વજનિક સંસ્થાઓની મિલ્કતની માહિતિ દર્શાવતાં પત્રકો:—

---

(૧) સદાવ્રત ખાતું તથા ધર્મશાળાની મિલ્કત વહીવટ કરનાર : પા. કુલાભાઇ રાયજીભાઇ

ટીપ : જે તે મિલ્કત કેવી રીતે પાસ થઇ એ વિષેની હકીકત મળી છે તેટલી નોંધી છે.

(૧) ખેતર નામે વડિયું એકર ૪ ગુંઠા ૮ સ૦ નં૦ ૩૦૫ વાળું પા. વેણિભાઈ ધનજીભાઇ તથા પા. દેસાઇભાઇ ધનજીભાઇ પાસેથી સને ૧૯૨૬માં રૂા. ૧૫૦૦માં ગીરો રાખ્યું છે. સદર નંબરવાળા ખેતરમાં આવેલા દશ આંબામાંથી અડધો હિસ્સો ૧૯૫ રૂપિયા તથા તેના વ્યાજ પેટે પા. વેણીભાઇ ધનજીભાઇ પાસેથી સને ૧૯૩૭માં ગીરો રાખ્યું છે.

(૨) ખેતર નામે પંડયાવાળું એકર ૦ગુંઠા ૩૬ સ૦ નં૦ ૬૧વાળું પા. મઠોરભાઇ શંકરભાઇ તથા પા. કુલાભાઇ જીવાભાઇ તે પા. ભીખાભાઇ ગોકળભાઇની સગીર વિધવાના વાલીઓએ સદાવ્રતમાં ધર્માદા આપ્યું છે.

(૩) ખેતર એકર ૦–ગુંઠા ૧૧ સ૦ નં૦ ૧૨૬વાળું પા. જવેરભાઇ બહાદુરભાઇ બીન કાળીદાસે સંવત ૧૯૮૦માં ધર્માદા આપ્યું છે.

(૪) ખેતર નામે બગકતવાળું ગામ ભુમેલની સીમનું એકર ૫–ગુંઠા ૮ સન ૬૫વાળું તે બાઇ ભક્તિ, મઠેલા છગનલાલ પ્રભુરામની વિધવા પાસેથી રૂા. ૫૨૫માં સદાવ્રત ખાતે સંવત ૧૯૭૦માં વેચાણ રાખ્યું છે.

(૫) ખેતર નામે ભુમેલિયું ગામ ભુમેલની સીમનું એકર ૪ ગુંઠા ૨૩ સ નં ૬૬ વાળું બાઇ બાંનછ તે મઠેલા ભાઇલાલ બરકત-રામની વિધવાએ સદાવ્રતમાં સંવત ૧૯૩૮માં આપ્યું છે.

(૬) ખેતર નામે જેશીવાળું એકર ૧-૦ સ. નં ૫૧ વાળું ગઢવી મુંજુભાઇ ઉમાભાઇએ સંવત ૧૯૪૦માં સદાવ્રતમાં ધર્માદા આપ્યું

(૭) ખેતર એકર ૦ ગુંઠા ૨૦ ગામ બામણોલીની સીમનું સ. નં ૪૬વાળું ભટ્ટ મણુપતરામ દેવશંકર ઉમરેઠવાળાએ એમના મામા ઠાકરડીયા નરાણભાઇ બેચરભાઇના ક્રિયાકર્મ પર સદાવ્રતમાં સંવત ૧૯૭૨માં ધર્માદા આપ્યું છે.

(૮)ખેતર નામે ધણુસીવાળું એકર ૦ ગુંઠા ૨૧ સનં ૩૩૯ વાળું પા. જેઠાભાઇ જેસંગભાઇ તથા ખુશાલભાઇ વેણીભાઇ એ સદાવ્રતમાં ધર્માદા આપ્યું છે.

(૯) ખેતર નામે જગમાલવાળું એકર ૦ ગુંઠા ૩૪ સ નં ૪૬૬ વાળું.

(૧૦) ખેતર નામે બાંટાણીવાળું એકર ૨ ગુંઠા ૭ સનં વાળું ૪૬૨

(૧૧) ખેતર નામે બાંટણીવાળુ એકર ૧ ગુંઠા ૨૩ સ નં ૧૦૬વાળું

(૧૨) ખેતર નામે માતાવાળું એકર ૨ ગુંઠા ૨૯ સ. નં. ૩૧૯વાળું

(૧૩) ખેતર નામે ટેંબાવાળું એકર ૨- ગુંઠા ૨૧ સ. નં. ૧૫૬ વાળું ગામ મહમદપુરાની સીમનું

(૧૪) ખેતર નામે કાચલાં એકર ૦ – ગુંઠા ૨૮ સ. નં. ૪૬૬ વાળું

(૧૫) ખેતર નામે ચારણેાખાડ એકર ૦ – ગુંઠા ૨૩ સ. નં. ૧૧૦ વાળું ગામ કેરિયાવીની સીમનું

(૧૬) ખેતર નામે ચારણેાખાડ એકર ૦ – ગુંઠા ૩૦ સ. નં. ૪૬૪ ગામ કેરિયાવીની સીમનું

સદર ખેતરોની મિલ્કત ઉપરાંત, બે ઓરડીઓ (ગામ વાળી) સદાવ્રતની માલિકીની છે. અન્ય આવકનાં સાધનો વગેરે માહિતિ સદાવ્રત તથા ધર્મશાળાની હકીકતમાં આગળ આપેલી છે તે જોવાથી સમજાશે,

Copyright © MEHUL PATEL © 2000-2050

(૨) શ્રી પાપેશ્વર મહાદેવની ભક્તિ.

વહીવટ કરનાર મહેતા મણિલાલ વૃજલાલ.

ભક્તની વિગત નીચે પ્રમાણે મળી છે. :-

ટીપ.

(૧) ખેતર નામે વાડી વીઘું ૧ – ૦ સ. નં ૬વાળું ગોસાંઇ ભીમગર ગુલાબગરે શ્રીપાળેશ્વર મહાદેવને બક્ષિસ આપ્યું છે.

(૨) ખેતર નામે કોતરીયું વીઘાં ૪–૦ ગોસાંઇ રામગર રૂપગરે બક્ષિસ આપ્યું છે.

(૩) ખેતર નામે ખોરિયાંવાળું ગુતાલને રસ્તે પા. અંબાલાલ મથુરભાઇ બીન હાજીભાઇના પૂર્વજોએ શ્રીપાળેશ્વર મહાદેવ, શ્રી-ચતુર્ભુજનું મંદિર તથા પરબડી ખાતાને સહિયારું બક્ષિસ આપ્યું છે.

(૪) ખેતર નામે ખોટિયું વીઘું ૧ – ૦

(૫) ખેતર નામે દિવાનવાળી કમારડી વીઘું ૦॥

અખંડ દીવો.

શ્રીપાળેશ્વર મહાદેવમાં ઘીનો અખંડ દીવો રાખવાની શરુઆત સંવત ૧૯૭૧ની સાલથી થઇ તે અગાઉ અખંડ દીવા પેટે કોઇ જાતુ રકમ નહોતી. પરંતુ, ગામના ભાવિક જનો તરફથી અવારનવાર જે કાંઇ ઘી મળતું તેનાથી દીવાનું ખર્ચ નભતું. હજીયે ઘી તે પ્રમાણે મળી આવે છે. પરંતુ, હવે તો અખંડ દીવા ખાતે સ્થાયી રકમ પણ ઠીકઠીક થયેલી છે. તેની નોંધ નીચે મુજબ છેઃ-

રૂા. ૩૦૦) ત્રણસે, મહેતા મણિલાલ વૃજલાલે એમના પુત્ર ચિ. જયંતિલાલની બાધા પ્રસંગે સંવત ૧૯૭૫ માં બક્ષિસ આપ્યા.

રૂા. ૧૦૦) સો, સ્વ. પા. રામદાસ ધોરિભાઇએ એમના પુત્ર સ્વ. છોટાભાઇની બાધા પ્રસંગે આપ્યા.

રૂા. ૧૦૦) સો, મહેતા મણિલાલ વૃજલાલે એમના પુત્ર ચિ. રમણલાલની બાધા પ્રસંગે આપ્યા.

રૂા. ૧૩૦) એકસોત્રીસ, બાઇ મણિ, છગનલાલ પ્રભુરામની વિધવા તથા ભટ્ટ મગનલાલ કાળીદાસ ગામ અલિન્દ્રા નાનું ખેતર ઝવેર ધમોઠા આપ્યું તેના

રૂા. ૨૫) પા. ગીરધરભાઇ વૃજભાઇના પૂણ્ય નિમિત્તે મળેલા.
રૂા. ૨૫) કોટડિયા નારણભાઇ ભેચરભાઇના પૂણ્ય નિમિત્તે મળેલા.

ઉપર જણાવેલી રકમો ઉપરાંત, જુદાજુદા પ્રસંગોએ છૂટક નાની રકમો, ખેતરોની સાંથ વગેરે મળી અત્યારે સારી જેવી રકમ શ્રી પાળેશ્વર મહાદેવને ખાતે જમા છે. કુલ રકમનો અંદાજ રૂા. ૨૦૦૦) થી ઉપરાંતનો થાય છે. સદર રકમની રોકાણ અંગેની માહિતિઃ—

રૂા. ૫૦૦) પા. ધર્મદાસ મુળજી તથા પા. શનાભાઇ મુળજીને સ. નં. ૪૨૬ વાળું એકર ૧-ગુઠાનું ખેતર ગીરો રાખી ધીર્યા છે.

રૂા. ૪૫૧) પા. ધોરિભાઇ મુશાલભાઇને ત્યાં ખાતુ પાડી જમા મૂકયા છે.

રૂા. ૩૫૧) ગોર ડાહ્યાભાઇ કીરપારામને ત્યાં ખાતુ પાડી જમા મૂકયા છે.

રૂા. ૩૦૦) શાહ મોહનલાલ નરોત્તમદાસને ત્યાં ખાતુ પાડી જમા મૂકયા છે.

રૂા. ૧૩૦) પા. શામળભાઇ વ્હાલાભાઇને ત્યાં ખાતુ પાડી જમા મૂકયા છે.

રૂા. ૧૨૫) પા. છગનભાઇ મથુરભાઇ ને ત્યાં ખાતુ પાડી જમા મૂકયા છે.

રૂા. ૨૦૪–૧૦–૦ સદર મિલ્કતનો વહીવટ કરનાર બેશી મણિલાલ વૃજલાલની પાસે સિલક છે (આસો. સંવત ૧૯૬૪)

Copyright © MEHUL PATEL © 2000-2050

(૩) પરબડીની મિલકત

ટીપ

(૧) ખેતરનામે ટુકડી એકર-૦-૧૦ સન્નં ૫૫૩ વાળુ ખેત સુરજ પા. પૂંજાભાઇ બાપુજીની દિકરીએ બક્ષિસ આપ્યું છે

(૨) ખેતર નામે આંબલીવાળું એકર ૦-૩૭ સન્નં ૬૬૧ વાળું પા. નારણભાઇ રેવન્દાસના પૂણ્ય નિમિત્તે મળ્યું છે.

(૩) ખેતર નામે જોશીવાળું એકર ૦-૨૩ સન્નં ૭૫૨ વાળું જોશી મણિલાલ વૃજલાલના વડીલોએ બક્ષિસ આપેલું

(૪) ખેતર નામે ગોસાઇ વાળુ એકર ૦-૨૦ સન્નં ૭૧૦ વાળુ

(૫) ખેતરનામે કોયાડિયું એકર ૦-૧૮ સન્નં ૬૬૪ વાળું

(૬) ખેતર નામે ધણુસીવાળું વીઘું ૦।

(૭) ખેતર નામે કયારડું એકર ૦-૧૫ સન્નં. ૭૫૦ વાળુ

(૮) ખેતરનામે ભાંટણીવાળું એકર ૧-૨૭ સન્નં ૬૬૦

(૯) ખેતર નામે બોરિયાં વાળુંએકર ૦-૩૪ સન્નં ૮૨૫ વાળું

પરબડી ખાતાની સદર ખેતરોની સાથ તેમજ બીજી મળતી છુટક બક્ષિસો વગેરે આવકમાંથી બચેલી રકમની મહિતિ નીચે મુજબછે.

રૂા. ૩૦) શાહ શાન્તિલાલ કિશોરદાસને ત્યાં જમાછે
રૂા. ૬૦) પા. રામજીદાસ વ્હાલાને ત્યાં જમાછે
રૂા. ૬૯) જોશી મંગળ રાયજીને ત્યાં જમાછે
રૂા. ૪૦૧) શાહ ગોકળચંદ સાકળચંદને ત્યાં જમાછે
રૂા ૪૦૦) પા. કાળીદાસ બાબરભાઇને ત્યાં જમાછે આખાતું શાહ મુળચંદ જવેરચંદને ત્યાં ચોપડે છ.

રૂા. ૨૮૫-૭-૦ વહીવટકરનાર જોશી મણિલાલ વૃજલાલની પાસે સિલક સં ૧૯૯૪ના આસો વદી ૦) આમ લગભગ રૂા. ૧૨૦૧) જેટલી રકમ પરવડી ખાતે જમેછે.

(૪) શ્રી ચતુર્ભૂજના મંદિરની મિલકત

લગભગ વીઘાં ૮૫ી. ૧૦ જમીન છે. તેની સાથ પૂજારી લેછે તદપરાંત. જોશી મણિલાલ વૃજલાલના ઘરની પાછળની દુકાન, જેનો વહીવટ જોશી મણિલાલ વૃજલાલ કરેછે. એનો હિસ્સો શ્રી ચતુર્ભૂજના મંદિરને આવેછે.

(૫) શ્રી સ્વામિનારાયણના મંદિરની મિલકત.

વહીવટકરનાર. પા. મોતીભાઇ ભકોરભાઇ

ટીપ

(૧) ખેતર નામે ગુમડીયાં એકર ૦-૧૨ કલુજરીની સીમમાં સ-નં૦ ૪૪૪ વાળુ પા. ખુશાલભાઇ વાંસજાએ મંદિરને બક્ષિસ આપ્યુ તે.

(૨) ખેતર નામે ધણુસીવાળું એકર ૦-૧૨ સ૦નં૦ ૪૪૨ વાળું પા. ઉગરજી રેવન્દાસે મંદિરને બક્ષિસ આપ્યુ છે.

(૩) ખેતર વીઘાં ૫ સ. નં. ૬૬૦ વાળુ આશરે રૂા. ૧૨૦૦)માં વેચાણ લેવામાં આવ્યું.

(૪) સિલક—

સદર જમીનની મિલકતની ઉપરાંત, ઓરડી તેમજ મકાન થઈ, આઠ દુકાનોનું ભાડુ આવે છે,
ગામમાં આવતી જાનદીઠ રૂા. ૧)ની આવક છે.

સૂચના:— સાર્વજનિક સંસ્થાઓ તેમજ દેવમંદિરોનું વહીવટ વિષે સ્હેજ ઉલ્લેખ કરવો જરૂરી છે. જે જે સંસ્થાઓનો વહીવટ કમિટિ દ્વારા ન ચાલતો હોય અને હિસાબ તથા વહીવટ પાછળ ગામના આગેવાનો ને બાજ કરીને વધુ તાકેદારી સાથેની હિતાવહ છે, સામાન્ય રીતે દર વર્ષે (શકય હોય તો નુતન વર્ષના પ્રથમ દિવસે) દરેક સાર્વજનિક સંસ્થા તથા દેવ મંદિરના વહીવટદાર સઘળો હિસાબ વિગતવાર ગામ સમક્ષ રજુ કરે એવો રિવાજ દાખલ થાય એ ઇચ્છવા યોગ્ય છે.

Copyrights © MEHUL PATEL © 2000-2050

૨૨
લાયબ્રેરીના ફંડમાં નાણાં ભરનારની યાદિ

૨૦૦૦) પા. ફકીરભાઈ બાપુજી
૧૦૦૦) રા. માણેકજી ખેચરજી ઠવે
૫૦૦) પા. છોટાભાઈ રણછોડભાઈ–આફ્રિકાથી ઉઘરાવ્યા તે
૧૪૫) પા. રણછોડભાઈ જેચરભાઈ–અમદાવાદથી ઉઘરાવ્યા તે
૧૨૫) ગોસાઈ ઈશ્વરગિરિ હિરાગિરિ
૧૦૦) પા. વેણિભાઈ પ્રભુદાસ
૧૦૦) પા. લલ્લુભાઈ ભૂલાભાઈ
૧૦૦) પા. ડાહ્યાભાઈ મથુરભાઈ (આફ્રિકા)
૧૦૦) પા. પુરુસોત્તમ કાળીદાસ
૧૦૦) પા. નાથાભાઈ ભૂલાભાઈ
૧૦૦) પા શિવાભાઈ કિસીનાઈ
૧૦૦) પા. વાઘજીભાઈ ધર્મદાસ
૧૦૦) પા. લલ્લુભાઈ બાવાજી
૧૦૦) પા. શંકરભાઈ કિસાભાઈ
૧૦૦) પા. મંગળભાઈ ધોરિભાઈ
૧૦૦) પંડયા મણિલાલ પુરુસોત્તમ
૧૦૦) પા. મોતીભાઈ જવેરભાઈ
૧૦૦) પા. ઘાભાઈ ઈશ્વાભાઈ
૧૦૦) ભાઈલાલા ૪ સ્વ. મનોરભાઈ રણછોડભાઈની વિધવા
૫૦) પા. શંકરભાઈ ગોકળભાઈ

અમદાવાદ, સુરત, મુંબઈ, વગેરે અન્ય સ્થળોથી મળેલી રકમોની યાદિ આ પુસ્તક માટે મળી શકી નથી

'નરસંડા' દર્શન ફંડમાં પૈસા ભરનારની યાદી

રૂ. આ. પાઈ	નામ
૧૦-૦-૦	રા. પા. ભાઈલાલભાઈ મથુરદાસ
૭-૦-૦	રા. પા. ડાહ્યાભાઈ મથુરભાઈ
૭-૦-૦	રા. પા. લલ્લુભાઈ ભૂલાભાઈની કું૦
૬-૮-૦	રા. પા. ડાહ્યાભાઈ મથુરભાઈ [આફ્રિકા]
૬-૮-૦	રા. પા. અંબાલાલ મથુરભાઈ (આફ્રિકા)
૬-૦-૦	રા. પા. મંગળભાઈ ધોરિભાઈ તથા હરમાનભાઈ વેરીભાઈ
૫-૦-૦	રા. પા. અંબાલાલ મથુરભાઈ
૫-૦-૦	રા. પા. શિવાભાઈ વાઘજીભાઈ
૫-૮-૦	રા. પા. ફકીરભાઈ બાપુજી
૫-૦-૦	રા. પા. શંકરભાઈ અમથાભાઈ
૫-૦-૦	રા. પા. શિવાભાઈ હિરજીભાઈ
૫-૦-૦	રા. પા. હરમાનભાઈ રણછોડભાઈ બીન્ જીજીભાઈ
૫-૦-૦	રા. પા. ચતુરભાઈ ધોરિભાઈ
૫-૦-૦	રા. પા. ગોરધનભાઈ બાવાજીભાઈ (આફ્રિકા)
૫-૦-૦	રા. પા. નાથાભાઈ ભૂલાભાઈ
૫-૦-૦	એક મિત્ર તરફથી
૪-૦-૦	રા. પા. મનોરભાઈ હાથીભાઈ
૪-૦-૦	રા. પા. પુન્તભાઈ ઓત્તમભાઈ
૨-૦-૦	રા. પા. ભાઈલાલભાઈ મનોરભાઈ
૨-૦-૦	રા. પા. કુલાભાઈ ગોવિંદભાઈ
૨-૦-૦	રા. પા. ડાહ્યાભાઈ બાવાજીભાઈ
૨-૦-૦	રા. પા. કાળિદાસ કિશોરભાઈ
૨-૦-૦	ડૉ. ઉમિયાશંકર ઘાભાઈ ઉપાધ્યાય
૨-૦-૦	રા. ખેચરભાઈ હરિભાઈ શાહ
૨-૦-૦	રા. પા. શંકરભાઈ ઘાભાઈ
૨-૦-૦	રા. પા. મંગળભાઈ રણછોડભાઈ
૨-૦-૦	રા. પા. શિવાભાઈ ત્રિકમભાઈ
૨-૦-૦	રા. પા. ભીખાભાઈ જલાભાઈ
૨-૦-૦	રા. પા. મોતીભાઈ વૃજભાઈ
૨-૦-૦	રા. પા. પુનમભાઈ તળશીભાઈ
૨-૦-૦	રા. પા. મોતીભાઈ જવેરભાઈ

Copyright © MEHUL PATEL © 2000-2050

૨-૦-૦	રા. પા. મોતીભાઇ ભકોરભાઇ	
૨-૦-૦	રા. પા. હરમાનભાઇ મનોરભાઇ	
૨-૦-૦	રા. પા. કુલાભાઇ રાયજીભાઇ	
૨-૦-૦	રા. પા. છોટાભાઇ રણછોડભાઇ	
૨-૦-૦	રા. પા. શંકરભાઇ મકનદાસ	
૨-૦-૦	રા, પા. ભાઇલાલભાઇ રણછોડભાઇ	
૨-૦-૦	રા, પા. ગોરધનભાઇ ગિરધરભાઇ	
૨-૦-૦	રા. હાલાભાઇ કાળીદાસ દરજી	
૨-૦-૦	રા. પા. હરમાનભાઇ રણછોડભાઇ બીન જુજભાઇ	
૨-૦-૦	રા. પા. વિઠલભાઇ શિવાભાઇ	
૬-૦-૦	રા. ભેચરભાઇ મુળજીભાઇ દરજી	
૧-૦-૦	રા. પા. રણછોડભાઇ જીવાનભાઇ	
૧-૦-૦	રા પા. ગોરધનભાઇ બુલાભાઇ	
૧-૦-૦	રા. પા. કાળિદાસ આશાભાઇ	
૧-૦-૦	રા. પા. રાવજીભાઇ તુળસીભાઇ	
૧-૦-૦	રા. પા. ડાહ્યાભાઇ ચતુરભાઇ બીન જીવાભાઇ	
૧-૦-૦	રા. પા. હરમાનભાઇ મંગળાભાઇ બીન જવેરભાઇ	
૧-૦-૦	રા. પા. કસનદાસ મંગળભાઇ	
૧-૦-૦	રા. પા, શિવાભાઇ પ્રભુદાસ	
૧-૦-૦	રા. પા. ભાઈલાલભાઇ મથુરદાસ બીન દાસ	
૧-૦-૦	રા. પા. કુલાભાઇ ભકોરભાઇ	
૧-૦-૦	રા. પા. ગોડાભાઇ ગિરધરભાઇ	
૧-૦-૦	રા. પા, હરમાનભાઇ ગોકળભાઇ	
૧-૦-૦	રા. પા. હરમાનભાઇ લલ્લુભાઇ બીન રામદાસ	
૧-૮-૦	રા. પા. પ્રભુદાસ મોતીભાઇ	
૧-૦-૦	રા. દામોદરદાસ નારણદાસ શાહ	
૧-૦-૦	રા. શાન્તિલાલ ત્રિગોરદાસ શાહ	
૧૦-૦-૦	અંગ્રેજી સ્કુલ કમિટિના ફોટો તથા બ્લોક અર્થે પટે	
૧૦-૦-૦	ધર્મશાળાના	,, ,,
૧૦-૦-૦	મહાદેવના	,, ,,
૮-૦-૦	શ્રીસ્વામિનારાયણના મંદિરના	,, ,,
૧૭૧-૦-૦	કુલ રા.	

વંશાવળી વિભાગ.

કા કા પાટી

તથા

ભા પાટી વિગેરે.

Copyright © MEHUL PATEL © 2000-2050

વિષયસૂચિ

વંશાવળી વિભાગ

૧ કરમશી પટેલની વંશાવળી

અ કાકા પાટા

		પાન
(૧)	કાકાના કલ્યાણજીના મુન્દ્રાસનાલવજીના નાનાભાઈની	૪
(૨)	,, ,, ગોકળદાસના નાયજીના મીઠાભાઈની	૨
(૩)	,, ગણેશજીના રતનજીના મંગળદાસની	૭
(૪)	,, ,, ,, વેરીદાસની	૮
(૫)	,, ,, ,, ,, વેરીદાસની	૧૧
(૬)	,, ,, રુપજીના જીવણદાસના ત્રિકલદાસના જાદવદાસની	૧૨
(૭)	,, ,, ,, જીવણદાસના ધોળણદાસની	૧૩
(૮)	,, ,, ,, ,, સોલખદાસની	૧૫
(૯)	,, ધનજીની વંશાવળી	૧૭
(૧૦)	,, કેશવજીના વેણીદાસના દાજીભાઈના શંકરભાઈની	૧૮
(૧૧)	,, ,, ,, ,, પાંચારસીની	૧૯
(૧૨)	,, ,, ,, ,, રણછોડભાઈની	૨૧

બ ભા પાટી

(૧)	ભાના રાયજીના કાનજીના રતનજીના ખોજાદાસની	૨૨
(૨)	,, ,, ,, ,, ખેતમદાસની	૨૨

Copyright © MEHUL PATEL © 2000-2050

(૩) ,, હિરજીના નાથજીના નરસિંહદાસના વસનદાસના સીધરદાસની ૨૪

(૪) ,, ,, ,, નરસિંહદાસના વિઠ્ઠલદાસના જવેરીદાસની ૨૭

,, વિઠ્ઠલદાસના દલાભાઈની ૩૨

(૫) ,, ,, ,, ,, ભુદરદાસની ૩૦

(૬) ,, ,, ,, ,, ,, રઈદાસના વાંસજીની ૩૩

(૭) ,, ,, ,, ,, મુળજીની ૩૩

(૮) ,, ,, ,, ,, ગૌરીદાસની ૩૪

(૯) ,, ,, ,, ,, લાલદાસની ૩૪

(૧૦) ,, ,, ,, ,, ઘેારિદાસની ૩૫

(૧૧) ,, ,, ,, ,,

(૧૨) ,, છાભાઈના રાયના વીરજીના કુબેરભાઈના ભેચરભાઈની ૩૬

(૧૩) ,, પાંચાભાઈના સુરજીના જીવણદાસના સુંદરદાસની ૩૭

(૧૪) ,, ,, ,, ,, અંદરદાસની ૩૯

(૧૫) ,, ,, ,, ,, વણારસીની ૪૨

(૧૬) ,, ,, ,, ગંગાદાસના શેાભાણદાસની ૪૩

(૧૭) ,, ,, ,, રતનજીના શામળદાસની ૪૪

(૧૮) ,, ,, ,, ,, વેરીદાસની ૪૫

(૧૯) ,, ,, ,, ,, ભુખણદાસની ૪૬

(૨૦) ,, ,, ,, ,, સખીદાસની ૪૮

૨ અન્ય કુટુંબોની વંશાવળી

(૧) નડીઆદથી આવેલા કુટુંબની ૫૧

(૨) ધનજીભાઈના કુટુંબની ૫૩

(૩) ભીમભાઈના કુટુંબની ૫૬

(૪) રુડજી ખડકીના ૫૮

Copyrights © MEHUL PATEL © 2000-2050


લક્ષ્મીદાસ (પાન ૧ લું)
વસરામ
કલ્યાણજી
ગણેશજી (પાન ૭ મું)
પનજી (ચાલુ)
કેશવજી (ચાલુ)
હરીદાસ
વિઠ્ઠલદાસ
ગણેશજી
ગોકળદાસ
મુન્દાસ (પાન ૪ થું)
હરખજી
પાલજી
કેશુજી
નાથજી
ભવાનીદાસ
વાસણજીદાસ
જીવણજીદાસ
અંબાઈદાસ
ખીમજીદાસ
તરભદાસ
અંબાઈદાસ
વલ્લભદાસ
મીઠાભાઈ (મરિયું)
ગંગાભાઈ
પ્રસાભાઈ
કાન્દાસ (પાન ૩ જું)
લાલદાસ (પાન ૩ જું)
દયાળદાસ
દલાભાઈ
કાળીદાસ
ભુલાભાઈ
જેરામદાસ
જેસંગભાઈ


કાન્દાસ (પાન ૨ થી ચાલુ)
રઘનાથદાસ
સીધરદાસ (પાન ૩ જું)
સવદાસ
ગણેશજી
કેસુજી
ગલાભાઈ
કુબેરદાસ
ગોપાળદાસ
અજુભાઈ
જેસંગભાઈ
કુંવરભાઈ
રણછોડભાઈ
લલ્લુભાઈ
મણિભાઈ
ગોરધનદાસ
થંકરભાઈ
મોતીભાઈ
નારણદાસ
મંગળ
વાઘજી
લાલદાસ (પાન ૨ થી ચાલુ)
સીધરદાસ (પાન ૩ થી ચાલુ)
વાલાભાઈ
મખીદાસ
હરમાનભાઈ
ગીરધરદાસ
ગોવિંદભાઈ
નરોત્તમ
ધોરીભાઈ
પુંજાભાઈ
ખજાભાઈ
ભાઈજી
કિશોરદાસ
ગંગાદાસ
થંકરભાઈ
ધર્મદાસ
સવદાસ
ચતુરભાઈ
સોમાભાઈ
ધોરીભાઈ
લલ્લુભાઈ
વાઘજીભાઈ
ખેંગરભાઈ
ભગવાનભાઈ
નાથાભાઈ
સોમાભાઈ
હરમાનભાઈ
ધનાભાઈ


મુન્દાસ (પાન ૨ થી ચાલુ)
ગોપાળદાસ (પાન ૪ થી ચાલુ)
નરસિંહદાસ
નાનાભાઈ (અવિભક્ત)
અંબારામદાસ
અંબરદાસ
વેણીદાસ
રામજીદાસ
ગોપાળજી
ડુંગરભાઈ [પાન ૬ ઠું]
અજબજીભાઈ
પ્રભુદાસ
નરસિંહદાસ
મુળજી
નાથાભાઈ
જેસંગભાઈ
દાદાભાઈ
પુનજીભાઈ
રૂપનાથ
રૂપજી
ડાહ્યાદાસ
ગિરધરભાઈ
કિશોરદાસ
ખેમચરભાઈ
કાળીદાસ
રણજી
ભાણજી
શંકરભાઈ
લક્ષ્મીદાસ
જીવેરભાઈ
જીવાભાઈ
જીવાભાઈ
મોતીભાઈ
રમાનાથભાઈ
રણછોડભાઈ


ગોપાળદાસ (પાન ૪ થી ચાલુ)
ભાણજી
નારણદાસ
હાથીભાઈ
કલ્યાનદાસ
રામદાસ
વેણીદાસ
મુનજી
ખેચરદાસ
ગોકળદાસ
ખાતજીભાઈ
લાલદાસ
વાલાભાઈ
કેશવદાસ
રેવન્દાસ
ખેચરભાઈ
ખાકુજી
ખાપુજી


હરિભાઈ (પાન ૪ થી ચાલુ)
મગાભાઈ
ભગવાનદાસ
વાલાભાઈ
દલાભાઈ
ગરબડદાસ
ઘોરીભાઈ
નરોતમ
ચંદુદાસ
રણછોડ
દાજીભાઈ
નારણભાઈ
મથુરભાઈ
હરીભાઈ
કુબેરભાઈ
ઓકળભાઈ
ભુણાભાઈ
રામભાઈ
ઘોરિભાઈ
કરસનદાસ
ભવાનીદાસ
શંકરદાસ
રાવજી
ધીગન
કાન્તિ
ડાહ્યાભાઈ
ચંદુ
રમણ
હરમાનભાઈ
ઈશ્વરભાઈ
ભીખાભાઈ
મણિભાઈ
કાન્તિલાલ


કાકા
ગણેશજી [પાન ૨ થી ચાલું]
રતનજી
સુરજી
રુડજી
રૂપજી
[પાન ૧૨ મું]
ચઢિયુ.
મંગળદાસ
તરભદાસ
ગૌરીદાસ
વેરીદાસ
ઝવેરીદાસ
ત્રિકમદાસ
કરસનદાસ
ખોખાભાઈ
નરેરદાસ
વસનદાસ
[પાન ૮ મું] (પાન ૧૧મું)
ઓજર્સદાસ
દ્વારકાદાસ
મંજીદાસ
હીરજી
વસાભાઇ
શંકરભાઇ
ભગવાનદાસ
ત્રિકમદાસ
વા'લદાસ
ગુલાબદાસ
ખેરાભાઈ
કાશીભાઈ
ઈશ્વરદાસ
કુબેરદાસ
નરોત્તમ
સખીદાસ (પાન ૮ મું)
(પાન ૯મું)
કાળીદાસ
પ્રભુદાસ
જીજીભાઈ
વાયજી
નથુભાઈ
રેવન્દાસ
ઓત્તમદાસ
ગોપાળભાઈ
હરિભાઈ
ઘોરિભાઈ
શંકરભાઇ
ઉકાભાઈ
વેરીભાઇ
રામદાસ
ખોટાભાઇ
મનોરભાઈ-૦
પ્રાગદાસ-૦ મનુભાઈ


ભગવાનદાસ (પાન ૭ થી ચાલુ)
લાલદાસ
કેશવદાસ
હરિભાઈ
ઈશ્વરદાસ
દાદાભાઈ
પાંચાજી
નાથાભાઈ
જેઠાભાઈ
જ્વરદાસ
પુનમભાઈ
લલ્લુભાઈ
વાઘજી
ભુલાભાઈ
જીવાભાઈ
પરભુદાસ
પુરુષોત્તમ
હરમાનભાઈ
હરમાનભાઈ
મોતીભાઈ
વેરીદાસ (પાન ૭ થી ચાલુ)
કાનદાસ
રામદાસ
(પાન૧૦મું)
કરસનદાસ
નાગરીદાસ
વલ્લભદાસ
મોરારભાઈ
દયાળદાસ
કરસનજી
કિશોરભાઈ
માનદાસ
જીવાભાઈ
નરેશભાઈ


નરોત્તમ (પાન ૭ થી ચાલુ)
ગલાભાઇ
અનજીભાઈ
જેસંગભાઈ
જેઠાભાઈ
વેણિદાસ
રણછોડભાઈ
ખુશાલભાઈ
મથુરભાઈ
શંકરભાઈ
મરઘાભાઈ
હાથીભાઈ
ભાવાજી
પ્રભુદાસ
લલ્લુભાઈ
નારણભાઈ
ભાઈલાલ
મોતીભાઈ
શંકરભાઈ
ડાહ્યાભાઈ
છોટાભાઈ
અંબાલાલ
રમણ
ઈન્દુ
અરવિંદ
હરમાનભાઈ
જવરભાઈ
પુરુષોત્તમ
શનાભાઈ
માંડાભાઈ


રામદાસ
પાન ૮ થી ચાલુ
ધર્મદાસ
બાઈબાઈ
લક્ષ્મીદાસ
જીવાભાઈ
ભેચરભાઈ
નારણભાઈ
રાયજી
રઘુડો
ગોવિંદ
મનોરભાઈ
ગીરધરભાઈ
જીજીભાઈ
મિઠાભાઈ
હાથીભાઈ
હરિભાઈ
લલ્લુભાઈ
ભગવાનદાસ
પ્રભુદાસ
શંકરભાઈ
હરમાનભાઈ
ભેચરભાઈ
જીવાભાઈ
છોટાભાઈ
ડાહ્યાભાઈ
ભાઈલાલ
પુરુષોત્તમ
નટુ
રાવજી
રમણ
વિઠ્ઠલ
નાગરભાઈ
મંગળભાઈ
છોટાભાઈ
લલ્લુભાઈ
ભોડાભાઈ
હરમાનભાઈ
સોમાભાઈ
ડાહ્યાભાઈ
સોમાભાઈ
પુરુષોત્તમ


જીવરદાસ [પાન ૭ થી ચાલુ]
ઈશ્વરભાઈ
પુંજાભાઈ
ભાઈલાલ
જીવાભાઈ
+ ડુંગર
બાપુજી
રઘુનાથ
મકનદાસ
ડુંગરભાઈ
શંકરભાઈ
રામજીદાસ
ધુજાભાઈ
મુળજી
રણછોડભાઈ
કાળીદાસ
પ્રભુદાસ
જેઠાભાઈ
મંગળભાઈ
ગોકળભાઈ
સોમાભાઈ
ધર્મદાસ
શનાભાઈ
ચિમન
પુનમભાઈ
દેસાઈભાઈ
શિવાભાઈ
વેણીભાઈ
મંગળભાઈ
હરમાનભાઈ
મોતીભાઈ
જશાભાઈ
ઈશ્વરભાઈ
છોટાભાઈ
રાવજી
મણિભાઈ
ડાહ્યાભાઈ
રમણ
પુરુષોત્તમ
મનુ
ભાઈલાલ
બચુભાઈ
ભેચરભાઈ
મુળજી
નેરાભાઈ
લક્ષ્મીદાસ
રણછોડભાઈ
લખાભાઈ
મથુરભાઈ
રાવજીભાઈ
ગોકળભાઈ
મંગળભાઈ
ડાહ્યાભાઈ
મંજુ
સોમાભાઈ
મણીભાઈ

રૂપજી (પાન ૭ થી ચાલુ) × વાંસજી

જીવણદાસ

ખુશાલભાઈ વાઘજી

વિઠ્ઠલદાસ શામળદાસ થોભણદાસ ભૂખણદાસ સોજરદાસ

(પાન ૧૩ મું) (પાન ૧૫ મું) ઘોરીભાઈ આશાભાઈ

દયાળદાસ

પ્રભુદાસ નાદવદાસ ગિરધરભાઈ

ગોવિંદ

ભીખાભાઈ ઝોટાભાઈ મંગળભાઈ શિવાભાઈ રાયજીભાઈ

ભુધાભાઈ જગાભાઈ

રઘનાથ ત્રિકમદાસ સીધરદાસ જેરાભાઈ

ભગવાનદાસ × વાંસજી દ્વારકાદાસ હીરજી ગોપાલદાસ

લલ્લુભાઈ

મંગળભાઈ જીવાભાઈ હરમાનભાઈ હરિભાઈ નાગરભાઈ જવેરભાઈ પ્રભુદાસ

ખીમરભાઈ મીઠાભાઈ મથુરભાઈ જેઠાભાઈ નારણભાઈ હરમાનભાઈ નાચાભાઈ

(પાન ૧૩ મું)

રાનાભાઈ

રણછોડભાઈ રાનાભાઈ ગોરધન રમણ

ઝોટાભાઈ

ખીમરભાઈ (પાન ૧૨ થી ચાલુ)

સોમાભાઈ શિવાભાઈ મોતીભાઈ જવેરભાઈ

કાળાભાઈ વિઠ્ઠલ પુરુષોત્તમ પાંચુ

થોભણદાસ (પાન ૧૨ થી ચાલુ)

નારણજી મનોરભાઈ શંભુદાસ ભગવાનદાસ

કુબેરદાસ કાળીદાસ રાયજી જીજીભાઈ કરસનદાસ વસનદાસ લાલદાસ પુંજાભાઈ માધવદાસ કિશોરદાસ

રણછોડભાઈ (પાન ૧૪ મું)

ભુરજી કાશીભાઈ જોઈતારામ નાથાભાઈ શંકરભાઈ રામદાસ જેસંગભાઈ રણછોડભાઈ

તીકાભાઈ દાજીભાઈ આજીભાઈ આશાભાઈ

અજુભાઈ કાળીદાસ ખેચરભાઈ પ્રભુદાસ ભાર્યજી વાઘજી દેસાઈભાઈ લલ્લુભાઈ અરજીભાઈ

(પાન ૧૪ મું)

ભીખાભાઈ

તળશીદાસ ખેમરભાઈ પોરિભાઈ નરસિંહ મથુરભાઈ હરિભાઈ શંકરભાઈ

આશાભાઈ

ડાયરભાઈ-૦


અમ્બુભાઈ (પાન ૧૩ થી ચાલુ)
ગોરધનભાઈ
શંકરભાઈ
હરિભાઈ
માધવદાસ
સોમાભાઈ
મથુરભાઈ
ડાહ્યાભાઈ
પુંજાભાઈ
રણછોડભાઈ
ઈસાઈ
આદિત્યભાઈ
ડાહ્યાભાઈ
કાશ્મીરભાઈ
મણિભાઈ
મંગળ
શિવાભાઈ
રમણ
+ વિક્રમભાઈ
નાગરદાસ
ગોપાળદાસ
હરમાનભાઈ
ગિરધરભાઈ
સોમાભાઈ
ગોકળભાઈ
શિવાભાઈ
છોટાભાઈ
મગન
બાબુલાલ
અંબુ
જશાભાઈ
ભોગાભાઈ
રાવજી
કરમનદાસ (પાન ૧૩ થી ચાલુ)
ગલાભાઈ
નથુભાઈ
નાનાભાઈ
ખુશાલભાઈ
હરમાનભાઈ-૦
ગણેશલાલ
વિક્રમભાઈ
મકનદાસ
હરિભાઈ-૦
નારણભાઈ
ભોગરભાઈ
કાળીદાસ-* કાશીભાઈ-૦
* નાનાભાઈ
રણછોડભાઈ
ગોવિન્દભાઈ
હરમાનભાઈ
શંકરભાઈ
ફુલાભાઈ
શિવાભાઈ
લક્ષ્મીદાસ
ચુનાભાઈ
બાબુલાલ
અંબુ
મણિભાઈ
રાવજી
પૂનમ
જશાભાઈ


શોભદાસ (પાન ૧૨ થી ચાલુ)
(થડિયું)
ધર્મદાસ
રાઘજી
ભાણજી (પાન ૧૭ મું)
રાયદાસ (પાન ૧૬ મું)
પૂજાભાઈ
પ્રેમચંદાસ (પાન ૧૭ મું)
બાપુજી
ડુંગરભાઈ
મકનદાસ
ગોપાળદાસ (પાન ૧૬ મું)
ભોગરભાઈ
કેશવદાસ
સખીદાસ
પ્રાગદાસ
દલાભાઈ
કલ્યાણભાઈ
વિક્રમભાઈ
વેણીભાઈ
લાધીબાઈ
અજ્જનુભાઈ
વિક્રમભાઈ
ગોવિંદભાઈ
ડુંગર
* સખીદાસ
હરમાનભાઈ
જીવણભાઈ
લક્ષ્મીદાસ
ડાહ્યાભાઈ
મંગળભાઈ
ધોરિભાઈ
નારણદાસ
મથુરભાઈ
નાગરદાસ
ભોગાભાઈ
ચતુરભાઈ
આદિતભાઈ
શિવાભાઈ
સંતાભાઈ
પુરુષોત્તમ
સોમાભાઈ
નારણભાઈ
ઉમેદભાઈ
ડાહ્યાભાઈ
પ્રેમચંદ
મંગળ
રાવજી
નટુ
જશાભાઈ




કાકા
કેશવજી (પાન ૨થી ચાલું)
વેણીદાસ
જીજીભાઈ
સુંદરદાસ
વીરજી
મંગળભાઈ
ભૂલજી
દાજીભાઈ
રતનજી
વાસણજી વાણુારસી (પાન ૧૯ મું)
શંકરભાઈ
રણછોડભાઈ (પાન ૨૧ મું)
ગૌરીદાસ
ભગવાનદાસ
ભુગાભુદાસ મોભાભુદાસ ભગવાનદાસ ભક્તિદાસ કુબેરદાસ નરોત્તમદાસ દલાભાઈ નથુભાઈ
નથુભાઈ
ગોવિંદભાઈ દલાભાઈ રાઘજી ભૂલજી રાઘવદાસ જેસંગભાઈ નરસિંહભાઈ મોચરભાઈ
પ્રભુદાસ
રાઘજી
ગોકળભાઈ ધનજી
બાજીભાઈ પ્રભુદાસ કરસનદાસ
જવરભાઈ મોતીભાઈ પુરુષોત્તમ
ગોકળભાઈ મણિભાઈ
કાન્તિ


વાણુારસી (પાન ૧૮ થી ચાલું)
(ચાલ્યું)
નારણભાઈ નરેરભાઈ મનોરભાઈ પ્રભુદાસ કરસનદાસ વસનદાસ ઈચ્છાદાસ
મુળજી
દયાળદાસ લાલદાસ મોચરભાઈ ધર્મદાસ કુબેરદાસ રુગ્મનાથ ગોરિદાસ
(પાન ૨૦ મું)
ગલાભાઈ
જીભાઈ અજુભાઈ
ગોપાળદાસ કાશીદાસ બાપુજી મોત્તમદાસ મકનદાસ મથુરભાઈ વ્રજભાઈ લક્ષ્મીદાસ શંકરભાઈ
કિશોરદાસ
નાથાભાઈ
હરિભાઈ મંગળભાઈ હરિભાઈ વા'લાભાઈ રામદાસ
તળશીભાઈ
ગોવિંદભાઈ લલ્લુભાઈ
આશાભાઈ શંકરભાઈ ખુશાલભાઈ નારણભાઈ મોચરભાઈ પ્રભુદાસ
રણછોડભાઈ
રાવજી ગોરધન ડાહ્યાભાઈ રમણ





Copyright © MEHUL PATEL © 2000-2059



© MEHUL PATEL 2000-2050





Copyright © MEHUL PATEL © 2000-2050


ગોવરભાઇ (પાન ૨૫ થી ચાલુ)
શામળભાઇ શંભુદાસ સખીદાસ મંગળદાસ
શંકરભાઇ હરિભાઇ
ગોતમદાસ સનાભાઇ
ગિરધર
હરમાનભાઇ મંગળભાઇ
ગોરધન
શિવાભાઇ ડાહ્યાભાઇ
ગોવરભાઇ ભાણજી
ભાણજી ગોકળભાઇ મદીજી ભાઇજી
શિવાભાઇ ગોરધનભાઇ
રાવજી અબુ
મણિભાઇ રેવાદાસ પુરુષોત્તમ સોમાભાઇ ડાહ્યાભાઇ
[પાન ૨૫ થી ચાલુ] દજી નાથ
જેઠાભાઇ લાલદાસ કલ્યાણજી
અમથાભાઇ
નાગરભાઇ મયુરભાઇ
શિવાભાઇ મણિભાઇ રાવજી ગોરધન
મોતીભાઇ શંકરભાઇ સોમાભાઇ
જયભાઇ

ગોવરભાઇ ભાણજી
ગોવરભાઇ મોતીભાઇ
સોમાભાઇ
ડાહ્યાભાઇ ઇશ્વરભાઇ અંબાલાલ
મંગળભાઇ લલ્લુભાઇ ભાઈલાલભાઇ
શંકરભાઇ જીવાભાઇ
શંભુભાઇ
ડાહ્યાભાઇ ગોવાભાઇ ઝીણાભાઇ
અંબાલાલ જયાબાઇ નન્દુ


* આ પુરુષ મરાઠા હરકરની ટુકડીના સેનાનાયક હતા. એમની હાકથી શત્રુ મુસલમાનો ધ્રુજતા ત્રાસતા.
(ચડિયું) ચિતુલદાસ (પાન ૨૩ થી ચાલુ)
જયેરીદાસ દલાભાઇ ભુદરદાસ ભગવાનદાસ લાલદાસ
(પાન ૩૨ મું) (પાન ૩૦ મું) પાન ૨૬મું
ધર્મદાસ શવદાસ અજુદાસ કુબેરદાસ કેશવદાસ ગોરાભાઇ બાપુજી
(પાન ૨૮ મું) (પાન ૨૮ મું) (પાન ૨૮ મું)
ગોકાભાઇ બાપુજી
બાપુજી જીવાભાઇ હીરજી
ઓધાડાભાઇ
રાઘજી ચુડાળદાસ સખીદાસ
નારણદાસ ભાર્યજી પ્રાગજી
હરિભાઇ ગોકાભાઇ જીવાભાઇ કાજીભાઇ
દાદાભાઇ દ્વારકાદાસ જીજીભાઇ હિરોદાસ
ગોવરભાઇ ગોરધનભાઇ
કાશીદાસ ગોવરભાઇ વલ્લભભાઇ
પ્રભુદાસ
રેવન્દાસ ખુશાલદાસ
હરમાનભાઇ મણિભાઇ
ગોવરભાઇ રાજાભાઇ નારણભાઇ
રેસાઇ ખુશાભાઇ
આશાભાઇ મગનભાઇ



રવિનકુમાર
જીતેશકુમાર
જરાલાઈ શંકરભાઈ મકનદાસ રઘાભાઈ કુબેરદાસ



રવિનકુમાર
જીતેશકુમાર
જરાલાઈ શંકરભાઈ મકનદાસ રઘાભાઈ કુબેરદાસ ઝવેરદાસ મુંબઈ

વિઠ્ઠલદાસ નરસિંહદાસ ગોધજી કીરજી

Copyright © MEHUL PATEL © 2000-2050











COPYRIGHT © MEHTA PARIVAR 2000-2050





COPYRIGHT © MEHUL PATEL © 2009-2050







Copyright © MEHUL PATEL @ 2000-2050





Copyrights @ MEHUL PATEL @ 2000-2050





Copyrights © MEHUL PATEL © 2000-2050




જીવાભાઈ (પાન ૪૬થી ચાલુ)
બાપુજી (પાન ૪૬થી ચાલુ)
ઘાભાઈ
ખોજાદાસ
હસનદાસ
મકનદાસ
જગેરદાસ
વાઘજીભાઈ
શંકરભાઈ
હરમાનભાઈ
ડાહ્યાભાઈ
મુળજી
જશાભાઈ
શીવાભાઈ
પુરુષોતમ
શનાભાઈ
મંગળભાઈ
મોતીભાઈ
જશાભાઈ
જયંતિ
હરમાનભાઈ
ઈશ્વરભાઈ
પુરુષોતમ
નારણભાઈ
ગોરધન
ચતુરભાઈ
મણિભાઈ
મગનભાઈ
રાવજી
રમેશ
માધવદાસ (પાન ૪૬થી ચાલુ)
મફતિયાજી
મદિજીભાઈ
ઝાપાભાઈ
ઝીણાભાઈ
ડાહ્યાભાઈ
આશાભાઈ
ચુનારદાસ
મનોરભાઈ
શ્રીધરભાઈ
મંગળભાઈ
રમણભાઈ
વ્રજજી
નરોતમ
મોહનભાઈ
શંકરદાસ
લક્ષ્મણભાઈ
રામભાઈ
ગિરિધરભાઈ





Copyright © MEHUL PATEL © 2000-2050

કુટુંબનું વૃક્ષ

મહેતા પ્રભાશંકર ત્રિકમજી



© MEHUL PATEL © 2000-2050



Thank You,

-MEHUL PATEL

© GujaratiKanudo@GMail.com ®

© http://www.Facebook.com/Narsanda ®